પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૩-૧૧-૨૦૨૫, સોમવાર
વર્ષ: ૧૪, અંક: ૨૦૧

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
15 સફળતાના ૧૪ વર્ષ પૂરા કરી ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia



# ધર્મેન્દ્રઃ પરદા પરનો પંજાબી પુત્ર અને ચાહકોના દિલનો “ધરમ”

## બોલીવુડનો આ કલાકાર એટલે પ્રેમ અને જીવનના રંગોની અનફર્ગેટેબલ સફર : શોલેના વીરુએ ડ્રીમ ગર્લ હેમામાલિની સાથે ૩૦થી વધુ ફિલ્મો કરી, જે બોલીવુડની સુપર જોડી ગણાય છેઃ ૧૯૬૦ માં “દિલ ભી તેરા હમ ભી તેરે” ફિલ્મથી અભિનય યાત્રા શરૂ કરી હતીઃ રાજસ્થાનના બિકાનેર બેઠક પરથી ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી સંસદ સભ્ય પણ રહી ચૂક્યા હતા

બોલીવુડમાં ધરમ હેમાની જોડીને આજે પણ લોકો યાદ કરે છે. પોતાના ડાયલોગ અને ફાઈટિંગ માટે જાણીતા એવા બોલીવુડના હીમેન અને રૂપકડા કલાકાર ધર્મેન્દ્રની નાદુરસ્ત તબિયતના કારણે બોમ્બેની હોસ્પિટલમાં બે દિવસ એડમિટ કરવામાં આવ્યા હતા, જોકે આ રૂટિન ચેકઅપ હતું, તેની તબિયતની કોઈ ચિંતા નથી. બોલીવુડમાં ૩૦૦ થી વધુ સફળ ફિલ્મમાં અભિનય આપનાર ધર્મેન્દ્ર આજે ૯૦ વર્ષે પણ તેના ચાહકોના દિલમાં રાજ કરી રહ્યા છે. પડદા પરના પંજાબી પુત્ર આજે ચાહકોના દિલનો ધરમ છે. બોલીવુડની તેની સફળ યાત્રા એટલે પ્રેમ અને જીવનના રંગોની અનફર્ગેટેબલ સફર, તેમની સૌથી વધુ સફળ ફિલ્મમાં શોલે ના વીરૂનું પાત્ર આજે પણ લોકોના દિલમાં છે. ધર્મેન્દ્રનું પૂરું નામ ધરમસિંહ દેઓલ છે, તેમનો જન્મ ૮ ડિસેમ્બર ૧૯૩૫ ના રોજ થયો હતો. બોલીવુડમાં તેનું ઉપનામ હીમેન કે ગરમ ગરમ બોલાય છે. તેઓ બોલિવૂડના અભિનેતા, નિર્માતા અને રાજકારણી તરીકે પણ જાણીતા છે. છ દાયકાની લાંબી ફિલ્મી યાત્રા માં અસંખ્ય બોક્સ ઓફિસ પરની ફિલ્મ કરી હતી. તેમની ફિલ્મી કેરિયર ની શરૂઆત ૧૯૬૦માં આવેલી ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે' થી કરી હતી. તેની સૌથી વધુ સફળ ફિલ્મ શોલે રહી હતી, આ ફિલ્મે સમગ્ર ભારત જ નહીં વિશ્વભરમાં ચાહના મેળવી હતી. તેમને ૧૯૯૭માં ફિલ્મફેર આજીવન સિદ્ધિ પુરસ્કાર તેના હિન્દી સિનેમા જગતના યોગદાન બદલ આપવામાં આવ્યો હતો. બાદમાં ૨૦૧૨માં ભારત સરકાર તરફથી ત્રીજો સર્વોચ્ચ





નાગરિક પુરસ્કાર પદ્મભૂષણ એનાયત કરવામાં આવ્યો હતો.

ધર્મેન્દ્રની સફળ ફિલ્મોમાં શોલે, સિતા ઓર ગીતા, યાદો કિ બારાત, ચુપકે ચુપકે, ફુલ ઓર પથ્થર, સત્યકામ, હકીકત, કાજલ જેવી અનેક ફિલ્મોની ગણના થાય છે. આ મહાન કલાકારે બે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને બે ફિલ્મફેર એવોર્ડ પણ જીત્યા હતા. ૧૯૭૩ માં આઠ ફિલ્મ અને ૧૯૮૭માં એક જ વર્ષમાં સાત સફળ ફિલ્મો કરીને બોલીવુડનો અતૂટ રેકોર્ડ બનાવ્યો હતો. 'શોલે'માં શરૂઆતમાં તેઓ 'ઠાકુર બલદેવ સિંહ'નું પાત્ર ભજવવા માંગતા હતા, પરંતુ જ્યારે તેમને કહેવામાં આવ્યું કે જો તેઓ ઠાકુર બનશે તો સંજીવ કુમાર 'વીરુ'નું પાત્ર ભજવશે અને હેમા માલિની (જે 'બંસતી' બનવાની હતી) તેમને જયા ભાદુરીનું પાત્ર મળશે, અંતે ત્યારે તેમણે 'વીરુ'નું પાત્ર સ્વીકાર્યું હતું. તેમણે અભિનેત્રી હેમા માલિની સાથે લગ્ન કરવા માટે ગુપ્ત રીતે ઈસ્લામ ધર્મ અપનાવ્યો અને પોતાનું નામ દિલાવર ખાન રાખ્યું હતું, તેવા સમાચાર એ જમાનામાં બહુ ચાલ્યા હતા, કારણ કે તેઓ પહેલાથી જ પ્રકાશ કૌર સાથે પરિણીત હતા. પ્રથમ પત્ની પ્રકાશ કૌર સાથે ૧૯૫૪માં લગ્ન થયા હતા, તેમને સંતાનોમાં સની દેઓલ, બોબી દેઓલ જે આજે બોલિવૂડમાં જાણીતા કલાકારો છે, અને બે પુત્રીઓમાં અજીતા અને વિજેતા હતી. બીજી પત્ની હેમામાલીની સાથે ૧૯૮૦ માં લગ્ન કર્યા હતા જેના સંતાનોમાં ઈશા દેઓલ અને આહના દેઓલ જે આજે બોલિવૂડમાં જાણીતી અભિનેત્રી છે.તેઓ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે રાજસ્થાનની બિકાનેર બેઠક પરથી ૧૪મી લોકસભા (૨૦૦૪-૨૦૦૯)ના સભ્ય રહી ચૂક્યા છે.

ધર્મેન્દ્ર હજુ પણ બોલિવૂડમાં સક્રિય છે, અને સમયાંતરે ફિલ્મોમાં ટીવી શો અને સોશિયલ મીડિયામાં જોવા મળે છે. ધર્મેન્દ્ર આજે ૯૦ વર્ષે પણ તંદુરસ્ત જોવા મળી રહ્યા છે. ધર્મેન્દ્ર એક એવો સ્ટાર છે, જેણે સ્ટ્રગલથી સુપરસ્ટારડમ સુધીની સફર ખેડી છે. ધર્મેન્દ્રએ તેમના લાંબા ફિલ્મી કરિયરમાં ૩૦૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે, અને તેથી તેમણે ઘણી બધી અભિનેત્રીઓ સાથે જોડી બનાવી છે. તેમની કારકિર્દીમાં ઘણી પેઢીની અભિનેત્રીઓ સાથે કામ કર્યું છે. અત્યાર સુધીમાં ધર્મેન્દ્રએ જે મુખ્ય અભિનેત્રીઓ સાથે સૌથી વધુ અને નોંધપાત્ર ફિલ્મો કરી છે, તેમાં હેમામાલીની સાથે ૩૦ ફિલ્મ, શર્મિલા ટાગોર સાથે આઠ ફિલ્મ, આશા પારેખ સાથે ૧૦ ફિલ્મ, મીનાકુમારી સાથે સાત ફિલ્મ, રાખી ગુલઝાર સાથે સાત ફિલ્મ, રેખા સાથે ૧૦ ફિલ્મો કરી હતી. તેમણે તેમની ફિલ્મ કારકિર્દીમાં જાણીતી અભિનેત્રી નૂતન, સાયરાબાનુ, તનુજા, ઝીનત અમાન, મુમતાઝ, રાજશ્રી, જયા પ્રદા, ડિમ્પલ કાપડિયા, શબાના આઝમી જેવી અનેક અભિનેત્રીઓ સાથે પણ સફળતાપૂર્વક કામ કર્યું છે,

તેમની કેટલીક મુખ્ય ફિલ્મોમાં શોલે, ફૂલ ઔર પથ્થર, મેરા ગાંવ મેરા દેશનો પણ સમાવેશ થાય છે. હાલ બોલીવુડના સફળ અભિનેતા મુંબઈ શહેર થી દૂર પોતાના ફાર્મ હાઉસમાં કુદરતી વાતાવરણમાં તેમનું નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. પુત્રો પુત્રીઓ અને પરિવારજનો અવાર નવાર તેમને મળવા આવે છે. સોશિયલ મીડિયામાં પણ તે અવારનવાર ચમકી રહ્યા છે. આજે પણ તેમના ચાહકોને દિલથી આવકારી અને મુલાકાત આપે છે.

### આ છે તેમની સફળ ફિલ્મો

ધર્મેન્દ્રની સફળ ફિલ્મોમાં ફુલ ઓર પથ્થર, આંખે, શોલે, સીતા ઓર ગીતા, મેરા ગાંવ મેરા દેશ, કાજલ, હકીકત, આયા સાવન ઝૂમકે, યાદો કિ બારાત, જીવન મૃત્યુ, નયા જમાના, ચુપકે ચુપકે, અનપઢ, હુકુમત, ધરમવીર, જુગનું, બંદિની, રાજા જાની, ધ બર્નિંગ ટ્રેન અને વિદેશી કલાકારો સાથેની શાલીમાર જેવી અનેક ફિલ્મો છે.

### ૧૯૫૮માં ફિલ્મફેરના ટેલેન્ટ હન્ટમાં વિજેતા બન્યા બાદ સિતારો ચમક્યો

ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ ૧૯૫૮ માં ફિલ્મફેરના ટેલેન્ટ હન્ટમાં વિજેતા બન્યા પછી તેમની ફિલ્મી કેરિયરની શરૂઆત થઈ હતી, જેણે તેમને બોલિવૂડમાં પ્રવેશ અપાવ્યો હતો.

તેમની ડેબ્યૂ ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે' હતી. ૧૯૬૯ માં આવેલી ફિલ્મ 'સત્યકામ' માં આદર્શવાદી વ્યક્તિ તરીકેની તેમની ભૂમિકાને વ્યાપક પ્રશંસા મળી હતી, જે તેમની કારકિર્દીનો એક મહત્વપૂર્ણ વળાંક ગણાય છે.

### “નોલેજનો ખજાનો” અબતકના યંગમેન અરૂણ દવેનો આજે જન્મદિવસ

૧૯૭૮માં બાળકોના સર્વાંગી વિકાસની સંસ્થા ચિલ્ડ્રન કલબ શરૂ કરીને આજે છેલ્લા સાડા ચાર દાયકાથી વિવિધ સેવાકીય ક્ષેત્રે વિશિષ્ટ સેવા કાર્ય કરનાર વન મેન આર્મી સમા અરુણ દવેનો આજે જન્મદિવસ છે. તેઓ આજે ૬૬માં વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. બાળ પ્રવૃત્તિથી બ્લડ બેન્ક અને બાદમાં કેન્સર જાગૃતિ અભિયાન ચલાવીને ૧૯૮૬ માં લાઈલાજ એઈડ્સ સામે જનજાગૃતિ અભિયાન શરૂ કરીને દેશમાં પ્રથમવાર તેની સંસ્થા એઈડ્સ કલબની સ્થાપના કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય ફલક પર તેમના એઈડ્સ જાગૃતિના રેકોર્ડ બ્રેક કાર્યક્રમની વૈશ્વિક લેવલે નોંધ લેવાઈ હતી. અરુણ દવેએ એઈડ્સ વિષયક મેગેઝીન પણ શરૂ કરેલ હતું. દુનિયાની સૌથી મોટી છાત્રો દ્વારા નિર્માણ થયેલ રેડ રિબનનો રેકોર્ડ પણ કર્યો હતો. વિશ્વમાં પ્રથમવાર હેલ્પલાઈન શરૂ કરનાર અરુણ દવે પ્રથમ ગુજરાતી છે. શિક્ષણ ક્ષેત્રે ચાર દાયકા ના અનુભવ સાથે બાળકોના સર્વાંગી વિકાસમાં ચાઈલ્ડ સાયકોલોજીની સેવા આપી રહ્યા છે. શાળા કોલેજના યુવા મિત્રોને મૂંઝવતા પ્રશ્નો અને માર્ગદર્શનના સેવા પ્રોજેક્ટ ચલાવનાર દવેની યુવા પ્રવૃત્તિ ખૂબ જ સરાહનીય છે. જન્મદિવસે વૈશ્વિક અને એઈડ્સ સંદર્ભેના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર કચ્છના યુવા ધનના માર્ગદર્શક તરીકે અરુણ દવે સેવાકાર્ય કરી રહ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, યુ એન એઈડ્સ, ઈન્ટરનેશનલ એઈડ્સ સોસાયટી જેવી વૈશ્વિક સંસ્થાઓએ પણ અરુણ દવેના કાર્યક્રમની સરાહના કરેલ છે. શિક્ષકની નિવૃત્તિ બાદ અબતક દૈનિકમાં સિનિયર રિપોર્ટર અને ટીવી ચેનલમાં કાર્યક્રમ સંચાલક તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ લોકોને જ્ઞાન મળે તેવી પોતાની નોલેજ કોર્નર કોલમ ચલાવી રહ્યા છે, જેનો યુવાવર્ગ મોટો ચાહક છે. આજે તેમના જન્મદિવસે શિક્ષણ સમાજ, બ્રહ્મ સમાજ, અખબારી જગત, મેડિકલ જગત, સામાજિક સંસ્થાઓ યુવા સંસ્થા તથા તેમના વિશાળ મિત્ર વર્તુળ તરફથી તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૦ ૭૮૦૦૦ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે. તેમની સૌથી શ્રેષ્ટ કામગીરીમાં એઈડસ જનજાગૃતિ માટે રેડલાઈટ એરિયામાં તેમણે કરેલી કામગીરીને ઉત્તમ ગણવામાં આવે છે. એઈડ્સ રોગના ડરને કારણે ઘણા યુવાનોને માનસિક સધિયારો આપ્યો છે.



**બોલીવુડમાં હિમેન તરીકેની છાપ ધરાવતા આ કલાકારે ૩૦૦થી વધુ સફળ ફિલ્મોમાં અભિનય આપ્યો છેઃ ૧૯૭૩માં આઠ ફિલ્મો અને ૧૯૮૭માં તેમણે એક જ વર્ષમાં સાત સફળ ફિલ્મો કરીને બોલીવુડનો અતૂટ રેકોર્ડ બનાવ્યો હતોઃ ૨૦૧૨માં તેને પદ્મભૂષણ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા**

# અમૃત સિધ્ધિ યોગ સાથે કાલે વૈકુંઠ ચતુર્દશી કાલે

**અબતક, રાજકોટ**

કારતક સુદ ચૌદશને મંગળવારના દિવસે વૈકુંઠ ચતુર્દશી છે. આ દિવસે અમૃતસિધ્ધિ યોગ બપોરે ૨.૩૫ થી આખો દિવસ રાત્રી છે.

આ દિવસે ભગવાન વિષ્ણુ વૈકુંઠમાંથી કાશીમાં શંકર ભગવાનની પુજા કરવા જાય છે. પુજામાં સાથે એક હજાર કમળ પુષ્પ સાથે લઈને જાય છે. પરંતુ પુજા કરતી વખતે તેમાં એક કમળ ઘટે છે. ૯૯૯ કમળ હોય છે. વિષ્ણુ ભગવાન વિચારે છે. મે કમળ બરાબર ગણ્યા હતા. પરંતુ એક કમળ પુષ્પ ઘટે કઈ રીતના અત્યારે તો ૯૯૯ જ કમળ પુષ્પ છે. હવે પુજા કરતી વખતે ઉઠાઈ નહિ નહિ તો વ્રત નો ભંગ થાય આથી શું કરવું ત્યારબાદ વિષ્ણુ ભગવાન નકકી કરે છે. પોતાની આંખ પણ કમળ પુષ્પ સમાન છે તેને નેત્ર કમળ કહેવાય છે.

આથી વિષ્ણુ ભગવાન પોતાની એક આંખ કાઢવા તૈયાર થાય છે. ત્યારે ચમત્કાર થાય છે ગુમ થયેલ કમળ પુષ્પ પોતાના છે. ખોળામાં જીવે છે. તેની સાથે જ ભગવાન મહાદેવજી વિષ્ણુ ભગવાનનો હાથ પકડે છે. અને કહે છે તમારી પુજાથી હું પ્રસન્ન થયો છું અને આજથી ત્રિલોકનું રાજય હું તમને સોંપુ છું અને સાથે રાક્ષસોને મારવા માટે સુદર્શન ચક્ર પણ આપું છું.

ત્યારબાદ વિષ્ણુ ભગવાન મહાદેવજીને નમન કરે છે અને આ દિવસ વૈકુંઠ ચતુર્દશીના નામથી પ્રખ્યાત થાય છે.

પુજા વિધીઃ સવારના વહેલા ઉઠવું

સ્નાન કરવાના જળમાં ગંગાજળ પધરાવી સ્નાન કરવું આ દિવસે ભગવાન વિષ્ણુ અને ભગવાન મહાદેવજી બન્નેનું પુજન કરવું.

કેળા તથા ખીર ધરવી પુજામાં શકય હોય તો મહાદેવજીને કમળ પુષ્પ ચડાવું વિષ્ણુ ભગવાનને તુલસી ચડાવા આ દિવસે ભગવાનને દિપ દાન કરવું આમ વ્રત કરવાથી આર્થીક વૃધ્ધિ થાય છે. સાંસ્કારીક સુખની પ્રાપ્તી થાય છે

**શાસ્ત્રી રાજદીપ જોષી - (વૈદાંત રત્ન)**

# બીએપીએસ સ્વામીનારાયણ મંદિરે હાટડીના દર્શન કરી ધન્યતા અનુભવતા હરિભક્તો

**અબતક, રાજકોટ**

કારતક સુદ એકાદશીને દેવપ્રબોધિની એકાદશી કહે છે. આ દિવસે ક્ષીરસાગરમાં પોઢેલા ભગવાન જાગે છે. બલીના દરબારમાં ગયેલા ભગવાન પુનઃ સ્વસ્થાને પધારે છે. ચાર માસ દરમ્યાન ભક્તોએ જે જે તપ કર્યાં, ભગવાનનો વિયોગ વેઠ્યો તેથી પ્રભુ અંતરમાં જાગ્રત થયા, આમ પ્રબોધિની એકાદશીને દેવઊઠી એકાદશી પણ કહેવામાં આવે છે.

આ દિવસે ઠાકોરજી આગળ નવા શિયાળુ શાકભાજીની સુશોભિત હાટડી ભરવામાં આવે છે.



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે ભગવાન સમક્ષ ફળો અને શાકભાજીનો સુંદર હાટ રચવામાં આવ્યો હતો.

જેમાં અલગ અલગ ૭૫પ્રકારનાં શાકભાજી અને૪૫ પ્રકારનાં ફળોનો હાટ રચવામાં આવ્યો હતો જેમાં શાકભાજી અને ફળોના નૈસર્ગિક ગુણધર્મો અને તેના ફાયદાઓ કેવા છે તે પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

ભાવિક ભકતો અને રાજકોટની આમ જનતાએ ભગવાન સમક્ષ રચવામાં આવેલી હાટડીના દર્શનનો લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.આ દિવસે ચાતુર્માસ પણ પૂર્ણ થતો હોવાથી સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભકતોએ નિર્જલ ઉપવાસ કરીને ભગવાન અને સંતને પોતાનું ભક્તિ અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૩-૧૧-૨૦૨૫ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (હું અને તું)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કારિઆ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુક્ક્ભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૪-૧૧-૨૦૨૫ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

### અબતક પંચાગ

**તા.૪-૧૧-૨૦૨૫ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** કારતક શુદ ચૌદશ વૈકુઠ ચર્તુદશી
**નક્ષત્ર** રેવતી
**યોગ** વ્રજ **કરણઃ** ગર
**સુર્યોદય** ૬.૫૩ **સુર્યાસ્તઃ** ૬.૦૮
**ચંદ્ર રાશી** મીન બપોરે ૧૨.૩૫થી મેષ
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ/અ.લ.ઈ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૮ થી ૧૨.૫૩

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

# અમદાવાદમાં સંગાથ ગ્રુપ દ્વારા જૈન યુવાનો માટે પરિચય મેળોઃ ચારેય ફિરકાઓના દીકરા-દીકરીઓને એક મંચ પર લાવવા અનોખો પ્રયાસ

## દાદી ડાઈનિંગ હોલ, આશ્રમ રોડ ખાતે રવિવારે આયોજન : સંગીત, જ્યોતિષ માર્ગદર્શન અને હાસ્ય દરબાર સાથે વિશિષ્ટ કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં સંગાથ ગ્રુપ દ્વારા , ૯ નવેમ્બર રવિવાર ના રોજ ભવ્ય જૈન પરિચય મેળો યોજાનાર છે. દાદી ડાઈનિંગ હોલ, આશ્રમ રોડ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં ચારેય ફિરકાઓના જૈન દીકરા-દીકરીઓને એક જ મંચ પર ભેગા કરી યોગ્ય જીવનસાથીની પસંદગી માટે તક આપવામાં આવશે.

આ આયોજનનો હેતુ એ છે કે આજના વેસ્ટર્ન કલ્ચરના યુગમાં માતા-પિતાને પોતાના સંતાનો માટે સંસ્કારી અને ધાર્મિક જીવનસાથી મળવાની ચિંતા દૂર કરવી. અનેક વખત વિચારોમાં ભિન્નતા કે નખરાના કારણે સંતાનોની ઉંમર વધી જાય છે છતાં યોગ્ય મેળાપ થતો નથી, તેવા સમયે સંગાથ ગ્રુપે સમાજ માટે આ ઉત્તમ પ્રયાસ હાથ ધર્યો છે.કાર્યક્રમમાં સંગીત, જ્યોતિષ માર્ગદર્શન, હાસ્ય દરબાર અને આધ્યાત્મિક પ્રેરણાસભા સાથે તમામ માટે વિશેષ વ્યવસ્થા રહેશે. સવારે ૮.૩૦ વાગ્યાથી કાર્યક્રમનો આરંભ થશે અને પુર્ણાહુતી સુધી ચાલશે. કાર્યક્રમ દરમ્યાન શુદ્ધ જૈન ચા-નાસ્તો અને લંચની વ્યવસ્થા કરવામાં આવી છે.સમાજના હિતમાં યોજાયેલ આ પ્રીમિયમ પરિચય મેળો જૈન સમાજના યુવાનો અને માતા-પિતાને માટે એક અનોખી તકરૂપ સાબિત થશે. વધુ માહિતી માટે સંપર્કઃ ૯૭૧૪૦ ૧૬૯૭૫, ૯૪૨૭૮ ૭૫૩૦૭.

### સૂડોકુ -૧૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૯ | | | | ૨ |
| ૮ | | | | | | | ૭ | |
| ૬ | ૪ | | ૮ | | | | ૯ | |
| | | | | | | ૪ | ૬ | |
| | | ૭ | ૫ | | | | ૩ | |
| ૯ | | | | | | | | |
| | | ૫ | ૧ | ૨ | ૯ | | | |
| | | ૬ | | | | ૧ | | |
| | | | | ૩ | | ૫ | | |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૧૩૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૭ | ૬ | ૧ |
| ૯ | ૬ | ૭ | ૧ | ૩ | ૫ | ૮ | ૨ | ૪ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૬ | ૭ | ૫ | ૯ | ૩ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૪ | ૩ | ૧ | ૭ | ૬ |
| ૧ | ૩ | ૬ | ૯ | ૭ | ૮ | ૨ | ૪ | ૫ |
| ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ | ૯ | ૩ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૬ | ૩ | ૧ | ૨ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૮ | ૯ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૯ |

### આવતીકાલનું રાશિફળ

**તા.૪.૧૧.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૨, કારતક સુદ ચતુર્દશી, રેવતી નક્ષત્ર,વજ્ર યોગ, ગર કરણ આજે બપોરે ૧૨.૩૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે,મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .

**વૃષભ** (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાં થી માર્ગ મળે, મધ્યમ દિવસ.

**મિથુન** (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહથી રસ્તા કાઢવા પડે.

**કર્ક** (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.

**સિંહ** (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંસા મળે, શુભ દિન.

**કન્યા** (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.

**તુલા** (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.


**વૃશ્ચિક** (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.

**મકર** (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદમાં વીતે, જરૂરી ગેજેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.

**કુંભ** (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મધ્યં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) : સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકોને પ્રભાવિત કરી શકો.






પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

15 સફળતાના ૧૪ વર્ષ પૂરા કરી ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


૮૩ના વર્લ્ડકપની જેમ મહિલાઓએ નવો અધ્યાય આરંભ્યો

# ૫૨ વર્ષે વુમન્સ ક્રિકેટ વર્લ્ડકપમાં વિજેતા બનતી ટીમ ઈન્ડિયા

## વુમેન્સ વર્લ્ડ કપ ફાઈનલમાં શેફાલી અને દિપ્તી બંનેના ઓલરાઉન્ડ પ્રદર્શનથી ભારતનો ૫૨ રનથી ભવ્ય વિજય



**અબતક, મુંબઈ**

ભારતની મહિલાઓ આખરે ૫૨ વર્ષના લાંબી રાહ પછી ઈતિહાસ રચી દીધો છે. ઈન્ડિયા વુમન્સે નવી મુંબઈમાં સાઉથ આફ્રિકાને ૫૨ રનથી વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં હરાવી. આ સાથે જ ટીમ ઈન્ડિયા વુમન્સ ક્રિકેટમાં પણ વર્લ્ડ ચેમ્પિયન બની ગઈ.

૧૯૮૩ના વર્લ્ડકપની જેમ મહિલાઓએ નવો અધ્યાય આરંભ્યો છે.

સાઉથ આફ્રિકાએ બોલિંગ પસંદ કરી હતી. ભારતે ૭ વિકેટ ગુમાવીને ૨૯૮ રન બનાવ્યા. શેફાલી વર્માએ ૮૭, દીપ્તિ શર્માએ ૫૮, સ્મૃતિ મંધાનાએ ૪૫ અને રિચા ઘોષે ૩૪ રન બનાવ્યા. સાઉથ આફ્રિકા તરફથી આયબોન્ગા ખાકાએ ૩ વિકેટ લીધી. મોટા ટાર્ગેટ સામે સાઉથ આફ્રિકાની ટીમ ૨૪૬ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન લૌરા વોલ્વાર્ટે સદી ફટકારી, પરંતુ ટીમને જિતાડી શકી નહીં. ભારત તરફથી દીપ્તિ શર્માએ સૌથી વધુ ૫ વિકેટ લીધી.

૧૯૭૩માં થઈ હતી. ત્યારે ભારતે ભાગ લીધો ન હતો. ૪૭ વર્ષ પહેલાં, ૧૯૭૮માં ઈન્ડિયા વુમન્સે ડાયના એડલ્જીની કેપ્ટનશિપમાં પહેલીવાર આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો.

૨૦૦૫માં ટીમ ઈન્ડિયા પહેલીવાર ફાઈનલમાં પહોંચી, પરંતુ ઓસ્ટ્રેલિયા સામે હારી ગઈ. ૨૦૧૭માં ભારતે ઓસ્ટ્રેલિયાને સેમિફાઈનલમાં હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો, પરંતુ ઈંગ્લેન્ડે ફાઈનલમાં હરાવ્યું. ૨૦૨૫માં ટીમે ફરી એકવાર ઓસ્ટ્રેલિયાને સેમિફાઈનલમાં હરાવ્યું, પરંતુ આ વખતે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી જ લીધી.

### દીપ્તિ શર્મા બની પ્લેયર ઓફ ધ સીરીઝ

દીપતિ શર્માને પ્લેયર ઓફ ધ ટુર્નામિન્ટનો એવોર્ડ મળ્યો. તેણીએ સમગ્ર ટુર્નામિન્ટ દરમિયાન ૯ મેચમાં કુલ ૨૨ વિકેટ લીધી. તેના શ્રેષ્ઠ આંકડા ૫/૩૯ હતા. તેણે ફાઈનલ મેચમાં પણ બેટથી અણનમ ૫૮ રન બનાવ્યા અને ૯.૩ ઓવરમાં ૩૯ રન આપીને ૫ વિકેટ ઝડપી.૨૦૧૪માં દક્ષિણ સાઉથ સામે વનડેમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે હવે ૧૨૧ મેચોની ૧૦૩ ઈનિંગમાં ૩૭.૦૧ની એવરેજથી ૨,૭૩૯ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૧૮ અડધી સદી અને ૧ સદી ફટકારી છે. બોલ સાથે તેણે ૧૧૯ ઈનિંગમાં ૨૭.૯૫ની એવરેજથી ૧૫૭ વિકેટ લીધી છે. તેનું બેસ્ટ બોલિંગ પ્રદર્શન ૬/૨૦ છે.

**ભારતીય ટીમની જીત પછી ખેલાડીઓએ મેદાન પર જબરદસ્ત ઉજવણી કરી, ટીમે સ્ટેડિયમમાં ટ્રોફી સાથે ચક્કર લગાવ્યું હતું અને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન સતત સમર્થન બદલ ચાહકોનો આભાર માન્યો**

### વર્લ્ડકપની સફર ભારત માટે અદભુત બની રહી

ભારતીય મહિલા ટીમની વર્લ્ડકપની જર્ની અદભુત રહી. શરૂઆતમાં ત્રણ મેચ જીત્યા બાદ સતત ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો. ઈંગ્લેન્ડ સામેની લીગ મેચ પછી ટીમની ઘણી આલોચના થઈ પરંતુ ત્યારબાદ ભારતની મહિલા ટીમે ફાઈનલમાં પ્રવેશ કર્યો. આ કોઈ સામાન્ય પ્રવેશ નહોતો, જેમાં તેણે માત્ર સાત વખતની ચેમ્પિયન અને અપરાજિત ઓસ્ટ્રેલિયાને હરાવ્યું જ

(અનુ. આઠમા પાને)

### શેફાલી વર્મા એક્સ ફેક્ટર સાબિત થઈ: હરમનપ્રીતનો નિર્ણય બન્યો ગેમચેન્જર!



ઓપનર શેફાલી વર્માને ખરાબ ફોર્મને કારણે એક વર્ષ પહેલાં જ વન-ડે ટીમમાંથી ડ્રોપ કરી દેવાઈ હતી. તેને આ વર્લ્ડ કપના સ્કવોડમાં પણ પસંદ કરવામાં આવી નહોતી. ૨૬ ઓક્ટોબરે બાંગ્લાદેશ સામેની મેચમાં ભારતની નિયમિત ઓપનર પ્રતિકા રાવલને ઈજા થઈ. શેફાલીને ઈન્જરી રિપ્લેસમેન્ટ તરીકે ટીમમાં સામેલ કરી. એ જ શેફાલીએ ફાઈનલ મેચમાં ૮૭ રનની ઈનિંગ્સ રમી, પછી બોલિંગમાં ૨ મહત્ત્વની વિકેટ લીધી અને દેશને પહેલી ટ્રોફી જિતાડી દીધી. આ પ્રદર્શન માટે તેને પ્લેયર ઑફ ધ ફાઈનલનો એવોર્ડ પણ મળ્યો.ખિતાબી મુકાબલામાં ભારતીય ટીમના કેપ્ટન હરમનપ્રીતનો એક નિર્ણય ખુબ જ ઐતિહાસિક સાબિત થયો. હરમને

(અનુ. આઠમા પાને)





સફળતાનો કોઈ શોર્ટકટ નથી હોતો

# એક સમયમાં દિગ્ગજ અનિલ અંબાણીના ઘર, વ્યવસાય સહિત રૂ.૩ હજાર કરોડની મિલ્કત ટાંચમાં લેવાય

## મુંબઈના પાલી હિલ સ્થિત નિવાસસ્થાન અને દિલ્હી, નોઈડા, મુંબઈ, ગોવા, પુણે, હૈદરાબાદ અને ચેન્નાઈમાં ફ્લેટ, પ્લોટ અને ઓફિસો જપ્ત કરાઈ

**અબતક, નવી દિલ્હી**

એક સમયે રિલાયન્સના બે ભાગ પડ્યા, ત્યારબાદ અનિલ અંબાણીએ જીદે ચડી ટેલીકોમ્યુનિકેશનમાં ભરપૂર રોકાણ કર્યું, પણ તે સમયે આ ક્ષેત્રમાં રોકાણ એક ભૂલ ભરેલો નિર્ણય હતો. પરિણામ એ આવ્યું કે અનિલ અંબાણીનું દેવાળું ફૂંકાઈ ગયું. આ સમયે મુકેશ અંબાણીએ રિફાઈનરીમાં તક જોઈ તેમાં ભરપૂર રોકાણ કર્યું અને સફળતા હાંસલ કરી. બાદમાં જ્યારે ટેલીકોમ્યુનિકેશનમાં જ્યારે તક દેખાઈ ત્યારે માર્કેટમાં જીઓને લાવી તેમાં પણ સફળતા હાંસલ કરી. બીજી તરફ પોતાના ખોટા નિર્ણયો અને શોર્ટ કટને કારણે આજે પણ અનિલ અંબાણી એક પછી એક ફટકા સહન કરી રહ્યા છે.

અનિલ અંબાણી અને તેમના રિલાયન્સ ગ્રુપ સામે મની લોન્ડરિંગની તપાસ વધુ તીવ્ર બની છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ રૂ.૩,૦૦૦ કરોડ થી વધુની સંપત્તિ જપ્ત કરી છે. આમાં અનિલ અંબાણીનું મુંબઈના પાલી હિલ સ્થિત નિવાસસ્થાન અને દિલ્હી, નોઈડા, મુંબઈ, ગોવા, પુણે, હૈદરાબાદ અને ચેન્નાઈ જેવા શહેરોમાં રિલાયન્સ કોમ્યુનિકેશન્સ અને રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના ફ્લેટ, પ્લોટ અને ઓફિસોનો સમાવેશ થાય છે.

### પહેલેથી જ અનિલ અંબાણીને દેશ છોડવા પર પ્રતિબંધ લાગુ

ઈડીની તપાસ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ હાથ ધરવામાં આવી રહી છે. તે બેંક લોન છેતરપિંડી માટે સીબીઆઈ દ્વારા અંબાણી અને તેમની કંપનીઓ સામે દાખલ કરાયેલી બે એફઆઈઆર પર આધારિત છે. અંબાણીને પહેલાથી જ દેશ છોડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઈડી એ પહેલાથી જ અંગારાઈ સેથુરામન સહિત તેમના ઘણા નજીકના સહયોગીઓની પૂછપરછ કરી છે.



### અગાઉ પણ ઈડીએ દરોડા પાડ્યા, પૂછપરછ માટે બોલાવ્યા

ઈડી એ જુલાઈથી અંબાણી, તેમના સહયોગીઓ અને ગ્રુપ કંપનીઓ પર ઘણી વખત દરોડા પાડ્યા છે, જેમાં તેમના મુંબઈ સ્થિત ઘરનો પણ સમાવેશ થાય છે. ૫ ઓગસ્ટના રોજ, તેમને દિલ્હી સ્થિત ઈડી મુખ્યાલયમાં બોલાવવામાં આવ્યા હતા અને પૂછપરછ કરવામાં આવી હતી.

અહેવાલ મુજબ દિલ્હીમાં હોટેલ રણજીત ખાતે સ્થિત રિલાયન્સ સેન્ટર (અંબાણીનું કાર્યાલય) ઈડી દ્વારા જપ્ત કરાયેલી ઘણી મિલકતોમાંની એક છે. તે મહારાજા રણજીત સિંહ માર્ગ પર સ્થિત છે અને રામલીલા મેદાન અને રણજીત સિંહ ફ્લાયઓવર વચ્ચે ત્રણ એકરથી વધુ જમીનમાં ફેલાયેલું છે. કેન્દ્રીય એજન્સીએ રૂ.૨૦,૦૦૦ કરોડ થી વધુના બેંક ભંડોળના કથિત દુરુપયોગના સંદર્ભમાં આ કાર્યવાહી કરી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડીએ તેના જપ્તીના આદેશમાં આરોપ લગાવ્યો છે કે અંબાણી ગ્રુપની કંપનીઓએ બેંક ભંડોળનો દુરુપયોગ કર્યો છે. આ ભંડોળ શેલ કંપનીઓ અને ગ્રુપની પોતાની કંપનીઓને મોકલવામાં આવ્યું હતું, જેનાથી પૈસા લોન્ડર થઈ શક્યા. સૂત્રોએ સંકેત આપ્યો હતો કે કોર્પોરેટ લોનનો નોંધપાત્ર હિસ્સો આખરે રિલાયન્સ ગ્રુપ કંપનીઓના ખાતામાં ગયો હતો, જે મની લોન્ડરિંગ ફંડની હિલચાલ સૂચવે છે. આગામી અઠવાડિયામાં વધુ સંપત્તિ જપ્ત થવાની ધારણા છે.

ગુજરાતે 'વિકાસ'ની હરણફાળ ભરી

# ઓક્ટોબર મહિનાનું જીએસટી કલેક્શન ૧૬ ટકા વધી રૂ.૭૧૨૭ કરોડે પહોંચ્યું

## સરકારને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા હેઠળ કુલ રૂ.૧૦,૭૦૩ કરોડની આવક થઈ

**અબતક, અમદાવાદ**

ગુજરાત રાજ્યે ઓક્ટોબર-૨૦૨૫માં કર વસૂલાત ક્ષેત્રે સારું પ્રદર્શન કર્યું છે. રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા હેઠળ કુલ રૂ.૧૦,૭૦૩ કરોડની આવક થઈ છે. જે રાજ્યની મજબૂત આર્થિક પ્રવૃત્તિનો સંકેત આપે છે. ઓક્ટોબર-૨૦૨૫માં રાજ્યને જીએસટી હેઠળ રૂ. ૭,૧૨૭ કરોડની આવક થઈ છે. આ આવક ઓક્ટોબર-૨૦૨૪માં થયેલ રૂ.૬,૧૪૦ કરોડની આવક કરતાં ૧૬.૦૭% વધુ છે.

ઓક્ટોબર-૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૪.૬% રહ્યો છે. જેની સરખામણીમાં ગુજરાતનો ૧૬.૦૭% નો ગ્રોથ ઘણો સારો છે. તેમજ અન્ય વેરા આવકની વાત કરીએ તો વેટ હેઠળ રૂ.૨,૫૩૪ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ.૧,૦૧૬ કરોડ, વ્યવસાય વેરા હેઠળ રૂ.૨૬ કરોડની આવક નોંધાઈ છે. આમ, તમામ મુખ્ય રાજ્ય કર (જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા) થકી રાજ્ય કર વિભાગને કુલ રૂ. ૧૦,૭૦૩ કરોડની આવક થઈ છે.




કરચોરી પર અંકુશ મેળવવા માટે મોબાઈલ સ્કવોડ દ્વારા હાથ ધરાયેલી અન્વેષણની કામગીરીમાં પણ સફળતા મળી છે. ઓક્ટોબર-૨૦૨૫માં આ કામગીરી થકી રૂ.૩૦.૭૦ કરોડની આવક થઈ છે. ઓક્ટોબર-૨૦૨૪માં થયેલ રૂ.૨૪.૫૮ કરોડની આવક સામે આ વર્ષે ૨૫%નો વધારો નોંધાયો છે. રાજ્ય સરકારના કર વિભાગ દ્વારા કર અનુપાલન વધારવા માટે લેવામાં આવેલા પગલાંના કારણે આ મજબૂત વૃદ્ધિ જોવા મળી રહી છે.

એક આઈડિયા જો બદલ દે આપકી દુનિયા

# અમેરિકાની કંપની રૂ.૫૨ હજાર કરોડ રોકી વોડાફોન આઈડિયાની 'શકલ' બદલી દેશે

## ન્યૂયોર્ક સ્થિત ખાનગી ઈક્વિટી કંપની ટિલમેન ગ્લોબલ હોલ્ડિંગ્સે કંપનીમાં રોકાણ કરી સંચાલન હસ્તગત કરવા વાટાઘાટ શરૂ કરી

**અબતક, નવી દિલ્હી**

ન્યૂયોર્ક સ્થિત ખાનગી ઈક્વિટી કંપની ટિલમેન ગ્લોબલ હોલ્ડિંગ્સ (ટીજીએચ) ભારતીય ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયામાં ૪થી ૬ બિલિયન ડોલર એટલે કે રૂ.૩૫ હજાર કરોડથી રૂ.૫૨ હજાર કરોડનું રોકાણ કરવા અને કંપનીના સંચાલનનું નિયંત્રણ લેવા માટે વાટાઘાટો કરી રહી છે.

જોકે, આ રોકાણ ફક્ત ત્યારે જ શક્ય બનશે જો ભારત સરકાર કંપનીના તમામ નાણાકીય જવાબદારીઓ (લેવા) ને આવરી લેતું વ્યાપક રાહત પેકેજ પૂરું પાડે, જેમાં એજીઆર અને સ્પેક્ટ્રમ-સંબંધિત લેવાઓનો સમાવેશ થાય છે.

જો સોદો પૂર્ણ થાય છે, તો ટીજીએકજ ટીજીએચ કંપનીનું નવું પ્રમોટર બનશે, જે વર્તમાન પ્રમોટરો આદિત્ય બિરલા ગ્રુપ અને યુકે

(અનુ. આઠમા પાને)

### હાલ વોડાફોન આઈડિયાને નાણાકીય સહાયની ખાસ જરૂર

ટીજીએચનું રોકાણ હાલના પ્રમોટરોને તેમનો હિસ્સો ઘટાડીને કંપનીમાંથી બહાર નીકળવાની મંજૂરી આપે છે. આ રોકાણ સમયે સરકારનો હિસ્સો પણ ઘટાડવામાં આવશે, જોકે તે પાછળથી બાકીની રકમને ઈક્વિટીમાં રૂપાંતરિત કરીને ૪૯% સુધી જાળવી શકે છે.વોડાફોન આઈડિયાને આ નાણાકીય વર્ષના અંત સુધીમાં મોટી રકમના વૈધાનિક એજીઆર હપ્તાઓ ચૂકવવાનું શરૂ કરવું પડશે, તેથી તેને ટૂંક સમયમાં નાણાકીય સહાયની સખત જરૂર છે.

# રંગીલા સેવા સમિતિ દ્વારા વાજતે-ગાજતે જાડેરી જાન જોડી કરાયા તુલસી વિવાહ

## ઠાકોરજીની જાનમાં ૨૦૦૦થી વધુ ભક્તો ઉત્સાહપૂર્વક જોડાયા : ભક્તોએ વરરાજા પર ફૂલોનો વરસાદ કરીને પોતાની ભક્તિ કરી વ્યક્ત



**અબતક, રાજકોટ**

તુલસી વિવાહ એ હિંદુ ધર્મનો એક અત્યંત પવિત્ર અને શુભ તહેવાર છે જે કારતક માસના શુક્લ પક્ષની દ્વાદશી તિથિએ ઉજવાય છે. આ દિવસે માતા તુલસી (જે દેવી લક્ષ્મીનું સ્વરૂપ અને વૃંદાનો પુનર્જન્મ માનવામાં આવે છે) ના વિવાહ ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે કરાવવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર તુલસી વિવાહ વૃંદાની અનન્ય ભક્તિનું પ્રતીક છે અને આ ઉત્સવ દેવઉઠી એકાદશી પછીના તમામ માંગલિક કાર્યોના પ્રારંભનું સૂચક છે. આ વિધિનું આયોજન કરવાથી ઘરમાં સુખ, સમૃદ્ધિ આવે છે અને જે પરિવારો કન્યાદાનનું પુણ્ય પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તેઓ ભાવપૂર્વક આ વિવાહનું આયોજન કરીને મહાન પુણ્ય મેળવે છે.

આ પવિત્ર પર્વ નિમિત્તે રંગીલા સેવા સમિતિ દ્વારા હસનવાડી ખાતે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વરસાદની સંભાવના હોવા છતાં, ભગવાન પરમ કૃપાથી અને ભક્તોના દ્રઢ વિશ્વાસના ફળ સ્વરૂપે વિધિ શાંતિપૂર્વક સંપન્ન થઈ હતી. કાર્યક્રમમાં ઠાકોરજીને ગાડીમાં

(અનું.આઠમાં પાને)





### વરસાદની સંભાવના હોવા છતાં વિધિ દરમિયાન મેઘરાજાએ વિરામ લીધો : કાનાભાઈ ડાભી



અબતક સાથેની વાતચીતમાં કાનાભાઈ ડાભીએ જણાવ્યું હતું કે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વરસાદની સંભાવના હોવા છતાં ભગવાન પરમ કૃપાથી અને દ્રઢ વિશ્વાસના ફળ સ્વરૂપે વિધિ દરમિયાન વરસાદે વિરામ લીધો હતો. આ તુલસી વિવાહના કાર્યક્રમમાં, ઠાકોરજીને ગાડીમાં બિરાજમાન કરીને જાન લઈ જવામાં આવી હતી. જેમાં ભક્તોએ વાજતે-ગાજતે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તેમના પર ફૂલોનો વરસાદ કરીને પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી. આ શુભ પ્રસંગે પીઠવા પરિવારે કન્યાદાનની પવિત્ર વિધિ સંપન્ન કરી હતી. કાર્યક્રમમાં અંદાજે ૨૦૦૦થી વધુ ભક્તોએ ઉપસ્થિત રહીને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

### સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓને જીવંત રાખવાનો મુખ્ય ઉદ્દેશ્ય: જયશ્રીબેન પીઠવા



અબતક સાથેની વાતચીતમાં જયશ્રીબેન પીઠવાએ જણાવ્યું હતું કે રંગીલા સેવા સમિતિ દ્વારા છેલ્લાં ઘણાં વર્ષોથી તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ શુભ પ્રસંગે તેમના પરિવારે તુલસી માતાજીનું કન્યાદાન કરવાની પવિત્ર ફરજ અદા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આપણી પ્રાચીન સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓને જીવંત રાખવાનો છે. તેમણે સૌને અનુરોધ કર્યો કે જ્યાં પણ આવા ધાર્મિક આયોજનો થતા હોય, ત્યાં બાળકોને અવશ્ય લઈ જવા જોઈએ જેથી તેમને સંસ્કૃતિનું મૂલ્યવાન જ્ઞાન અને સંસ્કાર મળી શકે. જયશ્રીબેને તુલસી વિવાહનું ધાર્મિક મહત્ત્વ સમજાવતા કહ્યું કે શાસ્ત્રો અનુસાર તુલસીજીનું સ્થાન દરેક ઘરમાં હોય છે અને ભગવાન શ્રીકૃષ્ણને ગમે તેવો ઉત્તમ ભોગ ધરાવવામાં આવે, જો તેમાં તુલસીપત્રનો સ્પર્શ ન હોય, તો ભગવાન તેનો સ્વીકાર કરતા નથી. આ ધાર્મિક ઉત્સવમાં ૨૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહીને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# મહિલા વર્લ્ડ કપની જીતના વધામણા કરતા રાજકોટવાસીઓ





**અબતક, રાજકોટ**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈતિહાસમાં સૌપ્રથમ વખત સાઉથ આફ્રિકાને હરાવીને વર્લ્ડકપ જીતતાં ગુજરાતમાં ભવ્ય વિજયોત્સવનો માહોલ છવાયો હતો. મધરાત્રે જામનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના ક્રિકેટ ચાહકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ ઐતિહાસિક વિજયની ઉજવણીમાં લોકોએ આતશબાજી કરી, મીઠાઈ વહેંચી, 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા અને ગરબા પણ લીધા હતા.અમદાવાદ, રાજકોટ, જામનગર સહિત મોડી રાત સુધી લોકોએ હાથમાં ભારતનો ઝંડો લઈને અને વાહનો પર ત્રિરંગો ફરકાવીને આ ઐતિહાસિક વિજયને વધાવ્યો હતો. સુરત શહેરમાં પણ જીતની ઘોષણા થતાં જ ભાગળ જેવા ઐતિહાસિક વિસ્તારોમાં જશ્નનો માહોલ છવાયો હતો. મહિલા ક્રિકેટ વર્લ્ડકપની આ પ્રથમ જીતની ઉજવણી બિલકુલ પુરુષ ક્રિકેટ વર્લ્ડકપની જીત જેવી જ ભવ્યતાથી કરવામાં આવી હતી.



# નેત્ર ચિકિત્સક ડૉ.અનિમેષ ધ્રુવનો આજે જન્મદિવસ

પોતાના જ્ઞાન, આવડત, અનુભવ અને કૌશલ્ય દ્વારા દર્દીને રોગમુકત કરવા પ્રયાસો કરતા ડોકટરોને આપણા દેશમાં સદીઓથી ભગવાનના સ્વરૂપ સમાન માનવામાં આવે છે.રાજકોટના જાણીતા એવા એમએસ ઓપ્થાલોમોજી ડો.અનિમેષ ધ્રુવનો આજે જન્મદિવસ છે.

યશસ્વી જીવનના ૫૬ વર્ષ પૂર્ણ કરી આજે તેઓ ૫૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે ત્યારે 'અબતક' મીડિયા તેઓની હાર્દિક શુભકામના પાઠવી રહ્યું છે.

ડો.અનિમેષ ધ્રુવ એક કન્સલ્ટન્ટ નેત્ર ચિકિત્સક છે જે ગુજરાતના રાજકોટમાં ડો અગ્રવાલ આંખની હોસ્પિટલમાં પ્રેક્ટિસ કરે છે.તેઓ ૩૦ વર્ષ જેટલો બહોળો અનુભવ ધરાવે છે અને અત્યાર સુધીમાં અનેક નાના-મોટા કેમ્પ કરી ૪૫૦૦થી વધુ આંખની સફળ સર્જરી વિનામૂલ્યે કરી છે. આ સિવાય તેઓ વિવિધ ૨૫ જેટલા ટ્રસ્ટમાં સેવા આપી છે અને અગાઉ રોટરી કલબ ઓફ મીટટાઉનના પ્રમુખ તરીકે પણ ફરજ બજાવી ચુક્યા છે. આજે જન્મદિવસ નિમિતે તેઓને અનેક ખ્યાતનામ લોકો, મિત્ર વર્તુળ અને સ્નેહીજનો શુભેચ્છાનો ધોધ વરસાવી રહ્યા છે.



# સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની ગ્રીન લાઈબ્રેરી તૈયાર પણ લોકાપર્ણ ક્યારે?

## ગુજરાતની એક માત્ર ૨૪ કલાક ખૂલ્લી રહેનારી અદ્યતન લાઈબ્રેરી દોઢ વર્ષે પણ ખુલ્લી ના મુકાતા વિદ્યાર્થીઓ પરેશાન

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં એકમાત્ર રાજકોટમાં સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ૨૪ કલાક ખૂલ્લી રહેનારી અદ્યતન લાઈબ્રેરીનું રૂ.૭ કરોડના ખર્ચે નિર્માણ થઈ ગયું છે પણ હવે તે ખુલ્લી ક્યારે મુકાશે તેની કોઈને ખબર નથી. જોકે ફાયર એનઓસીના અભાવે આ લાઈબ્રેરીનું લોકાર્પણ થઈ શક્યું નથી. નવી લાઈબ્રેરીની આ બિલ્ડીંગનું કામ દોઢ વર્ષ પહેલા પૂર્ણ થઈ ચૂક્યું છે. જોકે આ બિલ્ડીંગનો વર્ક ઓર્ડર અપાઈ ગયા બાદ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ થતા ૯ મીટરથી વધુ હાઈટ હોય તો ફાયર એનઓસીનો નિયમ આવી જતા હવે યુનિવર્સિટી સ્વભંડોળમાંથી આ ખર્ચ કરવો પડશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૧ના અંતમાં અદ્યતન લાઈબ્રેરીનું નિર્માણ કરવા માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. જે બાદ કોરોનાને લીધે ૮ માસ સુધી મજૂરો ન આવતા કામ શરૂ થઈ શક્યું ન હતું. જોકે બાદમાં આ બિલ્ડીંગનું કન્સ્ટ્રક્શન શરૂ થયું હતું અને વર્ષ ૨૦૨૪ના શરૂઆતમાં બિલ્ડીંગ સંપૂર્ણ તૈયાર થઈ ચૂકી છે જોકે તેના દોઢ વર્ષ બાદ પણ હજુ આ બિલ્ડીંગનું લોકાર્પણ ન થતા વિદ્યાર્થીઓને નવી લાઈબ્રેરીમાં ૨૪ કલાક વાંચન અને આધુનિક ફેસીલીટીનો લાભ મળ્યો નથી. જેથી તાત્કાલિક ફાયર એનઓસી આવી જાય તો નવી લાઈબ્રેરીનું લોકાર્પણ થઈ શકે તેમ છે. યુનિવર્સિટીની હાલની લાઈબ્રેરીમાં પાંચ લાખ જેટલા પુસ્તકો છે તેમાં ઘણા બધા સંદર્ભ ગ્રંથો પણ છે. અમુક ઓરીજનલ સ્ક્રીપ્ટ છે. ઘણા પૌરાણિક સિક્કાઓ કે જે અત્યારે દુર્લભ છે તેનું પણ અહીં પ્રદર્શન રાખવામાં આવેલુ છે. અહીં વિદ્યાર્થીઓને વાંચવા માટે સવારે ૮થી રાત્રે ૧૧ વાગ્યા સુધીનો સમય રાખવામાં આવ્યો છે. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હોય ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હોય તેવા વિદ્યાર્થીઓને રીડિંગ માટે શાંત વાતાવરણ મળી રહે તે પ્રકારે લાઈબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.



આ ઉપરાંત વધુમાં જાણવા મળતી વિગત મુજબ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં હાલ ૯૭ વિદ્યાર્થીઓ રીડિંગ કરી શકે તે પ્રકારની વ્યવસ્થા છે અને અહીં ૨.૫૮ લાખ જેટલા પુસ્તકો છે. જોકે, હાલની લાઈબ્રેરીમાં પિરિયોડિકલ સેકશન એટલે કે, અલગ-અલગ પ્રકારના અખબારો અને જર્નલ્સ રાખવામાં આવેલા છે તે બંધ છે. કારણ કે, અહીં વરસાદને કારણે પાણી પડતું હોવાથી ત્યાં હાલ રિપેરિંગ કામ કરવામાં આવી રહ્યું છે.

### ઓટોમેથડ સિસ્ટમથી લાઈબ્રેરી કાર્યરત રહેશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં રૂ. ૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલી આ ત્રણ માળની લાઈબ્રેરીનું બિલ્ડીંગ કંઈક એ રીતે બનાવવામાં આવ્યું છે કે જેમાં સૂર્યના સીધા કિરણો આ બિલ્ડીંગ ઉપર પડે અને વિદ્યાર્થીઓ એક પોઝિટિવ ઉર્જા સાથે વાંચન કરી શકે. આ ઉપરાંત ઓટોમેથડ સિસ્ટમથી લાઈબ્રેરી કાર્યરત રહેશે એટલે વિદ્યાર્થીઓની એન્ટ્રી અને એક્ઝિટ આઈડી કાર્ડ સ્કેન કરતાની સાથે થઈ શકશે. તેમજ વિદ્યાર્થીઓ કોઈપણ સમયે ડ્રોપ બોક્સમાં પુસ્તક મૂકી પુસ્તક જમા કરાવી શકશે. ઉલ્લેખનીય છે કે હાલ અહીં ફાયર એનઓસીનું કામ બાકી છે. જે પૂર્ણ થતાની સાથે જ ટૂંક સમયમાં આ અદ્યતન લાઈબ્રેરીનું લોકાર્પણ કરવામાં આવશે અને વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં આવશે.

# ચોટીલા ડુંગર ખાતે છઠ્ઠી આરોહણ-અવરોહણની સ્પર્ધા યોજાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યનાં જુનિયર વિભાગના ૧૪ થી ૧૮ વર્ષના યુવક અને યુવતીઓ કે, જેઓ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ ૧૪ થી ૧૮ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય તેવા યુવક - યુવતીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયત નમુનામાં પ્રવેશપત્ર ભરવાનું રહેશે. આ ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, ખેરાળી રોડ, રતનપર, સુરેન્દ્રનગર ખાતેથી તથા કચેરીના બ્લોગ dydosnr.blogspot.com પરથી ડાઉનલોડ કરી શકાશે. તેમજ ૬૩૫૩૩૬૩૫૬૭ નંબર પર વોટસએપ મારફત પણ ફોર્મ મેળવી શકાશે.



દરેક સ્પર્ધકોએ નિયત પ્રવેશપત્રોમાં માંગ્યા મુજબની તમામ વિગતો ભરી જરૂરી સહી - સિક્કા સાથેનું ફોર્મ તથા જરૂરી આધાર પૂરાવાની નકલ જોડી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતે તારીખઃ- ૨૯-૧૧-૨૦૨૫ સુધી રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ/કુરિયર/પોસ્ટ મારફતે પહોંચતા કરવાના રહેશે. આ સ્પર્ધામાં નિયત સંખ્યામાં સ્પર્ધકો ભાગ લઈ શકશે, જેથી નિશ્ચિત સંખ્યા કરતા વધારે ફોર્મ થશે તો એવા સંજોગોમાં વહેલા તે પહેલાના ધોરણે આવેલ ફોર્મવાળા સ્પર્ધકો ભાગ લઈ શકશે. અધુરી વિગતવાળા તથા ખોટી માહિતી વાળા, સહી સિક્કા વગરના ફોર્મ રદ્દ કરવામાં આવશે, જેની તમામે નોંધ લેવા જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ધનવંતરી પુજન દિવસે ભગવાન ધનવંતરીનું પુજન કરતો ભાજપ પરિવાર

**અબતક, રાજકોટ**


ભારત દર વર્ષે ધનતેરસના શુભ અવસર પર આયુર્વેદ દિવસ તરીકે ઉજવે છે. ભગવાન ધનવંતરીના પ્રાગટ્ય દિવસ કે જેઓ આયુર્વેદના અધિષ્ઠાતા અને ભારતીય સંસ્કૃતિને જીવંત રાખનાર દેવ છે

તેમના આ દિવસને અનુલક્ષીને ગુજરાત રાજયના નાગરિકોના દીર્ઘાયુ માટે દર વર્ષે ધનતેરસના દિવસે ધનવંતરી જયંતિ મનાવવામાં આવે છે.




આ વર્ષે વિશ્વ આયુર્વેદ દિવસ નિમિતે ભગવાન શ્રી ધન્વંતરીના પૂજન અને અર્ચનનો કાર્યક્રમ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે અને પ્રદેશ ભાજપ ડોકટર સેલના સંયોજક ડો.અતુલ પંડયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ ડોકટર સેલના સંયોજક ડો.પિયુષ ઉનડકટ અને સહસંયોજક નરેન્દ્રભાઈ વિસાણીની આગેવાનીમાં ધનવંતરી પૂજન કરવામાં આવેલ હતું, ધનવંતરી પૂજન માટે પૂજાપા, ફુલહાર, પ્રસાદ તેમજ દિપ પ્રાગટ્ય કરી ભગવાન ધન્વંતરીની મૂર્તિનું પૂજન કરવામાં આવેલ હતું. આ તકે રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા,મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડકનેતા મનીષ રાડીયા સહિત શહેર હોદ્દેદારો તેમજ પ્રદેશ ભાજપ ડોકટર સેલના સંયોજક ડો.અતુલ પંડયા, શહેર ભાજપ ઉપપ્રમુખ ડો.ચેતન લાલસેતા, સહિતના ઉપસ્થિત રહયા હતા.

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



નિરજભાઈ ભટ્ટ

મંત્રીશ્રી - મોરબી જિલ્લા ભાજપ

મહામંત્રીશ્રી - સમસ્ત બ્રહ્મસમાજ મોરબી

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન

નિલેશભાઈ 97263 60101

નરેશભાઈ 63547 14410, 98252 97680

શિવાની ફટાકડા

ફટાકડા, પતંગ, ફાળકી, પીચકારીનાં રીટેઈલ તથા હોલસેલ વેપારી

જય અંબે ગરબી ચોક, નવા ડેલા રોડ, મોરબી.

નિલેશભાઈ 97263 60101

નરેશભાઈ 63547 14410, 98252 97680

શિવાની સિઝન સ્ટોર

ફટાકડા, પતંગ, ફાળકી, પીચકારીનાં રીટેઈલ તથા હોલસેલ વેપારી

જય અંબે ગરબી ચોક, નવા ડેલા રોડ, મોરબી.

દિપાવલી પર્વની શુભકામના સહ નૂતન વર્ષાભિનંદન...

તમને અને તમારા પરિવારને દિવાળી અને સમૃધ્ધ નવા વર્ષની શુભેચ્છાઓ... અમે તમને તંદુરસ્ત અને લાભદાયી જીવનની શુભેચ્છા પાઠવીએ છીએ



રવિરાજસિંહ જીલુભા પરમાર

સરપંચશ્રી ઉંચીમાંડલ ગ્રામ પંચાયત,

પ્રમુખશ્રી મોરબી તાલુકા સરપંચ એસો.

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



સંચાલક-જનતા કલાસીસ-મોરબી

પ્રમુખ-શ્રી જલારામ સેવા મંડળ-મોરબી

પ્રમુખ-શ્રી લોહાણા મહાપરિષદ-મોરબી

પ્રમુખ-શ્રી લોહાણા વિદ્યોતેજક ફંડ-મોરબી

કન્વીનર-શ્રી લોહાણા મહાજન-મોરબી

મંત્રી-આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-મોરબી

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



કૌશિક કુંડારીયા - [illegible]

રાજુભાઈ કુંડારીયા - [illegible]

શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કું.

વિષ્ણુ મેગા મોલ

લાતી પ્લોટ-૪, ભવાની બેકરી શેરી, જલારામ મંદિર પાછળ, મોરબી.

SINCE : 1999 નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન-મોરબી 2500+ Happiest Students

શુભ દિપાવલી

નૂતન વર્ષાભિનંદન



નવયુગ વિદ્યાલય, નવયુગ શૈક્ષણિક સંકુલ, નવયુગ કોલેજ, નવયુગ કરિયર એકેડમી તેમજ નવયુગ પ્રિ-સ્કૂલના સર્વે વાલીશ્રીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષણપ્રેમી જનતા તેમજ અમારા શુભચિંતકો, આપ સર્વેને નવા વર્ષમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય મળી રહે તેવી નવયુગ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા...

શુભેચ્છક

શ્રી પી. ડી. કાંજીયા, પ્રમુખશ્રી, નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન-મોરબી

શ્રીમતી રંજનબેન પી. કાંજીયા, પ્રમુખશ્રી, શ્રી નવયુગ એજ્યુ. એન્ડ ચેરી.ટ્રસ્ટ-મોરબી

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



શ્રી રાજપુત કરણી સેના મોરબી જિલ્લા ઉપપ્રમુખ

દિગપાલસિંહ વિક્રમસિંહ રાણા

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન




કેયુરભાઈ પંડયા

ઉપપ્રમુખ મોરબી શહેર ભાજપ

પ્રકાશના પાવન પર્વ દિવાળીની હાર્દિક શુભકામનાઓ તથા નુતન વર્ષાભીનંદન

આ નૂતનવર્ષ આપના અને આપના પરિવારના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઉતમ સ્વાસ્થ્ય અને નવી ઉર્જા લઈને આવે તેમજ આપ સૌ "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" ના મંત્રને અપનાવીએ અને આપણા રોજિંદા વ્યવહારમાં પણ સ્વદેશી વસ્તુ ખરીદીએ...



શ્રી દુર્લભજીભાઈ દેથરીયા

ધારાસભ્યશ્રી-ટંકારા પડધરી વિધાનસભા

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



Vipin Arora (Director) Cell : +91-98982 73799

Camila Enterprise

Plot No -15, Kamdhenu Industrial Estate, Nr. Asta Ceramic, Jetpar Road, At, Rangpar(Bela) Morbi - 36 36 41,(Guj.) INDIA.

Camilaenterprise12@gmail.com aroravipin97@yahoo.com

Camila Enterprise GVT & PGVT Compound

Kalpesh Patel Cell : +91 98793 32277

Nikunj Patel Cell : +91 98252 74066

Plot No -15, Kamdhenu Industrial Estate, Nr. Asta Ceramic,Jetpar Road At, Rangpar(Bela), Morbi - 36 36 41,(Guj.) INDIA.

Camilaenterprise12@gmail.com

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



પુષ્પરાજસિંહ જાડેજા

પ્રમુખ શ્રી મોરબી શહેર કોંગ્રેસ સમિતિ

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



અજયભાઈ કોટક

ઉપપ્રમુખ મોરબી શહેર ભાજપ

મારૂતિ એકેડમી

ટ્યુશન કલાસીસ - મોરબી

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



ભુપતભાઈ જારીયા

મહામંત્રી મોરબી શહેર ભાજપ

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



કિશોરભાઈ ચિખલીયા

પ્રમુખ શ્રી મોરબી શહેર કોંગ્રેસ સમિતિ

## તંત્રી લેખ

# આજ કી નારી સબ પે ભારી

ભારત એક એવો દેશ છે જ્યાં મહિલાઓને દેવી તરીકે પૂજવામાં આવે છે, પરંતુ તેમનું વાસ્તવિક જીવન અને યોગદાન તો ઘણું વધુ વ્યાપક અને પ્રભાવશાળી છે. ભારતીય મહિલાઓએ સમાજ, રાજકારણ, વિજ્ઞાન, કલા અને અર્થતંત્રમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. તેમનું યોગદાન માત્ર વ્યક્તિગત સફળતાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર દેશના વિકાસનું પ્રતીક છે.

મહિલાઓની સ્થિતિમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે; તેઓ હવે તેમના ઘરની મર્યાદાઓમાંથી બહાર નીકળીને આર્થિક, સામાજિક, રાજકીય અને વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે. મહિલાઓ સશક્ત અને આત્મનિર્ભર શક્તિઓ તરીકે ઉભરી આવી છે, પુરુષ-પ્રભુત્વવાદી માનસિકતાને પાર કરીને અને પોતાના લક્ષ્યો અને ઓળખને વ્યાખ્યાયિત કરીને મહિલાઓ સતત આગળ વધી રહી છે.

મહિલાઓનું યોગદાન ફક્ત ઘર કે કાર્યસ્થળ પૂરતું મર્યાદિત નથી; તેઓ રાષ્ટ્ર નિર્માણ, સામાજિક સુધારણા અને નવી પેઢીના વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પ્રગતિ છતાં, મહિલાઓને હજુ પણ કેટલાક ક્ષેત્રોમાં સમાન તકોનો અભાવ છે અને તેમને બીજા વર્ગના નાગરિકો તરીકે ગણવામાં આવે છે. ઘણી નીચલા વર્ગની મહિલાઓ હજુ પણ પરંપરાગત જીવન જીવે છે, અને તેમની સામેના ગુનાઓમાં ઘટાડો થયો નથી. સમાજ માટે મહિલાઓની ક્ષમતાઓ અને સ્વતંત્રતાને ઓળખવાનો અને દરેક ક્ષેત્રમાં તેમનું સન્માન કરવાનો સમય આવી ગયો છે.


૨૧મી સદીમાં મહિલા સશક્તિકરણ વધ્યું છે. ડિજિટલ ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી યોજનાઓએ મહિલાઓને વ્યવસાયમાં પ્રોત્સાહન આપ્યું. ૨૦૨૩ના આંકડા અનુસાર, ભારતમાં મહિલા ઉદ્યોગસાહસિકોની સંખ્યા ૧૮% વધી છે, જે આર્થિક વૃદ્ધિમાં તેમનું યોગદાન દર્શાવે છે.

આ યોગદાન છતાં, મહિલાઓને હજુ પણ પડકારોનો સામનો કરવો પડે છે. લિંગભેદ, શિક્ષણની અભાવ અને કુટુંબીય જવાબદારીઓ તેમની પ્રગતિને અડચણ બની રહી છે. પરંતુ બેટી બચાઓ બેટી પઢાઓ અને મહિલા એમ્પાવરમેન્ટ સ્કીમ્સ જેવી નીતિઓએ સુધારો લાવ્યો છે. ૨૦૨૫ સુધીમાં, ભારત સરકારનું લક્ષ્ય મહિલા શ્રમબળને ૩૩% સુધી વધારવાનું છે, જે તેમના યોગદાનને વધુ મજબૂત બનાવશે.

# ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ આયોજીત ડો. કુમાર વિશ્વાસની ‘જલકથા’ના મધ્યસ્થ કાર્યાલયનું બુધવારે ઉદ્ઘાટન

## આર્ષ વિદ્યામંદિરના સ્વામી પરમાત્માનંદજી કાર્યાલયનો પ્રારંભ કરાવશે: જલકથાને આનુસંગિક તમામ ગતિવિધિઓ મધ્યસ્થ કાર્યાલયથી થશે





**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જળસંચય માટેના ૧,૧૧,૧૧૧ સ્ટ્રકચરો તૈયાર કરવાના સંકલ્પ સાથે રાજકોટમાં કાર્યરત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા યોજનાર ડો. કુમાર વિશ્વાસની જલકથા ’અપને અપને શ્યામ કી’ના મધ્યસ્થ કાર્યાલયનું તારીખ ૫-૧૧-૨૦૨૫ રોજ સાંજે ૫:૦૦ કલાકે ઉદઘાટન કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, જળસંચયની પ્રવૃત્તિમાં છેવાડાના માણસને જોડવાના ઉદ્દેશથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આગામી ૧૫, ૧૬ અને ૧૭ ડિસેમ્બરના રોજ રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે દરરોજ રાત્રે ૮ થી ૧૨ દરમિયાન પ્રસિદ્ધ કવિ, તત્વચિંતક અને કથાકાર ડો. કુમાર વિશ્વાસ ’જલકથાઃ અપને અપને શ્યામ કી’ના માધ્યમથી ભગવાન શ્રીકૃષ્ણના જીવનના વિવિધ પાસાઓને પાણીના મહત્વ સાથે જોડીને રસપ્રદ રીતે રજૂ કરશે. પાણીના સંરક્ષણ અને સદુપયોગ માટે જનજાગૃતિ ફેલાવવાનો આ એક અનોખો પ્રયાસ છે. જલકથાનો મુખ્ય ઉદ્દેશ લોકોને જળસંરક્ષણના મહાયજ્ઞમાં જોડીને સૌરાષ્ટ્ર અને ગુજરાતને જળસમૃદ્ધ બનાવવાનો છે.

જળકથાના આયોજનના અનુસંધાનમાં જળ યજ્ઞની પ્રવાહિતતા સતત જળવાઈ રહે તે હેતુથી શરૂ કરવામાં આવનાર જળકથાના મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન ’ઉમા સદન’, જે.કે. ચોક પાસે, ઉમા સદન રોડ, યુનિવર્સિટી રોડ પાસે, રાજકોટ ખાતે આર્ષ વિદ્યા મંદિર મુંઝકાના સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજ કરશે. આ પ્રસંગે રાજકીય તેમજ સામાજિક આગેવાનો ઉપરાંત મોટી સંખ્યામાં ગીરગંગાના કાર્યકરો અને શુભેચ્છકો ઉપસ્થિત રહેશે.

પાણીનું એક એક ટીપું અમૂલ્ય છે અને તેનું સંરક્ષણ કરવું એ સમયની માંગ છે ત્યારે જનથી જન સુધી જળસંચયનો સંકલ્પ ભારત માતાને અર્પણ સ્વરૂપ જળકથાના મધ્યસ્થ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેવા તમામ નગરજનો, આગેવાનો અને સ્વૈચ્છિક સંસ્થાના અગ્રેસરોને ઉપસ્થિત રહેવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જાહેર નિમંત્રણ પાઠવેલ છે. આ કાર્યને વેગ આપવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, વિરાભાઈ હુંબલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, રમેશભાઈ ઠક્કર, વસંતભાઈ લીંબાસીયા, જેન્તીભાઈ સરધારા, શૈલેશભાઈ જાની, કૌશિકભાઈ સરધારા વગેરે લોકોજહેમત ઉઠાવી રહયા છે.

# નયારા એનર્જી દ્વારા ‘ધ ગીર ઈનહેરિટેન્સ’ કોફી ટેબલ બુકનું અનાવરણ

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય સ્તરની ઈન્ટીગ્રેટેડ ડાઉનસ્ટ્રીમ કંપની નયારા એનર્જીએ ધ ગીર ઈનહેરિટેન્સ નામના કોફી ટેબલ બૂકનું અનાવરણ કર્યું છે, જે ગીરના સમૃદ્ધિથી ભરેલા વારસા તથા સ્થાયી સંરક્ષણની વિરાસતને સેલિબ્રેટ કરે છે. અભ્યારણ દ્વારા પ્રકાશિત આ પુસ્તક ગીરના સુપ્રસિદ્ધ સિંહના સમર્થનના પગલાં સ્વરૂપે પસંદગીના પ્રાપ્તકર્તાઓને ભેટ આપવામાં આવી છે.





આ પુસ્તક પ્રકૃતિની સાનુકૂળતા અને આગામી પેઢીઓ માટે તેને સંરક્ષિત કરવાના સતત પ્રયાસોને માટે ઉમદા પહેલ છે. આ ઉપરાંત આ એક વ્યાપક અનુભવને પ્રદાન કરે છે, જેમાં ગીરની અસાધારણ જૈવ વૈવિધ્યતાના વારસા તથા તેને સુરક્ષિત રાખવાના પ્રયાસોને દર્શાવવા માટેની આકર્ષક કથાઓ અને વિચારોત્તેજક કલ્પનાઓનું કલાત્મકને ઉત્તમ રીતે રજૂ કરવામાં આવેલ છે.

“ નયારા એનર્જીમાં અમે ભારતના નેચરલ હેરિટેજના સંરક્ષણ તથા જતન માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છીએ. અમે આ મહત્વના કાર્યને સાકાર કરવાને લઈ ગર્વ અનુભવી છીએ. ગીર ઈનહેરિટન્સ તે તમામ લોકોના સતત સમર્પણ અંગે પ્રશંસા છે કે જેમણે ગીર અને તેની ઈકોસિસ્ટમની રક્ષા માટે સતત પ્રયત્ન કર્યા છે. આ બાબત સુનિશ્ચિત કરે છે કે આગામી પેઢીઓને આ અમૂલ્ય જીવનને લગતા વારસામાં હાંસલ થયેલ છે. નયારા એનર્જીને આ મહત્વના મિશનમાં ભાગ લેવાને લઈ ગર્વ છે, જે પર્યાવરણ સંરક્ષણ તથા સતત વિકાસ પ્રત્યે અમારી કટિબદ્ધતાની પૃષ્ટિ કરે છે એવું નયારા એનર્જીના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર શ્રી તેયમુર અબાસગુલિયેવે જણાવ્યું હતું.

આ ઉમદા પહેલના માધ્યમથી કંપની જાગૃતિ વધારવા અને સંરક્ષણને લગતા પ્રયત્નો માટે સતત સમર્થનને પ્રેરિત કરવાનો પ્રયત્ન કરે છે.

# કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ભોયકા ધામ દ્વારા બુધવારે સુંદરકાંડના પાઠ

**અબતક, રાજકોટ**



ભોયકા ધામ સ્થિત કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે દેવ દિવાળીના પવિત્ર તહેવાર નીમીતે દાદા હનુમાનજી સમક્ષ ભવ્ય અન્નકુટ દર્શન અને સુંદર કાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ ધાર્મિક ઉત્સવની શરુઆત કારતક સુદ પુનમ તા. ૫-૧૧ ના રોજ પારિવારિક માહોલ વચ્ચે સુંદર કાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. કષ્ટભંજન દેવ ભોયકા ભજન મંડળ અમદાવાદ આયોજીત કાર્યક્રમમાં સુંદર કાંડના વકતા પદે જીજ્ઞેશભાઈ પટેલ રહેશે. આ ઉપરાંત અન્નકુટ દર્શન પણ યોજાશે. સમગ્ર કાર્યક્રમ લીબડીથી ૧૦ કિલોમીટર દુર આવેલા ભોયકા ગામે યોજાશે સેવક હિતેષભાઈ સોનીની યાદીમાં જણાવ્યું છે.

# ગ્રાહક સુરક્ષા મંડળના સ્નેહ મિલન કાર્યક્રમમાં ગ્રાહકોને આઠ અધિકારો વિશે અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ગ્રાહક સુરક્ષા મંડળ રાજકોટ ઓફીસ ખાતે મંડળના સભ્યોનો સ્નેહ મિલન કાર્યક્રમ મંડળના પ્રમુખ ખીમસુરીયા નાનજીભાઈ આર.ના અદયક્ષ સ્થાને યોજાયો હતો.

સ્નેહ મિલન કાર્યક્રમમાં પ્રમુખ દ્વારા હાજર રહેલ તમામ સભ્યો તથા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા સૌને નુતન વર્ષની શુભકામના પાઠવવામાં આવી હતી. સ્નેહ મિલનના આ કાર્યક્રમમાં હાજર રહેલ મહાનુભાવોમાં મંડળના ઉપપ્રમુખ પ્રવિણભાઈ એડવોકેટ, નયનભાઈ કોઠારી એડવોકેટ, જયેશભાઈ માંડવીયા એડવોકેટ, વિપુલભાઈ સોંદરવા એડવોકેટ, વૃષભભાઈ કોઠારી તેમજ જય ગ્રુપના મિત્રોએ હાજરી આપી હતી.




મંડળના ઉપપ્રમુખ પ્રવીણભાઈ એ ગ્રાહકોના આઠ અધિકારી વિશે જરુરી માર્ગદર્શન આપ્યું હતું. ગ્રાહકોના અધિકારો સને ૧૯૬૨માં અમેરિકામાં સૌ પ્રથમ ગ્રાહક ચળવળનો પ્રારંભ થયો. અને તે સમયના અમેરિકાના પ્રમુખ જહોન કેનેડીએ ગ્રાહકના ચાર્ટર પર તા. ૧૫મી માર્ચ ૧૯૬૨ના દિવસે સહિ કરી ત્યારથી ગ્રાહકોને કાયદેસરના આઠ અધિકારી પ્રાપ્ત થયા..

એડવોકેટ જયેશભાઈ માંડવીયાએ જીએસટી વિશે ગ્રાહકોને તથા એડવોકેટોને પડતી મુશ્કેલીઓ વિશે અને તેના નિવારણ વિશેના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

કાર્યક્રમના અંતમાં ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ ખીમસુરીયા નાનજીભાઈએ કાર્યક્રમમાં હાજર રહેલ તમામ સભ્યો તથા મિત્રોને હ્રદયપૂર્વક આભાર માની કાર્યક્રમની પુર્ણાહુતિ કરી હતી.

# જલારામ સેવા મંડળ દ્વારા જલારામ જન્મોત્સવ ધામેધુમે ઉજવાયો

**અબતક, રાજકોટ**



જલારામ સેવા મંડળ ટ્રસ્ટ આયોજીત કારતક સુદ ૭ ને આનંદનગર, નિલકંઠ ટોકીઝ સામે કોઠારીયા રોડ ખાતે વિશ્વ વંદનીય સંત શિરોમણી પરમ પુજય જલારામબાપની ૨૨૬મી જન્મ જયંતિની ઉજવણી ધામધુમથી ઉજવવામાં આવી હતી. જેમાં મહાઆરતી ક્રિષ્નાબેન રાજુભાઈ ચોટાઈ (રસીકભાઈ ચેવડાવાળા), વગેરે જેવા મહાન ભકતો તથા દાતાઓના હસ્તે થયું હતું. અન્નકુટ દર્શન ખુલ્લા મુકાયા હતા. મહાપ્રસાદમાં આશરે બે હજાર લોકોએ લાભ લીધેલ હતો. સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી મહા રકતદાન કેમ્પનું આયોજન પણ કરેલ હતું. ભોલેબાબા ગ્રુપ કષ્ટભંજન ગ્રુપ દ્વારા ધુન ભજનની રમઝટ બોલાવી હતી. અને આશરે પાંચેક હજાર ભાવિકો ભકતોઓએ બાપાનો મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૭૬૬મું ચક્ષુદાન મળ્યું

**અબતક, રાજકોટ**

ઈલાબેન કિશોરભાઈ મોદીનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૭૬૬મું દાન થયેલ છે. આ ઓટકોબ મહિનાનું અગીયારમું ચક્ષુદાન થયેલ છે.



સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈ.સી. મેમ્બર તરીકે પ્રો. જયદિપસિંહ ડોડીયાની વરણી

**અબતક, રાજકોટ**



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈ. સી. મેમ્બર તરીકે અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર ડો. જયદિપસિંહ ડોડીયાની નિમણૂંક થયેલ છે. પ્રો. જયદીપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ, સિન્ડિકેટ, એકેડમિક કાઉન્સિલ ,બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ, બોર્ડ ઓફ એકાઉન્ટ, બોર્ડ ઓફ સ્ટડીજ ઈન ઈંગ્લિશ તેમજ રાજસ્થાનની વર્ધમાન મહાવીર યુનિવર્સિટી કોટાની એકેડેમીક કાઉન્સિલનાં સભ્ય સહીતના મહત્વના સત્તા મંડળોમાં સક્રિય સભ્ય રહી ચુક્યા છે. ૨૦૧૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટી એવી આર્ટસ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીન એમ બંને પદે સારીએવી લીડથી ચૂંટાઈને પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ વિક્રમ સર્જ્યો હતો. તેઓએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણની વાઈસ ચાન્સેલર સર્ચ કમિટીના બે વાર અધ્યક્ષ અને એક વખત યુ.જી.સી. ચેરમેનનાં નોમીની તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી છે. ઓક્ટોબર ૨૦૧૩ માં પ્રો. ડોડીયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે અલ્પ સમય માટે કરેલી યશસ્વી કામગીરી ગુજરાતનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવી નોંધપાત્ર રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૯૮માં પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી ત્યારે તેઓ સિન્ડીકેટ સભ્ય (ઈ. સી. મેમ્બર) હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એકજીકયુટિવ કાઉન્સિલના સભ્ય પદે નિયુકત થવા બદલ પ્રો.જયદિપસિંહ ડોડીયાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. ઉત્પલ જોશી, શ્રી ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢના કુલપતિ પ્રોફે. ડો પ્રતાપસિંહ ચૌહાણ, પૂર્વ ઉપકુલપતિ ડો. કલ્પકભાઈ ત્રિવેદી, સિઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, ઉદ્યોગપતિ અભયસિંહ ડોડિયા ( હિમાલય રેફ્રીજરેસન ઈન્ડસ્ટ્રીઝ), ઉદયસિંહ રામભાઈ ઝાલા ( ખાપટ ગીર), દીપસિંહ રામભાઈ ઝાલા ( ખાપટ ગીર), કે. ડી. વૈંશ ( આલીદર) , સગાભાઈ રાણાભાઈ બારડ ( બુધેચા) , રમેશભાઈ કે. સાકરીયા( રાધિકા સિલ્વર, રાજકોટ) , તથા જાણીતા યુવા એડવોકેટ હાર્દિક જી. ડોડિયા સહિતના અનેક શુભેચ્છકો, શિક્ષણવિદો અને સામાજિક સંસ્થાના અગ્રણીઓએ (મો.૯૬૮૭૬૯૨૯૫૦) અઢળક શુભેચ્છાઓ પાઠવી છે.

# ગૃહસ્થોએ ઉપાધિને આભુષણ બનાવવું જોઈએ: મોરારિબાપુ

**અબતક, રાજકોટ**

મોરારિબાપુના વ્યાસાસને ૯૬૬મી રામકથા નવા કીર્તિમાનો સાથે વિરામ તરફ ગતિ કરી રહી છે. કારણ કે આ કથા ટ્રેન અને હવાઈ યાત્રાથી સંપન્ન થવા જઈ રહી છે. હવે કોલંબો પછી આખરી મુકામ પર આવતીકાલે તા.૪ નવેમ્બરે અયોધ્યા ખાતે ‘માનસ રામયાત્રા’નું ગાન થશે અને તે સાથે જ યાત્રા વિરામ પામશે.

મોરારિબાપુએ સાતમા મુકામે રામેશ્વર ભગવાનના ચરણોમાં વાણી પુષ્પોને સમર્પિત કરતા કહ્યું કે ગૃહસ્થોએ ઉપાધીને આભૂષણ બનાવવું જોઈએ. ગુરૂ મંત્ર અને મૃત્યુ એટલે કે ધર્મ અને મોક્ષ સમયે હાજર હોય છે. રામ જન્મના પાંચ કારણો છે જય વિજય, જલંધરની નિંદા, નારદનો શ્રાપ મનુષ્યત્વ અને પ્રતાપભાનુનો સ્વાર્થ. પુરૂષાર્થ પ્રાર્થના અને પ્રતિક્ષા ત્રણેય મળી જાય તો રામ પ્રાગટ્ય થઈ જાય.બાપુએ લંકાકાંડના સંદર્ભોને ટાંકીને કહ્યું કે આજે યાત્રા લંકામાં આવી છે ત્યારે કહેવું જોઈએ કે અયોધ્યા ત્યાગની ભૂમિ છે, ચિત્રકૂટ ત્યાગ અને ઐશ્વર્યની અને લંકાએ ભોગની ભૂમિ છે. રાવણ પાસે અખૂટ હતું. અરે, કિલ્લો પણ સોનાનો હતો તો પણ તેની અતૃપ્તિ તેના નિર્વાણ ગતિનું કારણ બની. મનોકામનાઓ જ્યારે અતૃપ્ત થાય ત્યારે તેમાંથી શરીર, ઉંમર, બુદ્ધિ, વિવેક બધું દક્ષિણ થાય છે. બાપુએ વકતાના પ્રકાર અને તેના લક્ષણો વર્ણવીને કહ્યું કે કથાનું કથન હ્રદયથી થાય તો તેની અસર ઊભી કરે છે.

# મજુર મહાજન સંઘ સંયોજીત મજુર સંગઠનોનું બુધવારના નુતન વર્ષનું સ્નેહમિલન

**અબતક, રાજકોટ**

મજુર મહાજન સંઘ સંયોજીત મજુર સંગઠનોના કામદારોનું નુતન વર્ષનું સ્નેહ મિલન તા. ૫-૧૧ ને બુધવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ મજુર મઢી ભકિતનગર સર્કલ પાસે, રાજકોટના કાર્યાલય ના મધ્યસ્થ હોલમાં યોજવામાં આવેલ છે.

# પંજાબ નેશનલ બેંકમાં સતર્કતા જાગરૂકતા સપ્તાહની ઉજવણી



**અબતક, રાજકોટ**

પંજાબ નેશનલ બેંક મંડળ કાર્યાલય રાજકોટ દ્વારા તાજેતરમાં સતર્કતા જાગરૂકતા સપ્તાહ ઉજવવામાં આવ્યો હતો.

આ અભિયાન દરમિયાન સતર્કતા પ્રતિજ્ઞા, પ્રભાત ફેરી, રકતદાન શિબિર, ચિકિત્સા કેમ્પ તેમજ પ્રશ્નોતરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંડળ પ્રમુખ શિવકુમાર વાસ્તવ દ્વારા કર્મચારીઓનું સતર્કતા અંગેના શપથ લેવડાવ્યા હતા અને કહ્યું હતું કે સતર્કતા કાર્ય સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો છે. અને તે આપણા સૌની સંયુકત જવાબદારી છે.

# એસજીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા ચાલી રહેલ ઓડિટ પ્રક્રિયાના કારણે વેપાર-ઉદ્યોગકારો મુશ્કેલીમાં

## ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા દ્વારા એસજીએસટીના સંયુક્ત રાજ્ય વેરા કમિશનરને રજુઆત

**અબતક, રાજકોટ**

એસજીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા હાલમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે ચાલી રહેલ ઓડિટ પ્રક્રિયાના કારણે વેપાર-ઉદ્યોગકારોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી તેને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા દ્વારા એસજીએસટીના સંયુકત રાજ્ય વેરા કમિશ્નર એમ.એ. પટેલને રજુઆત કરતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪નું એક સાથે ઓડિટ કરવું જોઈએ. જેનાથી એકાઉન્ટન્ટો ત્રણ વર્ષોના ડોક્યુમેન્ટો એક સાથે ભેગા કરીને સીએ અથવા વકિલોને આપી શકે અને ડિપાર્ટમેન્ટમાં રજુ કરી શકે તેમજ સમયસર જવાબો રજુ થઈ શકે તેમજ કોમ્પ્યુટરરાઈઝ સોફ્ટવેર મારફતે જ સ્કૂટીની માટેની નોટીસ ઈશ્યૂ કરવામાં આવતી હોય છે. તો તે અલગ-અલગ વર્ષની એક સાથે નોટીસ ઈશ્યુ કરવી જોઈએ.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સિટીઝન માટે બુધવારથી સંગીત સંધ્યા કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૫/૧૧/૨૫ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે એકટીવિટી મ્યુઝીકલગૃપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૬/૧૧/૨૫ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે “હાર્ડબિટ ઈવેન્ટસ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૮/૧૧/૨૫ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે બ્રાહિમન્સ સિંગર્સગૃપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.અને તા. ૯/૧૧/૨૫ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે વન મેન સો દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ ચંદ્રેશભાઈ ફીચડીયા, લલિતભાઈ ચંદે, હિતેશભાઈ પંડયા, ડો. અસિતભાઈ ભટ્ટ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# આરોગ્ય શાખા તત્પર: પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાને રોકવા માટે અભિયાન હાથ ધરાયું

## સમાહમાં ૪૩૬ ક્લોરીન ટેસ્ટ, ૩૫,૮૨૬ ઘરોમાં પોરાનાશક કામગીરી અને ૯૧૫ ઘરોમાં ફોગીંગ પૂર્ણ : નાગરિકોને શુદ્ધ પાણી પીવા અને સફાઈ જાળવવા અપીલ



**અબતક રાજકોટ:**

રાજકોટ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાને રોકવા માટે રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા સતત પ્રયાસો થઈ રહ્યા છે. ગત સમાહ દરમ્યાન (તા.૨૭/૧૦/૨૦૨૫ થી તા.૦૨/૧૧/૨૦૨૫) આરોગ્ય વિભાગે રોગચાળાની અટકાયતી કામગીરી અંતર્ગત ૪૩૬ ક્લોરીન ટેસ્ટ, ૩૫,૮૨૬ ઘરોમાં પોરાનાશક કામગીરી તથા ૯૧૫ ઘરોમાં ફોગીંગ કામગીરી પૂર્ણ કરી છે.

પાણીજન્ય રોગોથી બચવા માટે આરોગ્ય વિભાગે નાગરિકોને અપીલ કરી છે કે પીવાનું પાણી ઉકાળીને જ પીવું, ટાંકી અને કુવો સાફ રાખવા, બ્લીચીંગ પાવડર અથવા ક્લોરીન ગોળીથી ક્લોરીનેશન કરેલું પાણી જ વાપરવું, ખોરાક ઢાંકીને રાખવો અને વાસી ખોરાકથી પરેહજ કરવો. ઝાડા-ઉલ્ટી જેવી તકલીફ થાય તો તાત્કાલિક આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.

મચ્છરજન્ય રોગચાળાની અટકાયતી કામગીરી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાએ ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા જેવી બીમારીઓ સામે પગલાં તેજ કર્યા છે. વાહક નિયંત્રણ અભિયાન હેઠળ મચ્છરના પ્રજનન સ્થળો પર તપાસ કરી રહી છે.

આ દરમિયાન ૫૨૨ જેટલા સ્થળોની તપાસ થઈ હતી જેમાં ૨૮૫ રહેણાંક અને ૧૨૬ વ્યાવસાયિક સ્થળોને મચ્છર ઉત્પત્તિ બદલ નોટિસ અપાઈ છે.

આ અઠવાડિયામાં શહેરમાં ડેન્ગ્યુના ૩ કેસ નોંધાયા છે, જ્યારે મેલેરિયા અને ચિકુનગુનિયાના નવા કેસ નોંધાયા નથી. સામાન્ય તાવના ૭૩૦, ઝાડા-ઉલ્ટીના ૧૬૭ અને શરદી-ઉધરસના ૮૦૪ કેસ નોંધાયા છે. મહાનગર પાલિકાએ નાગરિકોને અપીલ કરી છે કે પોતાના ઘરની આસપાસ સફાઈ રાખે, મચ્છરના ઉત્પત્તિ સ્થળો દૂર કરે અને પીવાનું પાણી શુદ્ધ રાખે.



શુભ દિપાવલી તેમજ નુતન વર્ષાભિનંદન

દિપાવલી તથા નૂતન વર્ષના મંગળ પ્રભાતે, આપના અરસ-પરસના સ્નેહ-સબંધમાં ઉત્તરોતર વધારો થાય અને નવા કાર્યો કરવાનુ સદભાગ્ય મળતુ રહે અને નવી દ્રષ્ટિથી એક બીજાને નિહાળવાનો સંકલ્પ કરીએ.

એક શુભેચ્છક...



દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



રાઘવજીભાઈ ગડારા

પાટીદાર સમાજ અગ્રણી

મોરબી જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ



દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન




દમયંતીબેન જે. નિરંજની

મોરબી જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ



સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની ધડકન અબતક સાંધ્ય દૈનિકને અનેકાનેક શૂભેચ્છા



સોહીલભાઈ જેરિયા

પ્રમુખશ્રી

૬૯-વિધાનસભા, યુથ કોંગ્રેસ



દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન



જયદીપભાઈ પટેલ

પ્રમુખ શ્રી

મોરબી શહેર યુવા ભાજપ


**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૯ સને (૨૫-૨૬) મુદત વધારો સુધારો (બીજો) પ્રસિધ્ધ કરવા**

**(મા. મ.પંચાયત વિભાગ રાજકોટ)**

કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત વિભાગ, જિલ્લા પંચાયત. રાજકોટ દ્વારા **એસસીએસપી/એમએમજીએસવાય/ સદર પેકેજ.૧ ના કામો ૨ (બે) ની અંદાજિત કિમત રૂા.૪૨૬.00 લાખ છે. જે કામ માટે એ-કલાસ અને સ્પે.બ્રીજ કેટેગરી-૨ અને ઉપર જરૂરી નોધણી ધરાવતા ઈજારદારશ્રી પાસેથી** મંગાવવા માટે ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઈન ભરવાની **ની છેલ્લી તા.૦૧/૧૧/૨૦૨૫ રહેશે.** વેબ સાઈટ **http://tender.nprocure.com** પર જોઈ શકાશે તેમજ ટેન્ડરો ભરી શકાશે. ઈ.એમ.ડી.(એફડીઆર) ૬ માસ (૧૮૦ દિવસની) માન્ય ગણવામા આવશે, શેડયુલ બેકની સોલ્વશી ચાલુ કેલેન્ડર વર્ષની માન્ય રાખવામા આવશે. કોઈ પણ એક અથવા બધાજ ટેન્ડરો રદ કરવા અંગે ના અધિકાર જિલ્લા પંચાયત રાજકોટને અબાધિત રહેશે.

માહિતી -રાજ- સુધારો - ૧૨૦૭ -૨૦૨૫-૨૦૨૬


પોઝિટિવ ન્યુઝ ઈન્ફોર્મેટિવ ન્યુઝની ટેગ લાઈન સાથે પ્રસિધ્ધ થતા 'અબતક' દૈનિકને દિલથી શૂભકામના



સોનલબેન સેલારા

ચેરમેનશ્રી બાગ બગીચા અને ઝૂ સમિતિ

રાજકોટ મહાનગરપાલિકા



મૂલનિષ્ઠ પત્રકારત્વને વરેલા અબતક દૈનિકને અઢળક શૂભકામના

એક શુભેચ્છક



વી.વી.પી. પરિવાર તરફથી "અબતક" પરિવારને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

"ભારતની બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજ" ના રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ ડીગ્રી અને ડીપ્લોમા

ઇન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેકચર ડીગ્રી અને ડીપ્લોમા

તથા કિચ સ્કૂલ ઓફ ડીઝાઇન, રાજકોટ.

NBA Accredited

BE - Electrical, Civil, Electronics & Communication Departments

ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા ભવિષ્યના એન્જીનીયરો, આર્કિટેક તેમજ ઇન્ટીરીયર ડીઝાઇનરનું નિર્માણ માત્ર વી.વી.પી. માં...

રાજકોટ, જામનગર, ગોંડલ તથા મોરબીના વિદ્યાર્થીઓ માટે કોલેજ આવવા-જવા માટે વી.વી.પી. તરફથી બસની સુવિધા છે તેની ફી માં સેમેસ્ટર દીઠ રૂા. ૨૫૦૦/- ની સહાય.

- વિવિધ પ્રકારની પ્રી-પ્લેસમેન્ટ એકટીવીટી
- નામાંકીત રાષ્ટ્રીય તથા બહુરાષ્ટ્રીય કંપનીઓમાં શ્રેષ્ઠ પ્લેસમેન્ટ.

Material Testing Lab / NABL CERTIFIED Environment Audit Lab

: ટ્રસ્ટીશ્રી :

શ્રી કૌશિકભાઈ શુકલ • શ્રી હર્ષલભાઈ મણીઆર • ડો. સંજીવભાઈ ઓઝા • ડો. નરેન્દ્રભાઈ દવે • ડો. નવીનભાઈ શેઠ

પ્રો. (ડો.) પિયુષ વણઝારા, આચાર્ય, વી.વી.પી. ઇજનેરી કોલેજ

પ્રો. દેવાંગ પારેખ, આચાર્ય, ઇન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેકચર

પ્રો. શૈલી ત્રિવેદી, આચાર્ય, કિચ સ્કૂલ ઓફ ડીઝાઇન

વધુ વિગત, કેરીયર કાઉન્સેલીંગ તથા પ્રવેશ માર્ગદર્શન માટે કોલેજ ખાતે સંપર્ક કરવો.

વાજડી-વીરડા, કાલાવડ રોડ, મોટેલ ધી વીલેજ સામે, રાજકોટ-૫.

એન્જીનીયરીંગ : ૯૧૫૭૭ ૧૬૭૮૧, Website : www.vvpedulink.ac.in, email : vvpedulink@gmail.com, info@vvpedulink.ac.in

આર્કિટેકચર/ઈન્ટીરીયર ડીઝાઇન : મો. ૯૪૨૮૨ ૦૦૬૯૮, Website : www.ipsarajkot.org email : ipsarajkot@gmail.com, ksdrajkot@gmail.com

# જુનાગઢ એલસીબીનો સપાટ્ટો, ત્રણ કિલો હાઈબ્રીડ ગાંજા સાથે ચાર ઝડપાયા: ૧.૧૬ કરોડનો મુદ્દામાલ કબ્જે

### રાજકોટની યુવતી બેંગલોરથી ગાંજાનો જથ્થો લાવ્યાનું અને બરોડાના માહીમ સંઘાણી અને વેરાવળની મહિલાની સંડોવણી ખુલતા ત્રણેયની શોધખોળ

**અબતક, દર્શન જોષી, જુનાગઢ**

જુનાગઢ એલસીબીએ સપાટ્ટો બોલાવી ત્રણ કિલો હાઈબ્રીડ ગાંજો મળી રૂ.૧.૧૬ કરોડનો મુદ્દામાલ ઝડપી પાડી વિસાવદર સહિતના ચાર શખ્સોની ધરપકડ કરી મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. જ્યારે આ ગાંજાનો જથ્થો રાજકોટની યુવતી બેંગલોરથી લાવ્યાનું અને બરોડાના માહીમ સંઘાણી અને મૂળ વેરાવળ અને હાલ રાજકોટ રહેતી મહિલાની સંડોવણી ખુલતા ત્રણેયની શોધખોળ હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબ સોરઠમાં નશીલા પદાર્થની હેરાફેરી અને વેંચાણને કડક હાથે ડામી દેવા જુનાગઢ રેન્જના વડા નિલેશ જાંજડીયા અને જુનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાએ આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઈ કે.એમ. પટેલ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ગીરનારની પરિક્રમા પૂર્વે મોટા પ્રમાણમાં શ્રધ્ધાળુઓની આવન-જાવન રહેતી હોવાથી શહેરમાં મોટા પ્રમાણમાં ગાંજાનો વેંચાણ કરવા માટે શખ્સો સક્રિય થયા હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફ દ્વારા સી-ડિવીઝન પોલીસ મથક વિસ્તારમાં વોંચ ગોઠવવામાં આવી હતી. ત્યારે હાઈબ્રીડ ગાંજાની ડિલીવરી થાય તે પૂર્વે જ ક્રાઈમ બ્રાન્ચના ચુનંદા સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં વિસાવદરનો ધવલ ભરાડ, જુનાગઢનો હુશેન તુરક, મુઝાઉદ્દીન યુસુફ અને જહાંગીર શાહદમની અટકાયત કરી આશરે રૂ.૧.૧૬ કરોડની કિંમતનો ત્રણ કિલો હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ દરોડાને પગલે નશીલા પદાર્થની હેરાફેરી કરતા તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. ઝડપાયેલા શખ્સોની પ્રાથમિક પૂછપરછમાં રાજકોટની યુવતી બેંગલોરથી હાઈબ્રીડ ગાંજાનો જથ્થો લાવ્યાનું ખુલ્યું છે તેમજ બરોડાના માહીમ સંઘાણી અને મૂળ વેરાવળની અને હાલ રાજકોટ ખાતે રહેતી શેરબાનુ નામની મહિલાની સંડોવણી ખુલતા ત્રણેયની શોધખોળ હાથ ધરવામાં આવી છે તેમજ ઝડપાયેલા શખ્સો આ ગાંજાનો જથ્થો કોને પહોંચાડવાના હતા તેમજ ગાંજાના મૂળ સુધી પહોંચવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવશે.

# સાધુવાસવાણી રોડ પર બાઈક સામ સામા અથડાતા આધેડનું મોત

### ફર્નિચર કામ પૂર્ણ કરી ઘરે જતી વેળા એ અજાણ્યા બુલેટ હડફેટે લીધા: પરિવાર અરેરાટી

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં દિવસે અને દિવસે અકસ્માતે મોતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે રાજદીપ સોસાયટીમાં રહેતા આધેડનું સાધુવાસવાણી રોડ પાસે એકટીવા લઈ જતા સમયે અકસ્માત ગંભીર ઈજાઓ થતા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલા તબીબે આધેડને મૃત જાહેર કરતા મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ મવડી ચોકડી ૪૦ ફૂટ રોડ રાજદીપ સોસાયટી રહેતા રાજેશભાઈ નરસિંહભાઈ બોરીચા ઉંમર વર્ષ ૫૦ વર્ષી આધેડ પોતાનું એકટીવા લઈને કામ પરથી પરત ફરતી વખતે સાધુવાસવાણી રોડ પર અન્ય બુલેટ સાથે અકસ્માત થતાં ગંભીર જાઓ પહોંચી હતી અને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલના ખાતે ખસેડાયા હતા સારવાર મળે તે પહેલા રાજેશભાઈ ને તબીબે મૃત જાહેર કરતા મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક રાજેશભાઈ પોતે ફર્નિચર કામ કરતા હોય અને કામ પરથી ઘરે જતી વેળાએ અજાણ્યા વાહન બુલેટ ચાલક સાથે અકસ્માત થયેલ હોવાનું પરિવારે જણાવ્યું હતું મૃતક રાજેશભાઈ ત્રણ ભાઈ માં નાના અને બે બહેનો હોય સંતાન માં ૧ પુત્ર અને ૧ પુત્રી એ પિતાની છત્ર છાયા ગુમાવતા પરિવાર માં અરેરાટી છવાઈ હતી આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે તપાસ હાથ ધરી છેએવું જાણવા મળેલ છે

# એલસીબીની ઓળખ આપી ટ્રાન્સપોર્ટના ધંધાર્થી પાસે ૨૦ હજાર તોડ કર્યો

### બસપોર્ટથી નકલી પોલીસ મિહિર કુગસીયાએ પીછો કરી તારા પર કેસ થયો છે કઈ યુવાનને એક્સેસમાં બેસાડી

### નાગરિક બેન્ક ચોક પાસે રીક્ષા આંતરી ગાયત્રી નગર મેઈન રોડ પર લઈ રોકડ ખંખેરી

**અબતક રાજકોટ**

શહેરના નકલી પોલીસ બની લોકોને લૂંટી લેતા મિહિર કોગસિયા અસલી પોલીસ પાસે ફસાયો હતો એલસીબીની ઓળખ આપી ટ્રાન્સપોર્ટના ધંધાથી ₹૨૦,૦૦૦ પડાવી નાસી છૂટેલા આરોપીને પોલીસે પીછો કરી દબોચી લીધો હતો જે મામલે ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો બનાવ અંગે કોઠારીયા સોલવાન્ટ માં આવેલ બરકતીનગર સોસાયટી શેરી નંબર ત્રણમાં રહેતા સમીરભાઈ મુલતાની એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નામચીન મિહિર કુગસીયાનું નામ આપતા ભકિતનગર પોલીસમાં ગુનો નોધી તપાસ હાથ ધરી હતી ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. તેઓનું મૂળ ગામ સુરેન્દ્રનગરનું કટુડા ગામ છે. ગઈ તા. ૧ ના ગામ સમસ્ત ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હોવાથી તેઓ કટુડા ગામ ગયાં હતાં. ત્યાંથી ગઈકાલે બપોરે ચાર વાગ્યે એસટી બસમાં બેસી રાજકોટ આવવા રવાના થયેલ અને સાંજે સાત વાગ્યે રાજકોટ બસપોર્ટ પર ઉતરીબસ સ્ટેન્ડ પાછળ આવેલ ચા ની હોટલે તેઓ ચા પીવા ગયાં હતા ત્યારે ત્યાં બાજુમાં એક શકમંદ શખ્સ ઉભો હતો. જે બાદ તેઓ ભૂતખાના ચોક પહોંચી ત્યાંથી પોતાના ઘર બરકતીનગર જવા ઓટો રીક્ષામાં બેઠાં હતાં. તેઓ નાગરીક બેંક ચોક પહોંચતા એક ઍક્સેસ ચાલકે રિક્ષાને આંતરી હતી અને પોતે એલસીબી ક્રાઈમમાં પોલીસ છે કહી રિક્ષામાંથી નીચે ઉતારી તમારા પર કેશ થયો છે તેમ કહીં બાઈકમાં બેસાડી ગાયત્રી મેઈન રોડ પર લઈ ગયેલ હતો. જયાં એક જગ્યાએબાઈક ઉભું રાખી પહેલાં મોબાઈલ માંગ્યો હતો જે આપ્યા બાદ પાકીટ માંગતા તે પણ આપ્યું હતું. પાકીટ ચેક કરી તેમાં રહેલા રૂ.૨૦ હજાર કાઢી લઈ પાકીટ પરત આપી દિધું હતું. જેથી તેને રૂપીયા બાબતે વાત કરતાં કહ્યું કે બધું પૂરું થઈ ગયું હવે કાલે ક્રાઈમ બ્રાન્ચે આવી જજે કહીં તે પોતાનું બાઈક લઈ નાસી છૂટયો હતો. જે બાદ નજીકમાં ઉભેલ બે પોલીસમેનની નજર આ ઘટના પર પડતાં તેઓ દોડી આવ્યાં હતાં અને આરોપીનો પીછો કરી તેને પકડી-પાડયો હતો. જે મામલે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ આદરી હતી.

**નકલી પોલીસ મિહિર કુગસીયાને અસલી પોલીસે ઓળખી લઈ પીછો કર્યો ત્રિકોણબાગ પાસેથી દબોચી લીધો: ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો**

# ભગવતીપરા સુખસાગરમા આધેડ પર બે શખ્સો દ્વારા છરી વડે હુમલો

### મકાનનું ભાડું દાદાગીરી થી લઈ લેવા ધમા નામના શખ્સ દ્વારા માથાકૂટ કરી

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં દિવસે અને દિવસે મારામારીના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે સુખસાગર માં રહેતા આધેડ પર બે શખ્સો દ્વારા છરી વડે હુમલો કરતા હાથ માં ઈજા થતાં આધેડ ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખાતે ખસેડવામાં આવ્યા હતા આ અંગે મળતી માહિતી મુજબ ભગવતી પરા સુખસાગર સોસાયટીમાં રહેતા મહેબુબ ઈસ્માઈલ શેખ ઉંમર વર્ષ ૫૫ વર્ષીય આધેડ ગઈકાલે રૂખડીયાપરામાં હતા ત્યારે સામેવાળા સમીર ઉર્ફે ધમો અજમેરા અને બશીર સહિતનાઓએ છરી વડે હુમલો કરતા હાથના ભાગે ઈજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા આ અંગે મળતી માહિતી મુજબ મહેબૂબ ભાઈને રૂખડીયાપરામાં મકાન ભાડે આપેલા હોય જેમાં જબરજસ્તી થી સમીર દ્વારા મકાનનું ભાડું લેવા માટે દબાણ કરતો હોય જેથી બંને વચ્ચે ઝઘડો થયો હોવાનું પ્રાથમિક માહિતી મળી રહી છે આ અંગે પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન દ્વારા તપાસની તજવિઝ હાથ ધરી છે એવું જાણવા મળેલ છે

## મંગળારોડ પર ફાયરિંગના ગુનેગારોની મદદગારી કરનાર વધુ બે શખ્સોની ધરપકડ

**અબતક રાજકોટ**

શહેરમાં ગત તારીખ ૨૯. ની રાતે અંધાધુંત ફાયરિંગ માં નાશી ગયેલા આરોપીઓને હથિયાર અને તેમની વાડી માં આસરો આપેલ અને મદદગારી કરનાર ગુનામાં એસઓજી એ બે આરોપી ની ધરપકડ કરી હતી સમઢીયાળા તા.બાબરા કમલેશ વજુભાઈ મેતા અનેરહે દેવપરાના ભરત રમેશભાઈ ડાભી ની એસઓજી એ એને સંજય રાજસિંહ મહેન્દ્રસિંહ ઝાલાએ પિસ્તોલ સપ્લાય કરી હોવા નું સામે આવ્યું છે એસઓજી દ્વારા એની ધપકપદ કરવા માં આવી હતી જેમાં એની પાસે થી પણ દેશી બનાવટી પિસ્તોલ બારામત કરી હતી.

# જૈનોના ચાતુર્માસ બુધવારે પૂર્ણ

### ચામુર્માસ પુર્ણ થતાં જૈનોના સાદ-સાધ્વીજીઓ ઠાણા ઓઠાણ એક સ્થાનકેથી અન્ય સ્થાને વિહાર કરશે

**અબતક, રાજકોટ**





જૈન આગમ શ્રી દશ વૈકાલિક સૂત્રમાં આગમકાર ભગવંતોએ વિહાર યાત્રાને કલ્યાણકારક બતાવેલ છે..

તીર્થંકર પરમાત્માની આજ્ઞા અનુસાર જીવદયાના લક્ષે જૈનોના પૂ.સાધુ - સાધ્વીજીઓ ચાર મહિના અષાઢ સુદ પૂનમથી કારતક સુદ પૂનમ સુધી એક જ સ્થાનકે સ્થિરતા કરી સ્વયંની સાધના કરતાં હોય છે અને હળુ કર્મી આત્માઓને પણ આત્મ સાધનામાં જોડતાં હોય છે.

આચારાંગ સૂત્ર મુજબ કારતક વદ એકમ આવે એટલે પ્રભુની આજ્ઞા મુજબ જીવોની ઉત્પતિ ઓછી થઈ ગઈ હોય એટલે સાધુ ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

પ્રભુ મહાવીર શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના બીજા અધ્યયનમાં કહે છે કે વિહાર એ પરિસહ છે.ભિક્ષા અને પાદ વિહાર એ બે એવા જ્ઞાનના સાધનો છે કે જે જ્ઞાન ભૂગોળ કે માનસ શાસ્ત્ર પણ ન આપી શકે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે બુધવારે ૫/૧૧/૨૦૨૫ ના સ્થાનકવાસી જૈનોની ચૌમાસી પાખી છે.

પૂ.સાધુ - સાધ્વીજીઓના કારતક વદ એકમથી ઠાણા ઓઠાણં એક સ્થાનકેથી અન્ય સ્થાનકે વિહાર શરૂ થાય છે.

જૈન શાસ્ત્રોમાં સાધુ માટે નવ કલ્પી તથા સાધ્વીજીઓ માટે પાંચ કલ્પનો ઉલ્લેખ આવે છે. વર્ષાકાળ સિવાય સાધુ - મુનિરાજો એક જ સ્થાનકે ૨૯ દિવસ અને સાધ્વીજીઓ ૫૯ દિવસ શેષ કાળ રહી શકે છે.

જેવી રીતે સરકારી ખાતાઓમાં અમુક પોસ્ટ એવી હોય છે જેમ કે કલેક્ટર, કમિશનર, ન્યાયધીશ વગેરેને સરકાર લાંબા સમય સુધી એક જ સ્થાન પર રહેવા દેતાં નથી પરંતુ તેઓની અન્ય સ્થાને બદલી થતી રહેતી હોય છે ,તેવી જ રીતે અનંતજ્ઞાની ભગવંતોએ પણ અપાર કરૂણા કરી કલ્પ અનુસાર જીવન જીવવાની આજ્ઞા ફરમાવેલ છે કે સાધુ - સંતો પણ રાગભાવ કે મોહપાશમાં ફસાઈ નહીં.એક જ સ્થાનકે ચાર માસથી વધારે ગાઢાગાઢ કારણ સિવાય સ્થિરતા કરવાથી ભાવિકોના ભક્તિ ભાવમાં પણ ક્યારેક ઓટ આવી જાય છે. સાધુ - સંતો પણ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી ખાન - પાનમાં આસકત બની જાય તો તેઓના આત્મા માટે પણ નુકસાનકારક છે.આ માટે કંડરીકમુનિ અને શૈલેક રાજર્ષી મુનિનાં દ્રષ્ટાંતો ગ્રંથોમાં સુપ્રચલિત છે.

જૈન આગમોમાં સાધકો માટે ઠેર - ઠેર વાંચવા મળે કે સંસારનો ત્યાગ કરી પ્રવજ્યા અંગીકાર કરી સાધક સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરી વિચરતા હોય.

ઉત્તરાધ્યયનજી સૂત્ર અધ્યયન ૨ ગાથા ૧૮ માં નિર્દેશ છે કે સાધુ એક સ્થાને સ્થિર રહેતાં નથી પરંતુ અપ્રતિબધ્ધપણે વિહાર કરી ચર્યા પરિષહ ઉપર વિજય મેળવવા પ્રયત્નશીલ રહે છે.છઠ્ઠા અધ્યયનમાં ઉલ્લેખ છે કે જેમ પંખી ચારો ચણવાનું કામ પુરુ થઈ જાય એટલે બીજું કશું જ સાથે લીધા વિના માત્ર પોતાની પાંખો સાથે લઈને ઊડી જાય છે તેમ નિગ્રંથ સંતો પણ માત્ર પોતાના ઉપકરણો મુહપતિ,રજોહરણ,પાત્રા વગેરે સાથે લઈને ભારંડ પક્ષીની માફક અપ્રમત્તપણે વિચરણ કરે છે.

આગમકાર ભગવંતો ફરમાવે છે કે પક્ષી અને વાયુની જેમ સાધક આત્મા અપ્રતિબદ્ધ પણે વિહાર કરે.

ઉત્તરાધ્યયનજી સૂત્રમાં પરમાત્મા કહે છે મુનિ સત્તાવીશ ગુણોથી સમૃદ્ધ, ત્રિગુપ્તિ ગુપ્ત,ત્રિદંડ અધ્યયન નિવૃત,પ્રતિબંધમુકત પક્ષીની જેમ મોહ રહિત થઈ ને પૃથ્વી પર વિચરણ કરે.

કહેવાય છે કે વ્હેતાં પાણી નિર્મળા...

તેમ પૂ.સંતો પણ પોતાના આત્માને સ્વચ્છ અને નિર્મળ બનાવવા માટે પરમાત્માની આજ્ઞા અનુસાર સાધુ તો વિચરતા ભલા એ ઉકિત અનુસાર કારતક વદ એકમ આવે એટલે એક સ્થાનેથી અન્ય સ્થાને પગપાળા વિહાર કરે છે.

બોટાદના કવિ પ્રવિણભાઈ દેસાઈની પંક્તિ યાદ આવ્યા વગર રહે નહીં....

દુનિયામાં જેની જોડ જડે ના એવું જીવન જીવનારા,

**સંકલન : મનોજ ડેલીવાળા**
**મો.૯૮૨૪૧ ૧૪૪૩૯**

# મહિલા વિશ્વકપની ફાઈનલ મેચ પર ક્રિકેટ સટ્ટો રમતા શખસ ઝડપાયો

### એલસીબી ઝોન-૨ ની ટીમે સ્વામીનારાયણ ચોક પાસે રહેતા શખસને ઉઠાવી લીધો

**અબતક, રાજકોટ**

બસ સ્ટેશન પાછળથી ઈન્ડિયા સાઉથ આફ્રિકા વચ્ચેની મહિલા ક્રિકેટ વર્લ્ડકપની મેચ પર આઈડી મારફત ક્રિકેટ સટ્ટો રમતા શખસને એલસીબી ઝોન-૨ ની ટીમે ઝડપી લઈ રૂા.૫૦,૦૦૦નો મુદ્દમાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જાણવા મળતી વિગત મુજબ, એલસીબી ઝોન-૨ના હેડ કોન્સ્ટેબલ આર.વી.ગોહેલ, અંકતિ નિમાવત, પ્રશાંત ગજેરા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન બસ સ્ટેશન પાછળ આવેલી હોટલે એક શખ્સ પોતાના મોબાઈલમાં આઈડી મારફત ક્રિકેટ સટ્ટો રમતો હોવાની ચોક્કસ બાતમી મળતા પોલીસે અહીં પહોંચી શખસને ઝડપી લઈ તેનુ નામ પૂછતા રાજદિપસિંહ અશોકસિંહ જાડેજા (રહે.સ્વામીનારાયણ ચોક નજીક ટપુભવાન શેરી નં.૧) હોવાનુ જણાવ્યુ હતું. પોલીસે તેના હાથ રહેલો મોબાઈલ તપાસતા તેમાં ડીએનએચ ૨૪૭ નામની આઈડી ખુલ્લી હોય અને ભારત સાઉથ આફ્રિકા વચ્ચે ચાલતી મહિલા ક્રિકેટ વર્લ્ડકપની મેચ ઉપર સટ્ટો રમતો હોવાનું જણાય આવ્યુ હતું. જેથી પોલીસે આરોપી રાજિદયસિંહ જાડેજાની ધરપકડ કરી તેની પાસે રહેલા રૂા.૫૦,૦૦૦ હજારનો મોબાઈલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જયપુર પાસે હિટ એન્ડ રન, ડમ્પરે ૪૦ વાહનોને લીધા ઠોકરે: ૧૦ના મોત

### ડમ્પરની બ્રેક ફેઈલ થતા માતેલા સાંઢની જેમ અનેક લોકો ને કચડ્યા

### ડમ્પરે ચાલક નશા માં હોવાની આશંકા મોત નો તાંડવ જેવા દ્રશ્યો સર્જાયા

**અબતક રાજકોટ**

આજે રાજસ્થાનમાં વધુ એક મોટા માર્ગ અકસ્માતે લોકોને ચોંકાવી દીધા છે. જયપુરના હરમન વિસ્તારમાં એક માતેલા સાંઢની જેમ ડમ્પરે ૩૦થી ૪૦ વાહનોને ટક્કર મારી હતી. ડમ્પરની બ્રેક ફેઈલ થતા બેકાબૂ બન્યું હતું. જેના કારણે આ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે અને મૃત્યુઆંક વધવાની આશંકા છે.ઘટના સ્થળે હાજર પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, બ્રેક ફેઈલ થયા પછી, ડમ્પરે આશરે ૪૦ ફોર-વ્હીલર અને ટુ-વ્હીલર વાહનોને ટક્કર મારી હતી. અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયાની પુષ્ટિ થઈ છે, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ઘાયલોને શહેરની જખજ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

જખજ હોસ્પિટલમાં દાખલ કરાયેલા ઘણા ઘાયલોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે, અને મૃત્યુઆંક વધી શકે છે.

પોલીસે જણાવ્યું હતું કે એક ડમ્પર ચાલકે ૪૦ વાહનોને ટક્કર મારી હતી અને ૫૦ લોકોને કચડી નાખ્યા હતા, જેમાં ૧૦ લોકોના મોત થયા હતા અને લગભગ ૪૦ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડમ્પ ટ્રક ચાલક દારૂના નશામાં હોવાનું કહેવાય છે. હજુ પણ કેટલાક લોકો કાર નીચે ફસાયેલા હોવાની આશંકા છે અને તેમને બચાવવાના પ્રયાસો ચાલુ છે.

# દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**



**વાંકાનેર:** સ્વ. રતિલાલ મોતીલાલ ભીંડોરાના પુત્ર ભરતભાઈ (ભિખુભાઈ) (ઉ.વ.૬૮) તે હિતેશભાઈ, વિજયભાઈ, સ્વ. ભાનુબેન વસંતલાલ પંડિત (મોરબી), કોકીલાબેન કિરીટકુમાર, ચંડીભમ્મર (ચોટીલા)ના ભાઈ, તેમજ જીગરભાઈ, નિતાબેન, બ્રિજેશકુમાર સોમૈયા (સુ.નગર), દિપકભાઈના પિતા, ચેતનભાઈ, હેતલબેન, હિરેનભાઈના ભાઈજી, પ્રિતમના દાદા, ટંકારા નિવાસી સ્વ. હીરાલાલ કાનજીભાઈ કટારીયાના જમાઈનું તા. ૧-૧૧ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા શ્વસુર પક્ષની સાદડી તા.૩ ને સોમવારના રોજ સાંજે ૫ કલાકે વિશ્વકર્મા મંદિર, જીનપરા ચોક, વાંકાનેર ખાતે રાખેલ છે. (ભાઈઓ -બહેનોનું સાથે રાખેલ છે.)

**જામનગર:** સ્વ. મંગલદાસ વલ્લદાસ દત્તાણીના પત્ની મંજુલાબેન મંગલદાસ દત્તાણી (ઉ.વ.૮૭) તેઓ અનિલભાઈ, રાજેશભાઈ, શારદાબેન ભરતકુમાર રૂપારેલ, મમતાબેન મહેન્દ્રકુમાર સાયાણી, કીર્તિ યોગેશકુમાર કક્કડ, વંદના ભરતકુમાર સોમૈયાના માતા, એકતા, શ્રધ્ધાના સાસુમા, અંકિત, નિષ્ઠા, મૈત્રીના દાદીમા, આન્યાના દાદીજી સાસુમા, સ્વ. ઠા. પ્રાગજી લાલજી મોરઝરીયા, સલાયાવાળાના પુત્રી તા. ૨ ને રવિવારના રોજ અવસાન પામેલ છે. સદગતની પ્રાર્થના સભા ભાઈઓ અને બહેનો માટે તા. ૩ ને સોમવારે સમય ૪.૩૦ થી ૫ દરમિયાન ગીતા મંદિર, પારસ સોસયાટી, જામનગર ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**રાજકોટ:** ફીફાદ ના રાજવી પૂર્વ સરપંચ દાદાજાન બાપુ નકવી ના માતૃશ્રી ''વાલેદા''ખાતૂનમાંબેન ઉમરાવસાહેબબાપુ સૈયદ તે દાદાજાનભાઈ પૂર્વ સરપંચ અનેઅતુભાઈ અનેઅહદભાઈ ની માતા અને મોભીયાણા વાળા મ,ગુલામઅલી ફિદાહુસેન બાપુ ''બાબાજાન બાપુ ''(અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન) અને ઝુલ્ફીકાર હુસેન ના ખાતૂનમાંબેન ઉમરાવસાહેબબાપુ સૈયદ ના બહેન, તા. ૧/૧૧ શનિવારે ખુદાની રહેમત માં પહોંચેલ છે (અવસાન થયેલ છે) તેમની જીયારત તા ૩/૧૧/૨૦૨૫ સોમવારે સવારે ૧૧ વાગે ફીફાદ મુકામે રાખેલ છે, ફીફાદ ના પૂર્વ સરપંચના માતાના ઈંતેકાલથી ગામ અને સૈયદ પરિવાર માં શોકનું વાતાવરણ છવાયું છે.

(ત્રીજા પાનાનું ચાલું)

## વર્લ્ડકપની સફર ભારત...

નહીં, પરંતુ મહિલા વનડે ઈતિહાસમાં સૌથી વધુ ટાર્ગેટને પણ ચેઝ કર્યો. આ જીત ભારતની કેપ્ટન હરમનપ્રીત કૌર અને જેમિમાબ રોડ્રિગ્ઝે અપાવી હતી.

ભારતીય મહિલા ટીમે પોતાના ઘરઆંગણે વર્લ્ડ કપમાં હેટ્રિક હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ હવે તે ટીમમાંથી બહાર થવાનો ભય અનુભવી રહી હતી. તેમની આગામી મેચ ન્યૂઝીલેન્ડ સામે હતી, અને હારનો અર્થ ટીમમાંથી બહાર થઈ શકે છે. નવી મુંબઈમાં પ્રથમ બેટિંગ કરતા, ભારતીય મહિલા ટીમ તરફથી પ્રતિકા રાવલ અને સ્મૃતિ મંધાનાએ સદી ફટકારી. જેમિમાહની ફિફ્ટીએ ભારતને વર્લ્ડ કપમાં તેમનો શ્રેષ્ઠ સ્કોર ૩૪૦ રનમાં પહોંચાડવામાં મદદ કરી.વિશાળ ટાર્ગેટ ચેઝ કરતી વખતે, ન્યૂઝીલેન્ડ ફક્ત ૨૭૧ રન જ બનાવી શક્યું. સદી ફટકારનાર અને ત્રણ કેચ પકડનાર મંધાનાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી. આ જીત સાથે, ભારત સેમિફાઈનલ માટે કવોલિફાય થયું અને ઓસ્ટ્રેલિયાને હરાવ્યું. આત્મવિશ્વાસથી ભરપૂર ટિમ ઈન્ડિયાએ ફાઈનલમાં આફ્રિકાને હરાવી ઈતિહાસ સર્જ્યો.

**શેફાલી વર્મા...**

મેચના મહત્વના વળાંક પર પાર્ટટાઈમ સ્પિનર શેફાલી વર્માને બોલ પકડાવ્યો. શેફાલીએ પોતાની ઓવરના બીજા જ બોલ પર સુને લુસને કોટ એન્ડ બોલ કરી નાખી. આગામી ઓવરના પહેલા જ બોલે તેણે એનેકે બોશને પણ પેવેલિયન ભેગી કરી. આ બે વિકેટોએ ફાઈનલમાં સાઉથ આફ્રીકાનું મોમેન્ટમ તોડી નાખ્યું.

**વોડાફોન-આઈડીયા...**

સ્થિત વોડાફોન આઈડિયા પાસેથી કામગીરી સંભાળશે. સરકાર, જે કંપનીની ૪૯% હિસ્સા સાથે સૌથી મોટી શેરધારક છે, તે નિષ્ક્રિય રોકાણકાર રહેશે.

રોકાણકાર કંપની ટીજીએચ સરકાર પાસેથી તમામ બાકી લેણા માફ કરવાની માંગ કરી રહી નથી, પરંતુ કંપનીને શ્વાસ લેવાની જગ્યા આપવા માટે આ જવાબદારીઓનું પુનર્ગઠન ઈચ્છે છે. આ માટે, તેણે સરકારને એક વિગતવાર દરખાસ્ત રજૂ કરી છે. ટીજીએચ જણાવે છે કે તેનો પ્રસ્તાવ સરકારના પ્રસ્તાવિત રાહત સાથે સુસંગત છે. ટીજીએચ ટેલિકોમ ક્ષેત્રની મજબૂત સમજ ધરાવે છે. કંપનીના ચેરમેન સંજીવ આહુજાએ ૨૦૦૩ અને ૨૦૦૭ વચ્ચે ફ્રેન્ચ ટેલિકોમ કંપની ઓરેન્જનું સફળતાપૂર્વક રૂપાંતર કર્યું હતું.ટીજીએચ એ અગાઉ લગભગ ૧૮ મહિના સુધી વોડાફોન આઈડીયામાં રોકાણ કરવા અંગે વાટાઘાટો કરી હતી, પરંતુ ગયા વર્ષે જ્યારે વોડાફોન આઈડિયાએ શેર વેચાણ દ્વારા ભંડોળ એકત્ર કરવાનું નક્કી કર્યું ત્યારે તે પાછી ખેંચી લીધી હતી. તાજેતરના મહિનાઓમાં આ વાટાઘાટો ફરી શરૂ થઈ છે.

(૪થા પાનાનું ચાલુ)

## તુલસી વિવાહ

બિરાજમાન કરીને ભવ્ય જાન કાઢવામાં આવી હતી જેમાં ૨૦૦૦થી વધુ ભક્તોએ વાજતે-ગાજતે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વરરાજા પર ફૂલોનો વરસાદ કરીને પોતાની ભકિત વ્યકત કરી હતી. આ શુભ પ્રસંગે પીઠવા પરિવારે તુલસી માતાજીનું કન્યાદાન કરવાની પવિત્ર વિધિ સંપન્ન કરી હતી.

આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય આપણી પ્રાચીન સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓને જીવંત રાખવાનો છે,

જયશ્રીબેને ખાસ કરીને સૌને અનુરોધ કર્યો હતો કે જ્યાં પણ આવા ધાર્મિક આયોજનો થતા હોય, ત્યાં બાળકોને અવશ્ય લઈ જવા જોઈએ જેથી તેમને સંસ્કૃતિનું મૂલ્યવાન જ્ઞાન અને સંસ્કાર મળી શકે. તેમણે તુલસીજીનું ધાર્મિક મહત્ત્વ સમજાવતા કહ્યું કે શાસ્ત્રો અનુસાર તુલસીજીનું સ્થાન દરેક ઘરમાં હોય છે અને ભગવાન શ્રીકૃષ્ણને ગમે તેવો ઉત્તમ ભોગ પણ તુલસીપત્રના સ્પર્શ વિના અર્પણ કરવામાં આવે તો તેઓ તેનો સ્વીકાર કરતા નથી. આ સમગ્ર ધાર્મિક ઉત્સવમાં ૨૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહીને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

(૧૧માં પાનાનું ચાલું)

## વાજબી ભાવની દુકાનો...

ડિલિવરી પ્રક્રિયા વધુ પારદર્શક બનાવવા માટે મંત્રીની અધ્યક્ષસ્થાને લેવાયેલા ઠરાવ મુજબ ગ્રામ્ય અને શહેરી તકેદારી સમિતિના સભ્યોનું બાયોમેટ્રિક વેરિફિકેશન ફરજિયાત બનાવાયું છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ઓછામાં ઓછા ૫૦ ટકા સભ્યોનું વેરિફિકેશન પૂર્ણ કરવાનું રહેશે.

રાજ્ય સરકાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગરીબ કલ્યાણ અન્ન યોજનાને વધુ અસરકારક બનાવવા કટિબદ્ધ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

## ખેડૂતોને સહાયરૂપ...

પણ નુકસાનનું નોંધણી કાર્ય હાથ ધરવામાં આવે.રાજ્ય સરકારના આ નિર્ણયથી ગ્રામ્ય વિસ્તારોમાં રાહત અને આશાનો માહોલ સર્જાયો છે.રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. કુદરતી આપત્તિની આ અણધારી પરિસ્થિતિમાં રાજ્ય સરકાર ખેડુતોની પડખે મજબૂતીથી ઉભી છે, તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ દ્વારા જણાવ્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્યના મંત્રીમંડળના સભ્યો વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને ખેડૂતોની સ્થિતિ જાણી રહ્યા છે. તંત્ર દ્વારા પાકને થયેલા નુકસાનનો સર્વે ઝડપી ગતિએ હાથ ધરાયો છે અને હું સતત મંત્રીઓ તથા અધિકારીઓ સાથે સંકલનમાં છું .

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# વીજ ચોરો સામે પીજીવીસીએલની લાલ આંખ: ૭૮૯ જગ્યાએ ચેકિંગ: ૨૨.૨૮ લાખનો દંડ

## આગામી દિવસોમાં પીજીવીસીએલ તંત્ર ચેકિંગની ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવે તેવી શક્યતા: વીજ ચોરોમાં ફફડાટ

**અબતક, રાજકોટ**

છેલ્લાં કેટલાંક સમયથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજચોરીનું દૂષણ એટલું વ્યાપક બની ગયું છે કે પીજીવીસીએલને દર વર્ષે દહાડે કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાની વારો આવે છે. નિયમિત ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરી પાડવાની કટિબદ્ધતા આડે બાવા વીજચોરો અંતરાય બનીને ઊભા રહી જાય છે. પરિણામે વીજતંત્રને તેની રોજિંદી કામગીરી ઉપરાંત આવા તત્વો સામે ઝઝૂમવામાં સમય આપવો પડે છે. સરવાળે, નિયમિત ગ્રાહકોને પણ ક્યારેક તેમના કામોમાં સમયનો વિલંબ થતો હોવાનું અનુભવાયા વગર રહેતું નથી.

વીજચોરીના આ સામાજિક દૂષણને ડામવા પીજીવીસીએલ દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ, વધુ વીજલોસ ધરાવતા ફીડરો પર આયોજનબદ્ધ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા આવા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે અને વિવિધ વર્તુળ કચેરીઓના અધિક્ષક ઈજનેરો તેમજ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો-જિલ્લાઓમાં ઈજનેરોની સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા સામૂહિક વીજચેકિંગ સામૂહિક વીજચેકિંગ ડ્રાઈવનું આયોજન કરીને આવા તત્વોને સબક શીખવવામાં આવે છે.

### ૩૪૨૮૬ વીજજોડાણોમાં ગેરરીતી મળી આવી

નોંધનીય છે કે એપ્રિલ-૨૫ થી તા. ૦૧.૧૧.૨૫ ના સમયગાળા દરમિયાન રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળ કુલ ૩૪૨૮૬ વીજજોડાણ ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૩૦૯૪ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂ. ૧૧૭૧.૪૪ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે.

૪ શનિવાર આવી જ ઈન્સ્ટોલેશન ડ્રાઈવના અનુસંધાને રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળ આવતી રાજકોટ શહેર-૧ વિભાગીય કચેરી હેઠળની મોરબી રોડ, સૌરાષ્ટ્રયાવડી, પ્રહલાદ પ્લોટ અને આજી-૧ પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારો જેમકે, ભગવતીપરા શેરી નં. ૧ થી ૩, જયપ્રકાશ નગર, નંદનવન સોસાયટી, વન્દેમાતરમ શેરી નં. ૧ થી ૪, અનમોલ પાર્ક, કરણપરા વિસ્તાર, આશાપુરા રોડ, કનક રોડ, બસ સ્ટેન્ડ ની પાછળનો વિસ્તાર, નારાયણ નગર, ઘનશ્યામ નગર, ઈન્દિરા નગર, દેવપરા માર્કેટ વિસ્તાર, બેડીપારા શ્રમજીવી સોસાયટી, ચુનારવાડ, ભાવનગર રોડ વગેરે માં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૭ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમિયાન રહેણાંક, વાણિજ્યિક વગેરે મળીને કુલ ૭૮૯ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યા હતા, જે પૈકી ૭૪ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલુમ પડતાં કુલ રૂ. ૨૨.૨૮ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# અધ્યાપકોના રિસર્ચ માટે ૧.૮૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી

## એક વર્ષ અને બે વર્ષ એમ, અલગ અલગ પ્રોજેક્ટ માટે અલગ અલગ ગ્રાન્ટ આપવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજ્યની જૂદી જૂદી કોલેજો અને યુનિવર્સિટીઓ ઉપરાંત ટેકનિકલ કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકોને રિસર્ચ ફેલોશીપ સ્કીમ અંતર્ગત ખાસ ગ્રાન્ટ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા આ માટે ખાસ પોણા બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. અધ્યાપકોએ પોતાના રિસર્ચ માટે ગ્રાન્ટ મેળવતાં પહેલા સ્ક્રુટીની કમિટી દ્વારા તેનુ મુલ્યાંકન કરવામાં આવશે જેમાં ૧૦૦માંથી ૬૦ માર્કસ મેળવે તેવા અધ્યાપકને જ મેજર અને માઈનોર રિસર્ચ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવશે. રિસર્ચ ફેલોશીપ સ્કીમ અંતર્ગત દરેક અધ્યાપકોને રિસર્ચ માટે ઓફર કરવામાં આવી છે. આ સ્કીમમાં જુદા જુદા ૩૭ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ વિષયો ભણાવતાં અધ્યાપકો ઇચ્છે તો માઈનોર અને મેજર પ્રોજેક્ટ માટે સરકારની આ સ્કીમનો લાભ લઈ શકશે. જેમાં મેજર પ્રોજેક્ટ માટે બે વર્ષ દરમિયાન સાડા ત્રણ લાખ રૂપિયા અને આજ પ્રકારના એક વર્ષના પ્રોજેક્ટ માટ લાખ ૭૫ હજાર રૂપિયા ફેલોશીપ એટલે કે ગ્રાન્ટ ફાળવવામાં આવશે. ગ્રપ એમાં આવતાં ૨૦ વિષયો પર સંશોધન કરનારા અધ્યાપકોને આ પ્રકારના લાભ આપવામાં આવશે. જોકે, એગ્રીકલ્ચર, કોમર્સ ઝુઓલોજી, ઈકોનોમિક્સ સહિતના અન્ય ૧૫થી વધારે વિષયો પર બે વર્ષના પ્રોજેક્ટ માટે ૨ લાખ રૂપિયા અને એક વર્ષના પ્રોજેક્ટ માટે એક લાખ રૂપિયા ગ્રાન્ટ આપવામાં આવશે.

આ સિવાય ગ્રુપ સીમાં આવતાં વિષયો જેવા કે અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતમાં મેજર પ્રોજેક્ટ માટે ૧ લાખ રૂપિયા અને બે વર્ષના પ્રોજેક્ટ માટે ૫૦ હજાર રૂપિયા ચુકવવામાં આવશે. આમ, કુલ ૧ કરોડ ૮૦ લાખ રૂપિયા જેટલી ગ્રાન્ટ આ પ્રકારના અધ્યાપક રિસર્ચ માટે ફાળવવામાં આવી છે.

મહત્વની વાત કે, અધ્યાપકો દ્વારા કોઈપણ પ્રકારનો રિસર્ચ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવે ત્યારે સ્ક્રુટીની કમિટી દ્વારા તેનું મુલ્યાંકન કરવામાં આવશે. મુલ્યાંકન અંતર્ગત રિસર્ચ પ્રશ્નના ૨૦ ગુણ, લીટરેચર રીવ્યુના ૨૦ ગુણ, રિસર્ચ મેથડના ૩૦ ગુણ અને અન્ય ૩૦ ગુણ મળીને કુલ ૧૦૦ ગુણ પ્રમાણે મુલ્યાંકન કરવામાં આવશે. નોલેજ કોન્સોર્ટિયમ ઓ ગુજરાત એટલે કે કેસીજીની એક્સપર્ટ કમિટી દ્વારા મુલ્યાંકન કરવામાં આવશે. જેમાં કુલ ૧૦૦માંથી ૬૦ ગુણ આવે તેવા રિસર્ચ પેપરને ગ્રાન્ટ ફાળવવા અંગે વિચારણા કરવામાં આવશે. જોકે, ૬૦ ગુણથી ઓછા ગુણ આવે તેવા રિસર્ચ પેપરને પસંદગીમાં લેવામાં આવશે નહી તેવી સ્પષ્ટતાં પણ કરવામાં આવી છે.

# સ્વામિનારાયણ ગુરૂકુલમાં શાકભાજી-ફળોની સુંદર હાટડીએ શ્રધ્ધાળુઓનું મન મોહ્યું

**અબતક, રાજકોટ**



સ્વામિનારાયણ ગુરૂકુલમાં કાર્તિકી પ્રબોધિની એકાદશીના દિવસે ઘનશ્યામ મહારાજ આગળ વિવિધ શાકભાજી અને ફળો સુંદર હાટડી પુરવામાં આવી હતી.

ગુરુ મહારાજ દેવ કૃષ્ણદાસજી સ્વામીના હસ્તે હાટડીની આરતી ઉતારવામાં આવી હતી. અંદાજિત ૫૦૦ કિલો શાકભાજી અને ૨૦૦ કિલો ફળોની હાટડી જ્ઞાનજીવનદાસજી સ્વામી અને દિવ્ય ચરણદાસ સ્વામીના માર્ગદર્શન નીચે ગોઠવવામાં આવી હતી. હાટડીમાં વિવિધ સુત્રો લગાવવામાં આવ્યાં હતા. મહિલા મંદિરના સાંખ્ય યોગી બહેનો અને મહિલા હરિભક્તોએ શાકભાજી અને ફ્રૂટનું કટીંગ કરીને વિવિધ કૃતિઓ બનાવી હતી. શાકભાજીની હાટડીના દર્શન કરી અને સંતો તથા હરિભક્તો ધન્ય થયા હતા.

### સરદાર પટેલ જન્મજયંતિ નિમિતે

# સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ દ્વારા પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ

**અબતક, રાજકોટ**

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે સરદાર સ્મારક ભવન, રેષકોર્ષ, કિસાનપરા ચોક ખાતે પ્રાર્થના, સરદારની પ્રતિમાને પુષ્પાંજલિ અને સુતાંજલિનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ જયંતિભાઈ કાલરિયા, મંત્રી અલ્પાબેન ત્રિવેદી તથા ટ્રસ્ટી ધીરૂભાઈ ધાબલિયા અને



કૌશિકભાઈ મહેતા ઉપસ્થિત રહેલ તેમજ અન્ય સંસ્થાના હોદેદારો તથા બહોળી સંખ્યામાં રાજકોટના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સમસ્ત લેઉવા પટેલ સમાજ દ્વારા સરદાર પટેલની પ્રતિમાને શ્રધ્ધાસુમન અર્પણ

## સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર સમાજ સેવકોનું બહુમાન: ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોધરા, ધારાસભ્ય ઉદય કાનગડ સહિત અગ્રણીઓની ઉપસ્થિતિ

**અબતક, રાજકોટ**

સમસ્ત લેઉવા પટેલ સમાજ રાજકોટ દ્વારા સરદાર પટેલ સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ-રાજકોટ, સરદાર પટેલ મહિલા સોશ્યલ ગ્રુપ-બેડીપરા તથા સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ બેડીપરા રાજકોટના સહયોગમાં અખંડ ભારતના શિલ્પી, પ્રામાણિક, નીડર, બહાદુર, કુશળ, રાજનીતિજ્ઞ, બાહોશ વહીવટકર્તા, લોહપુરુષ વિગેરે જેવા ગુનો ધરાવનાર અને ચાણક્ય " જેવી બુદ્ધિ પ્રતિભા તથા દીર્ઘદ્રષ્ટિવાળા "મહામાનવ" એવા "સરદાર" વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે તેમનું ઋણ સ્વીકાર કરી ભાવાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન "પટેલવાડી" બેડીપરા રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.




ત્યારબાદ "સરદાર પ્રતિમાને પુષ્પહાર/પુષ્પપંખ દ્વારા ભાવાંજલિ અર્પણ કરી ઋણ સ્વીકાર કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોધરા, રાજકોટ- ૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડી.સી.પી. રાજકોટ હેતલબેન પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી વૈષ્ણવ. સિલ્વર એસોસિયેશનના પ્રમુખ અનિલભાઈ તળાવીયા, ઈમિટેશન એસોસિયેશનના પ્રમુખ મનીષભાઈ વસોયા, પ્રવીણભાઈ આંબલીયા એ સમસ્ત લેઉવા પટેલ સમાજના પૂર્વ પ્રમુખ ધરમશીભાઈ નાથાણી ત્યા એસ.આર પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર તથા અશ્વિનભાઈ મોલીયા, વગેરેએ સરદારની પ્રતિમાને હારતોરા, પુષ્પહાર દ્વારા ઋણ સ્વીકાર કરી નમન કર્યુ હતુ.

આ પ્રસંગે મહાનુભાવોને શાલ ઓઢાડી શિલ્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જેમાં ડો.ભરતભાઈ બોધરા ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષને સમાજના પ્રમુખ દિલીપભાઈ લુણાગરીયા તથા મંત્રી અલ્પેશભાઈ લુણાગરીયા સહિતનાઓને સન્માનીત કર્યા હતા. આ કાર્યક્રમનાં સંકલન, સંચાલન તથા વ્યવસ્થા માટે દિલીપભાઈ લુણાગરીયા, અલ્પેશભાઈ લુણાગરીયા, રમેશભાઈ અકબરી, જયસુખભાઈ કિયાડા, પ્રકાશભાઈ બાસીડાએ જહેમત ઉઠાવી હતી.

# ગુરૂનાનક જયંતિએ બુધવારે ઓશો મંદિરે ધ્યાન શિબિર સંતવાણી સહિતના કાર્યક્રમો

**અબતક,રાજકોટ**

રાજકોટના હૃદય સમા કિસાનપરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિર પર તા.૫ને બુધવારના રોજ ગુરૂનાનક જયંતિ, પૂનમ,દેવ દિવાળી નિમિતે રાજકોટના ઓશોપરિવારના માં નિર્દોષ ધૈર્ય (હિનામા) સ્વામિ ધ્યાન દિપ (દિલીપભાઈ ચંદવાણી)એ બપોરના ૩ થી રાત્રીના ૮.૩૦ દરમ્યાન નિશુલ્ક ઓશો ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે. શિબિરનું સંચાલન સ્વામિ સત્ય પ્રકાશ કરવાના છે. શિબિર દરમ્યાન ઓશોના વિવિધ ધ્યાન પ્રયોગો,



ઓશો વિડીયો દર્શન સતનામ, સતનામકિર્તન સાથે ગુરૂનાનક દેવ જયંતિની જમ્બો કેક કટીંગ માં નિર્દોષ ધૈર્ય તથા સ્વામિ ધ્યાન દિપ દ્વારા કટીંગ કરી ગુરૂનાનક જયંતિ ઉલ્લાસભેર ઉજવાશે. સન્મયાન ઉત્સવ, સંધ્યા સત્સંગ બાદ રાત્રીના ૮.૩૦ વાગ્યે મહાપ્રસાદ યોજાશે.

મહાપ્રસાદ બાદ રાત્રે ૯ વાગ્યે સંતવાણીનું આયોજન સ્વામિ આનંદ તીર્થ (બકુલભાઈ ટીલાવત) દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં જેનું સ્થળ વિવિધ સંતો મહંતોની વાણી રજૂ કરી લોકોને ભક્તિમાં લીન કરશે.ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિર, કિસાન પરા ચોક, રાજ્યભાઈ ફુલવાળાની વિશેષ માહિતી તથા શિબિરમાં સહભાગીતા માટે એસએમએસ કરવા માટે સ્વામિ સત્ય પ્રકાશ ૯૪૨૭૨ ૫૨૨૭૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

# મારવાડી યુનિ.ના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય એકતા અખંડિતાના લીધા સંકલ્પ

**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના સહયોગથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રીય એકતા પ્રતિજ્ઞા સાથે કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંકલ્પ સાથે પ્રતિજ્ઞા લીધી હતી.




## એકતા દિવસ નિમિતે 'રન ફોર યુનિટી' યોજાઈ: એપીએમસી બેડીના ચેરમેન જયેશ બોધરા, પી.આઈ. બી.પી. રાજયા સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

આ પ્રસંગે જયેશભાઈ બોધરા (ચેરમેન, એપીએમસી બેડી), પોલીસ ઈન્સ્પેક્ટર બી.પી. રાજ્યા (કુવાડવા પોલીસ સ્ટેશન) તેમજ સરપંચ શ્રી અને ઉપસરપંચ બેડી ગ્રામ પંચાયત વિશિષ્ટ ઉપસ્થિત રહ્યા હતા. દોડનો ફ્લેગ-ઓફ જયેશભાઈ બોધરા, પી.આઈ. બી પી રાજ્યા, પ્રો. રાજેશ પટેલ ડીન, સ્ટુડન્ટ વેલ્ફેર, મારવાડી યુનિવર્સિટી તથા ઉપસ્થિત અન્ય મહાનુભાવોના હસ્તમાં આવ્યો હતો. નવનીત પટેલ (એનએસએસ પ્રોગ્રામ ઓફિસર, મારવાડી યુનિવર્સિટી) તથા કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના સ્ટાફના નેતૃત્વ હેઠળ એનએસએસ વોલન્ટિયર્સ, એનસીસી કેડેટ્સ તથા અન્ય વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર એકતા દોડમાં ભાગ લીધો હતો.

આ દોડ મારવાડી યુનિવર્સિટી મુખ્ય દ્વારથી શરૂ થઈ સરદાર વલ્લભભાઈ પટેલ એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ યાર્ડ, બેડી સુધી યોજાઈ હતી.

કાર્યક્રમના અંતે એપીએમસી માર્કેટ યાર્ડના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું અને રિફ્રેશમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મારવાડી યુનિવર્સિટીના કો-ફાઉન્ડર જીતુભાઈ ચાંદરાણાએ કાર્યક્રમના સફળ આયોજન બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ડિપ્રેશન નબળું પડ્યું છતા વરસાદની શક્યતા, આગામી દિવસોમાં ઠંડક વધશે

## ૮ નવેમ્બરમાં ઉત્તરીય પર્વતીય ભાગોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની શક્યતા

**અબતક, રાજકોટ**

અરબી સમુદ્ર પર સર્જાયેલી સિસ્ટમના લીધે રાજ્યમાં કમોસમી વરસાદે કહેર મચાવ્યો છે, ત્યારે હવે સિસ્ટમ નબળી પડી છે છતાં ૫ નવેમ્બર સુધી રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદની વકી છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, ૫થી ૮ નવેમ્બરમાં દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાની શક્યતા છે ત્યારબાદ રાજ્યમાં ઠંડી વધવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અરબી સમુદ્રમાં બનેલી સિસ્ટમ કાલ સુધી વેલમાર્ક લો પ્રેશર હતી, જે નબળી પડીને હવે લો પ્રેશર એરિયા બની છે. જે આગામી ૨૪ કલાકમાં વધુ નબળી પડશે. તેથી વરસાદના જોરમાં ઘણો ઘટાડો થશે. દરિયાકાંઠાના વિસ્તારમાં ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. પોર્ટ પર ૩ નંબરનું સિગ્નલ લગાવાયું છે. ૩ નવેમ્બરે ઉત્તર ગુજરાતના તમામ જિલ્લા બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાં ઘણી જગ્યાએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લામાં અમુક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ૪ નવેમ્બરે સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.

# સર્વેશ્વર મહાદેવ મંદિર મિલાપ નગર ખાતે આજે શ્રીનાથજી ભક્તિસંગીતનો કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

અહીંના મિલાપ નગર યુનિવર્સિટી રોડ ખાતે આવેલા સર્વેશ્વર મહાદેવ મંદિર ના સાનિધ્યમાં ચાલી રહેલ ચોટાઈ પરિવાર આયોજિત ભાગવત સમાહમાં આજે રાત્રે ૮.૩૦ કલાકે શ્રીનાથજી બાવા ના ભક્તિગીતો નો કાર્યક્રમ યોજાશે જેમાં દિનેશ બાલાસરા,રાજ પંજાબી,દીપ્તિ બાલાસરા અને કિરીટ જોશી રજુઆત કરશે જ્યારે સાજીંદા તરીકે મહેશ પરમાર,દેવાંગ જાની તથા મહર્ષિ શીંગાળા સાથ આપશે.ઉપરોક્ત કાર્યક્રમમાં લાભ લેવા ચોટાઈ પરિવાર અને બુધ્ધદેવ પરિવાર દ્વારા નિમંત્રણ પાઠવાયું છે.

# ઔદિચ્ય બ્રાહ્મણ ખરેડી સમવાય જ્ઞાતિ મંડળ દ્વારા રવિવારે સ્નેહમિલન સરસ્વતિ સન્માન સમારોહ

**અબતક, રાજકોટ**

સંસ્થાના સામાજીક પરંપરા મુજબ વિક્રમ સવંત ૨૦૮૨ના શરૂઆતમાં કારતક વદ પાંચમ તા. ૯ નવેમ્બરને રવિવારે સાંજે પાંચ વાગેથી નાગર બોર્ડીંગ પટાંગણમાં જ્ઞાતિજનો માટે સ્નેહમિલન સહ જ્ઞાતિના જેમને દાંપત્ય જીવનના પચાસ વર્ષ થયેલ હોય તેમનું સન્માન કરવા વડીલ દંપતિ વંદના કાર્યક્રમ યોજેલ છે. તેમજ કેજી થી કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સરસ્વતિ સન્માન પુરસ્કાર વિતરણ કરવામાં આવશે. અંતમાં જ્ઞાતિજનો માટે રાત્રિ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે.

વધુ માહીતી માટે મો.નં. ૯૪૨૭૪ ૧૩૪૦૯ પરી સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# રાજકોટના પૂર્વ મેયર ડો. પ્રદીપ ડવનો આજે જન્મદિવસ

રાજકોટના પૂર્વ મેયર ડો. પ્રદીપભાઈ ડવનો આજે જન્મદિન છે.બાળપણથી જ દેશભક્તિના રંગે રંગાયેલા પ્રદીપભાઈ મૂળ સંગઠનના માણસ છે.તેઓ બે ટર્મ સુધી શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ પદે સેવા આપી હતી. આ સમય દરમિયાન તેઓએ હજારો યુવાનોને ભાજપની વિચારધારા સાથે જોડ્યા હતા અને સંગઠનને મજબૂત બનાવ્યું હતું.પક્ષ પ્રત્યેની નિષ્ઠાને ધ્યાનમાં રાખી તેઓએ રાજકોટ શહેર ભાજપના ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૧માં યોજાયેલી કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીમાં તેઓ વોર્ડ નં.૧૨ માંથી કમળના પ્રતીક પરથી ચૂંટણી લડી તોતિંગ લીડ સાથે વિજેતા બન્યા હતા. તા. ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ તેઓએ રાજકોટ ના પ્રથમ નાગરિક તરીકેની



જવાબદારી ભાજપ હાઈ કમાન્ડ દ્વારા સોંપવામાં આવી હતી.મેયર તરીકેના તેઓના અઢી વર્ષના કાર્યકાળમાં રાજકોટનો અદ્વિતીય વિકાસ થયો છે. તેઓએ અનેક ટીપી સ્કીમ બનાવીની શહેરના વિકાસ માટેનું સોલિડ પ્લેટફોર્મ તૈયાર કર્યું છે.તેઓએ બિજ વાળા મેયરની પણ બિરુદ આપવામાં આવ્યું છે.કારણ કે તેમના મેયર તરીકેના અઢી વર્ષના કાર્યકાળમાં સાત બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શહેરીજનો માટે પણ અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી. આજે જન્મદિન નિમિત્તે તેઓના મોબાઈલ નંબર ૯૯૨૪૮૦૦૦૦૧ શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.તેઓ જીવનમાં સફળતાના શિખરો સર કરે તેવી શુભકામના 'અબતક'પરિવાર પાઠવી રહ્યું છે.

### રોડ સારો તો પણ તકલીફ ખરાબ તો પણ...!!!

# રાજસ્થાનમાં હાઈવે પર બંધ ટ્રેલર પાછળ પ્રવાસી બસ ઘૂસી જતા ૧૫ના મોત તો તેલંગાણામાં ડમ્પરના ચાલકે કાબુ ગુમાવતા ૧૯ના મોત

## ફલોદીમાં બિકાનેરથી પરત ફરી રહેલી પ્રવાસી બસ અકસ્માતમાં ૨ ગંભીર ઘાયલ: તેલંગાણાના રંગારેડ્ડીમાં રજાઓ ગાળીને કોલેજ પરત ફરતા વિદ્યાર્થીઓની બસનો અકસ્માત થતા અનેક ઘાયલ

**અબતક, રાજસ્થાન**

આજની ઝડપી ગતિની દુનિયામાં, દેશભરમાં ટ્રાફિક નિયમોનું બેફામ ઉલ્લંઘન અને બેદરકારીભર્યું ડ્રાઈવિંગ એક ગંભીર રાષ્ટ્રીય સમસ્યા બનીને ઉભરી આવ્યું છે. લોકોમાં જવાબદારીનો અભાવ અને ટૂંકા રસ્તાઓ અપનાવવાની વૃત્તિને કારણે માર્ગ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, જે માત્ર મિલકતને નુકસાન પહોંચાડે છે એટલું જ નહીં, પણ નિર્દોષ લોકોના અમૂલ્ય જીવન પણ છીનવી લે છે. ભલે તે હાઈવે પરની બેફામ ગતિ હોય કે પછી શહેરી વિસ્તારોમાં સિગ્નલ તોડવાની ઘટનાઓ, આ બેદરકારીભર્યા વર્તનને કારણે ક્યારેક સમગ્ર પરિવાર તબાહ થઈ જાય છે. આ વિનાશક વલણને અટકાવવા માટે, માત્ર કડક કાયદાઓ પૂરતા નથી; દરેક નાગરિકે ટ્રાફિક નિયમોનું સખત પાલન કરવા અને રસ્તાઓ પર પોતાની તથા અન્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્વયં જાગૃત થવાની તાતી જરૂરિયાત છે, જેથી અકસ્માતોને અટકાવી શકાય અને માર્ગોને સુરક્ષિત બનાવી શકાય.

ત્યારે હાલમાં દેશના બે અલગ-અલગ રાજ્યોમાં થયેલા ભયાનક માર્ગ અકસ્માતોમાં કુલ ૩૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં રાજસ્થાનના ફલોદી જિલ્લામાં બિકાનેરથી પરત ફરી રહેલી એક પ્રવાસી બસ પાર્ક કરેલા ટ્રેલર સાથે અથડાઈ, જેમાં પંદર યાત્રાળુઓના કરૂણ મોત થયા હતા. બીજી તરફ, તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં એક કાંકરી ભરેલી ડમ્પર ટ્રક આરટીસી બસ સાથે અથડાતાં ૧૯ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગે કોલેજના વિદ્યાર્થીઓ હતા. આ બંને દુર્ઘટનાઓએ હાઈવે પરની સુરક્ષા અને બેફામ ડ્રાઈવિંગ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.રાજસ્થાનના ફલોદી જિલ્લામાં રવિવારે આ દુર્ઘટના બની હતી. બિકાનેરથી પરત ફરી રહેલી પ્રવાસી બસ માટોડા વિસ્તારમાં પાર્ક કરેલા ટ્રેલર સાથે જોરદાર રીતે અથડાઈ હતી, જેના કારણે ઘટનાસ્થળે જ પંદર જેટલા યાત્રાળુઓએ જીવ ગુમાવ્યો હતો. આ ઉપરાંત, બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. અધિકારીઓએ તેમની ગંભીર ઈજાઓને ધ્યાનમાં રાખીને તાત્કાલિક તબીબી સારવાર મળી રહે તે માટે ઝડપી પરિવહન માટે ગ્રીન કોરિડોર સ્થાપિત કર્યો હતો. પોલીસ કમિશનર ઓમ પ્રકાશ પાસવાને પીટીઆઈને જણાવ્યું હતું કે, ‘‘ફલોદી જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. બે ઘાયલ થયા છે. ઘાયલોની સારવાર ચાલી રહી છે. અસરગ્રસ્ત પરિવારને અમારો સંપૂર્ણ સહયોગ છે.‘‘





સોમવારે સવારે તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં વધુ એક ભીષણ અકસ્માત સર્જાયો હતો. તંદુરથી હૈદરાબાદ જઈ રહેલી આરટીસી બસને ચેવેલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનપુર ગેટ પાસે પુરપાટ ઝડપે આવી રહેલી કાંકરી ભરેલી ડમ્પર ટ્રકના ચાલકે કાબુ ગુમાવીને ટક્કર મારી હતી. બસમાં ૭૦થી વધુ મુસાફરો સવાર હતા, જેમાં રજાઓ ગાળીને કોલેજ પરત ફરતા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ડમ્પરની કાંકરી મુસાફરો પર પડી અને ૧૯ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા.

બંને રાજ્યોની સરકારોએ દુર્ઘટનાઓ પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દરેકના પરિવારજનોને પીએમએનઆરએફ તરફથી ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી. પીએમ મોદીએ ટ્વીટમાં દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે, ‘‘આ મુશ્કેલ સમયમાં મારી સંવેદનાઓ અસરગ્રસ્ત લોકો અને તેમના પરિવારો સાથે છે.‘‘ રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પણ ઘાયલોને યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચના આપી.

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પણ અકસ્માત પર દુઃખ વ્યકત કરીને અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવાનો નિર્દેશ આપ્યો. તેમણે મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને ઘાયલોને તાત્કાલિક હૈદરાબાદ પહોંચાડવા અને તેમની શ્રેષ્ઠ મેડિકલ સારવારની વ્યવસ્થા કરવાનો આદેશ આપ્યો. આ બે અલગ-અલગ ઘટનાઓ એ વાતનો સંકેત આપે છે કે ભલે રસ્તાઓ સારા હોય કે ખરાબ, ડ્રાઈવરની બેદરકારી અને અનિયંત્રિત ગતિવિધિઓ હાઈવે પર કેવી ગંભીર મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. હાઈવે પર પાર્ક કરેલા વાહનો અને અનિયંત્રિત ડમ્પર ટ્રકોના કારણે થયેલા આ કરુણ અકસ્માતોએ ફરી એકવાર માર્ગ સલામતીના નિયમોના સખત પાલનની આવશ્યકતા પર ભાર મૂક્યો છે.

### ગુજરાત કી હવા મેં ધંધા હૈ

# ભાઈઓ તો ઠીક ગુજરાતી મહિલાઓએ પણ ડંકો વગાડ્યો

## રાજ્યના તમામ રોકાણકારોમાં મહિલાઓનો હિસ્સો ૨૮% છે, જે ગુજરાતનો અત્યાર સુધીનો સૌથી વધુ હિસ્સો છે

**અબતક,રાજકોટ**

ગુજરાતની મહિલાઓ પૈસા કમાવવા માટે ગંભીર પ્રયાસો કરી રહી છે. શેરબજારમાં મહિલાઓની ભાગીદારી અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે, રાજ્યના તમામ રોકાણકારોમાં મહિલાઓનો હિસ્સો ૨૮% છે, જે ગુજરાતનો અત્યાર સુધીનો સૌથી વધુ હિસ્સો છે. ગુજરાત જેમાં હાલમાં ૧.૦૩ કરોડ શેરબજાર રોકાણકારો છે, તે ભારતના સૌથી વધુ ઈક્વિટી-સેવી રાજ્યોમાંનું એક છે. તેનો ૨૮% મહિલા રોકાણકાર છે.




ગુજરાતી ઘરોમાં મહિલાઓ નાણાકીય નિર્ણય લેવાની જવાબદારી કેવી રીતે વધુને વધુ સંભાળી રહી છે. ભારતના લગભગ ૫૭% રાજ્યોમાં હવે રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ મહિલા રોકાણકારોનો હિસ્સો છે.રસપ્રદ વાત એ છે કે, ગોવા (૩૩%), મિઝોરમ (૩૨.૪%), ચંદીગઢ (૩૨.૨%) અને સિક્કિમ (૩૦.૭%) જેવા નાના રાજ્યો આ જવાબદારીમાં આગળ છે.

ડિજિટલ ઍક્સેસ અને નાણાકીય સાક્ષરતા કેવી રીતે ભૌગોલિક વિસ્તારોમાં મહિલાઓને સશક્ત બનાવી રહી છે. ગુજરાતીઓ પેઢી દર પેઢી ઈક્વિટી રોકાણકારો રહ્યા છે, ઘણા પરિવારોમાં, તે ત્રણ કે ચાર પેઢીની પરંપરા છે.ઘણી કામ કરતી મહિલાઓ વર્ષોથી વ્યવસ્થિત રીતે રોકાણ કરી રહી છે, એસઆઈપી દ્વારા અથવા સીધા ઈક્વિટીમાં. રોગચાળા પછીના બજારમાં તેજી અને આઈપીઓ તેજીએ વધુ પરિવારોને ઈક્વિટી રોકાણ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા.

# અફઘાનિસ્તાનમાં ૬.૩ નો ભૂકંપ: છેલ્લા છ મહિનામાં છ થી વધુનો બીજો તીવ્ર ભૂકંપ

## ૩૧ ઓગસ્ટના ભૂકંપમાં ૨,૨૦૦ થી વધુ લોકોના મોત થયાના બે મહિના પછી જ આ ભૂકંપ આવ્યો છે

**અબતક, દિલ્હી**

રવિવારે મોડી રાત્રે અને સોમવારે ઉત્તર અફઘાનિસ્તાનમાં ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનો આંચકો મઝાર-એ-શરીફ શહેર નજીકના ખોલમ વિસ્તારમાં ૨૮ કિલોમીટરની સુધારેલી ઊંડાઈએ આવ્યો હતો અને રાજધાની કાબુલ સુધી પણ અનુભવાયો હતો.

શરૂઆતમાં આ આંકડો અપડેટ કરતા પહેલા ૧૦ કિલોમીટર ઊંડાઈ નોંધી અને ૩૧ ઓગસ્ટના રોજ પૂર્વી અફઘાનિસ્તાનમાં ૬.૦ ની તીવ્રતાના શકિતશાળી ભૂકંપમાં ૨,૨૦૦ થી વધુ લોકોના મોત થયાના બે મહિના પછી જ આ ભૂકંપ આવ્યો છે, જે દેશના તાજેતરના ઈતિહાસમાં સૌથી ભયંકર ભૂકંપમાંનો એક છે.



અફઘાનિસ્તાનમાં વારંવાર ભૂકંપ આવે છે, ખાસ કરીને હિન્દુ કુશ પર્વતમાળામાં જ્યાં યુરેશિયન અને ભારતીય ટેક્ટોનિક પ્લેટો ભેગા થાય છે.

૧૯૦૦ થી, ઉત્તરપૂર્વીય અફઘાનિસ્તાનમાં ૭ થી વધુ તીવ્રતાના ૧૨ ભૂકંપ આવ્યા છે.

### મનુષ્યના સ્વાસ્થ્યને લઈને કબૂતરને મારી નાખવાના???

# મુંબઈ: કબુતર ખાના બંધ કરી દેવાના વિવાદને લઈને આજથી જૈન સાધુ ભૂખ હડતાલ પર

## જીવદયા ફક્ત જૈનોનો મુદ્દો નથી, તે કરુણા વિશે છે જે દરેક નાગરિકમાં હોવી જોઈએ

**અબતક,દિલ્હી**

જામ મુનિ નિલેશચંદ્ર વિજયે જાહેરાત કરી છે કે તેઓ દાદરમાં કબુતરખાના બંધ કરવાના વિરોધમાં આજથી ભૂખ હડતાળ શરૂ કરશે. તેમને આઝાદ મેદાનમાં ઉપવાસ કરવાની સત્તાવાર પરવાનગી મળી ગઈ છે અને જ્યાં સુધી સરકાર દાદર કબુતરખાનાને ફરીથી ખોલે નહીં ત્યાં સુધી તેઓ ચાલુ રાખવા માટે કટિબદ્ધ છે. તેઓ’જીવ દયા’ માટે વિરોધ કરશે . દાદર કબુતરખાના ફરીથી ખુલશે, એવી તેમની માંગ છે. તેમણે ઘેરાબંધીને ઢાંકતી તાડપત્રી ચાદર દૂર કરવાની યોજના બનાવી છે.



તેમણે કહ્યું કે જીવંત પ્રાણીઓ પ્રત્યે કરુણા જૈન ધર્મનું કેન્દ્ર છે અને જો આવી રીતે બંધ જ કરવા હોય તો સરકાર નવા કબૂતર ખોરાક ક્ષેત્રોને કેમ મંજૂરી આપી રહી છે એવા પશ્નો તેમને કર્યા છે. મુંબઈ મહાનગરપાલિકા એ કહ્યું કે દાદર કબૂતરખાનાને બંધ રાખવાનો નિર્ણય આરોગ્ય અને સ્વચ્છતાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

હવે ફકત ચાર નિયંત્રિત સ્થળોએ જ ખોરાક આપવાની મંજૂરી આપવામાં આવશે જેમાં વરલી જળાશય, અંધેરી પશ્ચિમમાં લોખંડવાલા બેક રોડ, ઐરોલી મુલુંડ ચેક પોસ્ટ વિસ્તાર અને બોરીવલી પશ્ચિમમાં ગોરા ગાઉન્ડનો સમાવેશ થાય છે. જૈન સમુદાયના સભ્યોએ રાજ્ય સરકાર પર બોમ્બે હાઈકોર્ટના વારંવાર નિર્દેશો છતાં વિવાદ ઉકેલવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો છે. જીવદયા ફક્ત જૈનોનો મુદ્દો નથી, તે કરુણા વિશે છે જે દરેક નાગરિકમાં હોવી જોઈએ



**અત્યાર સુધીનો વિવાદ :**

જુલાઈમાં મહારાષ્ટ્ર વિધાન પરિષદે શ્વસન સ્વાસ્થ્યના જોખમોને કારણે ૫૧ કબુતરખાનાઓને તાત્કાલિક બંધ કરવાની જાહેરાત કરી હતી. ઓગસ્ટના રોજ બીએમસીએ દાદર કબુતરખાનાને તાડપત્રીથી ઢાંકી દીધો અને ખોરાક આપવાનું બંધ કર્યું. વિરોધ કરી રહેલા જૈનોએ તેને ફાડી નાખ્યું, જેના કારણે પોલીસ તૈનાત થઈ ગઈ અને ફરી તણાવ શરૂ થયો. તેમણે કહ્યું કે તેમનો મતલબ શાંતિપૂર્ણ ’સત્યાગ્રહ’ હતો, હિંસા નહીં.

જૈનોએ ફરીથી ખોલવાની માંગ કરી, ત્યારે મરાઠી એકીકરણ સમિતિએ આ પગલાનો વિરોધ કર્યો, અને સાધુ પર ઉશ્કેરણીજનક ટિપ્પણી કરવાનો આરોપ લગાવ્યો. પ્રતિબંધ હોવા છતાં, નિયમો હેઠળ ઉલ્લંઘન કરનારાઓને દંડ કરી રહી છે અને દાદર કબુતરખાના નજીક કબૂતરોને ખવડાવવા બદલ ઘણા વ્યક્તિઓ પર કેસ દાખલ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે આ મુદ્દો શ્રદ્ધા અને જાહેર આરોગ્ય બંને સાથે સંકળાયેલો હોવાથી તેમણે કહ્યું કે ઓછા વસ્તીવાળા વિસ્તારોમાં કબૂતરો માટે ખોરાક ની સુવિધા કરી આપશે.

આ પ્રશ્ન ધર્મ નો નથી પણ જીવ દયાનો છે, અને જીવ દયા એ કોઈ ધર્મનો ગુલામ નથી. અને એ લોકોમાં હોવી જોઈએ. સ્વાસ્થ્ય લોકો માટે જરૂરી છે એ વાત સાચી છે પણ ન બોલનારા જીવો ના સ્વાસ્થ્યનું શું? પક્ષીઓમાં ફ્લૂ થાય છે તો લોકો પક્ષીઓનો નાશ કરવાનું કહે છે, જો મનુષ્યમાં કોઈ રોગ આવશે તો... દૂધ આપનારા પ્રાણીઓ તમને દૂધ ન આપે, જો તેમને બીમારી થઈ હોય તો એ બીમારી થી તમને કંઈ નુકસાન ન થાય તે માટે તમે તેમને રજડતા મૂકી દો છો તમારી જરૂરિયાત પ્રમાણે તમે તેમનો ઉપયોગ કરો છો અને પછી તેમને છોડી મૂકી છો અને હવે એ પશુઓનું કોણ થશે? તેમના ચારાઓનું શું ? તેમનું કોણ ધણી થશે? હવે તે ન બોલનારા જીવનો શું વાંક?

જો આ જ રીતે થશે તો થોડા જ સમયમાં તેમનો નાશ થઈ જશે અને તેઓ જોવા પણ દુર્લભ બની જશે. જેમ હવે લોકો દુર્લભ પ્રાણીઓ , પક્ષીઓ, કે બીજા વન્ય જીવોને પ્રાણીસંગ્રહાલયમાં જોવા જાય છે તેવું બની જશે. જેવી રીતે આપણને સ્વતંત્રતા જોઈએ છે તેવી રીતે તેમને પણ જોઈએ છે. આ બાબતે આપણે મનુષ્ય તરીકે આપણી ફરજ બજાવી જોઈએ.



# માર્કેટયાર્ડમાં મગફળી, કપાસ અને સોયાબીનની બમ્પર આવક

**અબતક રાજકોટ**

આજે રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ખેતીજ ઉત્પાદનોની ધમધમતી આવક નોંધાઈ હતી. કુલ ૧૦૫૦થી વધુ વાહનો યાર્ડમાં પ્રવેશ્યા હતા, જેમાં મગફળી, કપાસ અને સોયાબીન સહિતના અનેક પાકોની નોંધપાત્ર આવક થઈ હતી. વહેલી સવારે જ ખેડૂતો અને વેપારીઓની અવરજવર વધતા યાર્ડમાં ચહલપહલ જોવા મળી હતી.

આજના દિવસે મગફળીની આવક આશરે ૨૦,૦૦૦ મણ, સોયાબીનની ૧૯,૦૦૦ મણ, કપાસની ૨૦,૦૦૦ મણ, ઘઉંની ૫,૦૦૦ મણ, ચણાની ૭,૦૦૦ મણ, લસણની ૩,૦૦૦ મણ, મગની ૪,૫૦૦ મણ, અળદની ૪,૦૦૦ મણ, સફેદ તલની ૫,૦૦૦ મણ, સિંગફાડાની ૧૦,૦૦૦ મણ અને જીરુંની ૪,૫૦૦ મણ જેટલી નોંધાઈ હતી.

યાર્ડના તમામ પ્રવેશદ્વારેથી આવનારા વાહનોને ક્રમવાર ઉતરાઈ માટે મોકલવામાં આવ્યા હતા. રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, ઉપાધ્યક્ષ તથા ડિરેક્ટરઓની ઉપસ્થિતિમાં તંત્ર દ્વારા તમામ વિભાગો વચ્ચે સુવ્યવસ્થા જાળવી રાખી હતી.

ખેડૂતોને યોગ્ય ભાવ મળે તે માટે વેપારીઓ વચ્ચે હરાજી પ્રક્રિયા પારદર્શક રીતે ચાલી રહી હતી. આજે સવારે થયેલી બોલી દરમિયાન મગફળી અને કપાસના ભાવોમાં ઉત્સાહજનક સુધારો જોવા મળ્યો હતો.

યાર્ડમાં ખેડૂતોમાં સકારાત્મક માહોલ જોવા મળ્યો હતો, જ્યારે તંત્રની ચુસ્ત વ્યવસ્થાથી કોઈ અવરોધ વિના ઉતરાઈ કામગીરી પૂર્ણ થઈ હતી. રાજકોટ માર્કેટયાર્ડે ફરી એક્વાર પોતાના કાર્યક્ષમ સંચાલન અને સુવ્યવસ્થિત સિસ્ટમથી સૌરાષ્ટ્રના ખેડૂતોનો વિશ્વાસ જીત્યો છે.

## માર્કેટયાર્ડમાં ૧૦૫૦થી વધુ વાહનોની ક્રમશ ઉતરાઈ કરાઈ

# અદાણી સોલારે ૧૫,૦૦૦ મેગાવોટના સૌર પેનલનું કર્યું શિપિંગ

## મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલને આગળ વધારવામાં કંપનીની ભૂમિકા

**અબતક,રાજકોટ**

અદાણી સોલારે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ૧૫,૦૦૦ મેગાવોટથી વધુ સૌરપેનલ (મોડ્યુલ)નું શિપિંગ કરીને એક મોટો સીમાચિહ્ન પાર કર્યો છે - આ સિદ્ધિ હાંસલ કરનાર પ્રથમ અને સૌથી ઝડપી ભારતીયકંપની બની છે. કુલ શિપમેન્ટમાંથી૧૦,૦૦૦ મેગાવોટ ભારતમાંપ્લાન્ટ કરવામાં આવ્યાછે અને ૫,૦૦૦ મેગાવોટ વિદેશમાં નિકાસ કરવામાં આવ્યા હતા,સરળ ભાષા માં કહીએ તોલગભગ ૭,૫૦૦ ફૂટબોલ મેદાનોને આવરીલે એટલા ૨૮ મિલિયન મોડ્યુલની સમકક્ષ છે.



આ મોડ્યુલોમાંથી લગભગ ૭૦ ટકા ઉત્પાદન અદાણીના ભારતમાં બનાવેલા સૌરસેલનોઉપયોગ કરીને કરવામાં આવ્યુંછે, જે મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલને આગળ વધારવામાં કંપનીની ભૂમિકા દર્શાવે છે. મુંદ્રા સ્થિત અદાણી સોલાર આગામી નાણાકીય વર્ષ સુધીમાં તેની ઉત્પાદન ક્ષમતા ૪,૦૦૦ મેગાવોટથી બમણી કરીને ૧૦,૦૦૦ મેગાવોટ કરવાની યોજના ધરાવે છે અને આગામી વર્ષોમાં વધુ ૧૫,૦૦૦ મેગાવોટપેનલ મોકલવાનું લક્ષ્ય રાખે છે.રિસર્ચ ફર્મ વુડ મેકેન્ઝી દ્વારા વિશ્વના ટોચના૧૦ સોલાર મોડ્યુલ ઉત્પાદકોમાં આ કંપની એકમાત્ર ભારતીય ઉત્પાદક છે જેનું નામ છે.

ગયા અઠવાડિયે એક અહેવાલમાં વુડ મેકેન્ઝીએ જણાવ્યું હતું કે ભારતની સોલાર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા૨૦૨૫ સુધીમાં૧૨૫ ગીગાવોટ ને વટાવીજશે, જે સ્થાનિક બજારની માંગ૪૦ ગીગાવોટ કરતા ત્રણ ગણી વધારે છે.

’પરફેક્ટ સ્ટોર્મ ઈન ધ ઈન્ડિયન સોલાર સપ્લાય ચેઈન’ નામના અહેવાલમાં જણાવાયું છે કે નજીકના ગાળાના પડકારો છતાં, ભારત પાસે ચીનના સોલાર સપ્લાયક્ષેત્રમાં જે વર્ચસ્વછે તેનો વિકલ્પ બનવાની સ્પષ્ટ સંભાવના છે.૫૦ થી વધુ જિલ્લાઓમાં હાજરી સાથે, અદાણી સોલાર ભારતના સૌથી મોટા સોલાર મોડ્યુલ વિતરણ નેટવર્કનું સંચાલન કરે છે, જે ઉચ્ચ ગુણવત્તાવાળા, સ્થાનિક રીતે ઉત્પાદિત સૌર ઉત્પાદનોનેલોકોને ઉપલબ્ધ કરાવે છે.

ભારતની સ્થાપિત વીજળી ક્ષમતાના અડધાથી વધુ પહેલાથી જ બિન-અશ્મિભૂત ઈંધણમાંથી મેળવવામાં આવી રહ્યા છે - તેના પેરિસએગ્રીમેન્ટના લક્ષ્યાંકથી પાંચ વર્ષ આગળ - દેશ૨૦૩૦ સુધીમાં૫૦૦ ગીગાવોટ સ્વચ્છ ઉર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાના માર્ગ પર છે.

દારૂ-જુગારના દરોડા પર ઉઠી...

# ક્રાઈમનો સપાટ્ટો, ૧૨થી વધુ વિસ્તારોમાં કોમ્બીંગ અને ચેકીંગ





## પીઆઈ એમ.એમ.ડામોર અને એસ.એમ.જાદવની ટીમ ફિલ્ડમાં ઉતરતા ગુનેગારોમાં ફફડાટ

## તીક્ષ્ણ હથિયાર સાથે ઝડપાયેલા ૧૧ને કાયદાનું ભાન કરાવ્યું અને કેફી પીણું પીધેલા ૧૫ શખ્સોનો નશો ઉતારતી પોલીસ



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાને લીધે પોલીસનું મોરલ તૂટતા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા ગુનેગારો પર તૂટી પડવા આપેલા આદેશને પગલે ક્રાઈમ બ્રાન્ચની બે ટીમો દ્વારા ડિટેક્શન અને દારૂ-જુગારના દરોડાથી પર ઉઠી શહેરના સંવેદનશીલ જેવા ગણાતા વિસ્તારોમાં કોમ્બીંગ અને ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં તીક્ષ્ણ હથિયાર સાથે ૧૧ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે તેમજ ૧૫ શખ્સો ડમડમ હાલતમાં ઝડપાતા તેનો નશો ઉતારવામાં આવ્યો છે.

વધુ વિગત મુજબ શહેરમાં એક પખવાડીયામાં આઠ મર્ડર અને સામસામા ફાયરીંગ જેવી ગંભીર ઘટનાઓથી ગુનાખોરીનો ગ્રાફ સેન્સેક્સની જેમ ઉછળતા બુધ્ધીજીવીઓમાં રોષ વ્યાપ્યો હતો. જેને પગલે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા હરકતમાં આવી તમામ પોલીસ મથકના તાબાના અધિકારી અને મહત્વની બ્રાન્ચને ફિલ્ડમાં રહેવા અને કડક હાથે કામગીરી કરવાના આદેશ આપ્યા હતા. જેના પગલે છેલ્લા ત્રણ દિવસથી સઘન પેટ્રોલીંગ અને વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ક્રાઈમ બ્રાન્ચે દારૂ-જુગારના દરોડાથી પર ઉઠી શહેરના જંગલેશ્વર, આંબેડકરનગર, બાલાજી હોલ, ભૂતખાના ચોક, મવડી ચોકડી, કે.કે.ચોક, ઈન્દિરા સર્કલ, આકાશવાણી ચોક, પારેવડી ચોક, ગાંધીગ્રામ, બજરંગવાડી અને ભગવતીપરા સહિતના વિસ્તારોમાં નાઈટ પેટ્રોલીંગ અને કોમ્બીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં છરી, દારૂ પીધેલા, અને નંબર પ્લેટ વિના વાહન અને કાળા કાચ વાળી ગાડીઓને ચેકીંગ કરતા અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજકોટ તાલુકો પોલીસ સ્ટેશનમાં ૩, ગુના,બી ડિવિઝન પો.સ્ટે.માં ૩ ગુના, ભક્તિનગર પો સ્ટે. ૧ ગુનો, આજીડેમ પો સ્ટે માં.૨ ગુના, પ્ર નગર પો.સ્ટે.૧ ગુનો આમ છરી સાથે ૧૧ શખ્શો અને ૧૫ શખ્શો પીધેલી હાલત પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. નાઈટ કોમ્બિંગમાં પીઆઈ એસ. એચ. જાદવ અને એમ.એલ. ડામોર પીએસઆઈ વી.વી.ડોડીયા પીએસઆઈ અનિરૂધ્ધસિંહ પરમાર સહિતનો સ્ટાફ ફરજ રોકાયેલા હતા.

# ગર્લ્સ અન્ડર -૧૯ કેટેગરીમાં રાજકોટની વિહા જાનીનો ડંકો

## બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મેળવ્યો

## રાજ્ય કક્ષાની તરણ સ્પર્ધા સંપન્ન - ૯૪૩ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો







**અબતક, રાજકોટ**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર આયોજિત જિલ્લા રમત ગમત અધિકારી, રાજકોટ સંચાલિત રાજ્યકક્ષાની સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રાજ્ય કક્ષાની તરણ સ્પર્ધા રાજકોટના સરદાર પટેલ સ્નાનાગાર ખાતે યોજાઈ હતી. આજરોજ અંતિમ દિવસે બહેનોની ફાઈનલ સ્પર્ધા સાથે શાળાકીય તરણ સપર્ધાનું સમાપન કરવામાં આવ્યું હતું. તા. ૨૮ ઓક્ટોબર થી ૧ નવેમ્બર દરમ્યાન યોજાયેલી તરણ સ્પર્ધામાં ૪૮૯ ભાઈઓ તેમજ ૪૫૪ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધકોને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિવિધ શહેર અને જિલ્લામાંથી આવેલ સ્પર્ધકો પૈકી ભાઈઓમાં અન્ડર-૧૪ માં ૨૦૬, અન્ડર-૧૭ માં ૧૫૬ અને અન્ડર-૧૯ માં ૧૨૭ સ્પર્ધકો જયારે બહેનોમાં અન્ડર ૧૪ માં ૧૯૩, અન્ડર-૧૭ માં ૧૪૨ અને અન્ડર-૧૯ માં ૧૧૯ સ્પર્ધકોએ રાજ્ય કક્ષાએ ભાગ લઈ કૌવત દેખાડ્યું હતું.

ફ્રી સ્ટાઈલ, બેક સ્ટ્રોક, બટર ફ્લાય, ડાઈવિંગ સહિતની સ્પર્ધામાં ભાઈઓમાં રાજકોટના વ્યોમ ચનિયારા, રાવલ હવિષ, જય પાણખાણીયા, રામવાણી કેયુર, સોની વીરને વિવિધ કેટેગરીમાં મેડલ્સ મળ્યા છે. જયારે બહેનોમાં રાજકોટની વિહા જાનીને અન્ડર ૧૯ કેટેગરીમાં બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મળતાં તેણીએ ખુશી સાથે જણાવ્યું હતું કે, હું રેસકોર્સ સ્થિત સ્વિમિંગ પુલ ખાતે રોજની ૪ કલાક સ્વિમિંગ અને બે કલાક ગ્રાઉન્ડ એક્સરસાઈઝ કરું છું. આ પહેલા રાષ્ટ્રીય કક્ષાએ બે બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યા છે. તેની રોલ મોડેલ મોટી બહેન જાની રિપ્સા પણ સ્વિમિંગમાં રાષ્ટ્રીય કક્ષાએ મેડલ્સ મેળવી ચુકી છે.

જયારે અન્ડર ૧૪ કેટેગરીમાં રાજકોટની સ્વરા ત્રાંબડિયાએ ૫૦ મી., ૧૦૦ મી. અને ૨૦૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ મેળવતા ખુબ ખુશી વ્યક્ત કરતા તેણીએ ભારત વતી ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભાગ લઈ મેડલ્સ અપાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેણી માત્ર ત્રણ વર્ષની ઉમરેથી સ્વિમિંગ ચાલુ કર્યું હોવાનું અને રોજના ૩ થી ૪ કલાક સ્વિમિંગ પ્રેક્ટિસ કરતી હોવાનું જણાવ્યું હતું.

આ તકે જિલ્લા રમત ગમત અધિકારી વી.પી. જાડેજા, વિવિધ શહેર જિલ્લામાંથી આવેલા સ્વિમિંગ કોચ, પ્રશિક્ષકો અને મોટી સંખ્યામાં તરણ સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતાં.

# કચરામાંથી મળેલા રૂ.૬૦,૦૦૦ પરત આપીને સ્વચ્છતા કર્મચારીઓએ માનવતાનું પ્રેરક દ્રષ્ટાંત પૂરું પાડ્યું

## મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ કર્મચારીઓને સન્માનિત કર્યા





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ટીમે ઈમાનદારી અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. વોર્ડ નં. ૦૨ના બજરંગવાડી વિસ્તારમાં રહેતી એક વૃદ્ધ મહિલાએ અણજાણતા આશરે રૂ ૬૦,૦૦૦ જેટલા રોકડ રૂપિયા કચરા સાથે ડોર-ટુ-ડોર કલેક્શન વાહનમાં નાખી દીધા હતા. ઘટનાની જાણ થતાં મકાનમાલિક અલ્તાફભાઈએ તરત જ રૈયા ટ્રાન્સફર સ્ટેશનનો સંપર્ક કર્યો. હાજર સ્ટાફે તરત જ વાહન રોકાવી તપાસ હાથ ધરી. તપાસ દરમ્યાન ગાડીમાંથી આખી રકમ મળી આવી હતી.

ગાડી ડ્રાઈવર સુખરામ વસુનીયા અને હેલ્પર ધીરૂભાઈ વાણીયાએ ઈમાનદારીપૂર્વક રકમ સુરક્ષિત રાખી અને તેને માલિક અલ્તાફભાઈને પરત કરી. આ અનોખી ઈમાનદારીના કાર્યો બદલ મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરાએ બંને કર્મચારીઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યા અને જણાવ્યું કે આ કાર્ય શહેરના સ્વચ્છતા સેવકોની ઈમાનદારી અને માનવતાના મૂલ્યોને ઉજાગર કરે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમગ્ર ટીમની પ્રશંસા કરવામાં આવી છે. સ્વચ્છતા સેવકોના આવા ઉદાહરણો શહેરના નાગરિકોમાં વિશ્વાસ અને પ્રેરણા ફેલાવે છે.

# જિલ્લાના ૧૭૫ વાજબી ભાવના દુકાનદારો દ્વારા અનાજ વિતરણનો પ્રારંભ

## અન્ન પુરવઠા વિભાગની ૧૧ માગણીઓ સ્વીકારતાં વહીવટી તંત્રનું હકારાત્મક વલણ: ચાલુ માસ માટે ૭૫ લાખ કુટુંબોને આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી









**અબતક, રાજકોટ**

રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (NFSA) હેઠળ નોંધાયેલ રેશનકાર્ડ ધારકોને અનાજનું વિતરણ વહેલી તકે શરૂ થાય તે માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ તત્પર બન્યું છે. રાજકોટ જિલ્લામાં આજ રોજ કુલ ૧૭૫ જેટલા વાજબી ભાવના દુકાનદારો દ્વારા અનાજ વિતરણની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

તાજેતરમાં એસોસિએશન દ્વારા રજૂ કરાયેલી ૨૦ માગણીઓમાંથી ૧૧ મુદ્દાઓ પર વહીવટી તંત્રે હકારાત્મક વલણ દાખવતા દુકાનદારોમાં સંતોષનો માહોલ સર્જાયો છે. માનવીય અભિગમ સાથે દુકાનદારો હવે જરૂરિયાતમંદ પરિવારો સુધી અનાજ પહોંચાડવા ઉત્સાહભેર કાર્યરત થયા છે.

નવેમ્બર ૨૦૨૫ માસ માટે રાજ્યભરમાં આશરે ૭૫ લાખથી વધુ કુટુંબો અને ૩.૨૫ કરોડ જેટલી જનસંખ્યાને આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી કરાઈ છે. ઘઉં અને ચોખાનું વિના મૂલ્યે વિતરણ ઉપરાંત તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠા જેવી આવશ્યક ચીજવસ્તુઓ રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તહેવારના અવસરે રાજ્ય સરકાર તરફથી સીંગતેલ અને વધારાની ખાંડનું વિતરણ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે જે સમગ્ર દેશમાં ફક્ત ગુજરાત રાજ્યમાં જ થાય છે.

દુકાનદારોને પ્રોત્સાહનરૂપે પ્રતિદુકાન રૂ.૨૦,૦૦૦ની મિનિમમ કમિશન રકમ રાજ્ય સરકાર દ્વારા દર મહિને સીધા બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ સુવિધા ફક્ત ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ છે. તમામ કમિશનની વિગત દુકાનદારના ઈ પાસબુક લોગિનમાં ઉપલબ્ધ છે.

વન નેશન વન રેશન કાર્ડ યોજનાના અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં ૧ કરોડથી વધુ લાભાર્થીઓએ અન્ય જિલ્લાઓ અને રાજ્યોમાં પોતાની પસંદગીની દુકાન પરથી અનાજ મેળવવાનો લાભ લીધો છે. આ યોજનાની અસરકારક અમલવારીથી ગુજરાત રાષ્ટ્રીય સ્તરે અગ્રેસર રહ્યું છે.

વધુમાં, તાજેતરમાં ડોર સ્ટેપ

(અનુ. આઠમા પાને)

# કેન્દ્રની ઈમિગ્રેશન ટીમનું એરપોર્ટમાં નિરીક્ષણ: દુબઈ ફ્લાઈટ શરૂ થવાની સંભાવના વધુ પ્રબળ



## ઈન્સ્પેક્શન પૂર્ણ થયા બાદ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે જરૂરી ઈમિગ્રેશન મંજૂરી

**અબતક, રાજકોટ**

રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ટૂંક સમયમાં સીધી દુબઈ ઉડાન શરૂ થવાની સંભાવના વધુ મજબૂત બની છે. તાજેતરમાં કેન્દ્રીય ઈમિગ્રેશન વિભાગની ટીમે એરપોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકિનકલ સુવિધાઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. સૂત્રો મુજબ, ટીમે એરપોર્ટની વ્યવસ્થાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો છે.

આ ઈન્સ્પેક્શન પૂર્ણ થયા બાદ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે જરૂરી ઈમિગ્રેશન મંજૂરી મળવાની પ્રક્રિયા ઝડપી બની છે. એરપોર્ટની નવી ઈમારત, આધુનિક ટર્મિનલ, સુરક્ષા સુવિધાઓ અને કસ્ટમ્સ ડેસ્કને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર તૈયાર કરવામાં આવી છે.

### શા માટે ઈમિગ્રેશન ટીમ કરે છે ચેકિંગ

સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ શરૂ કરવા પહેલાં ઈમિગ્રેશન વિભાગ દ્વારા આવા નિરીક્ષણો ફરજિયાત હોય છે. ઈમિગ્રેશન, કસ્ટમ્સ, સુરક્ષા અને હેલ્થ ચેકપોઈન્ટ જેવી તમામ એજન્સીઓની મંજૂરી મળ્યા બાદ જ કોઈ પણ એરપોર્ટ પરથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું સંચાલન શક્ય બને છે.

એરપોર્ટ ડિરેક્ટર દિગંત બોરાહે જણાવ્યું કે, ઈમિગ્રેશનની મંજૂરી માટેની પ્રક્રિયાનો આ મહત્વપૂર્ણ તબક્કો છે. ટીમે તમામ ઈન્ફ્રાસ્ટ્રકચરનું ચેકિંગ કર્યુ હતું.આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ શરૂ થતા સૌરાષ્ટ્રના મુસાફરોને હવે અમદાવાદ કે મુંબઈ જવાની જરૂર નહીં રહે પોતાના શહેર રાજકોટથી જ સીધી વિદેશી ઉડાન લેવાની સુવિધા મળશે. આ પહેલથી ઉદ્યોગોને પણ મોટો લાભ મળશે. વિદેશી વેપાર, લોજિસ્ટિક્સ અને નિકાસ ક્ષેત્રે નવી તકો ઊભી થશે.

### સૌરાષ્ટ્રના પ્રવાસીઓને મળશે મોટી રાહત

હવે અમદાવાદ કે મુંબઈ સુધી મુસાફરી કર્યા વગર રાજકોટથી સીધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ લઈ શકાશે. સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ, એનઆરઆઈ અને પ્રવાસીઓને સમય અને ખર્ચ બંનેમાં રાહત મળશે.

આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ શરૂ થવાથી રાજકોટના ઉદ્યોગપતિઓ અને વેપારીઓ માટે વિદેશી ગ્રાહકો સુધી પહોંચ વધુ સરળ બનશે. બિઝનેસ મિટિંગ, એક્ઝિબિશન, અને સપ્લાય ચેઈન ઓપરેશન માટે ઝડપી કનેક્ટિવિટી મળશે.

આ સાથે વિદેશી રોકાણકારો પણ હવે સીધા રાજકોટ પહોંચી શકશે, જેનાથી વિદેશી રોકાણ (FDI)માં વધારો થવાની શક્યતા છે. રાજકોટના સ્મોલ-સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ અને ખજખઉ ક્ષેત્રને વૈશ્વિક બજાર સાથે સીધી સ્પર્ધા કરવાની તક મળશે.

વિદેશી માલની આયાત-નિકાસ માટેનું લોજિસ્ટિક્સ નેટવર્ક વધુ સુગમ બનશે, અને કારગો સુવિધાઓના વિસ્તરણથી રોજગારના નવા અવસર

### ઓટોમોબાઈલ અને એન્જિનિયરિંગ ઉદ્યોગોને મળશે મોટો લાભ

રાજકોટ એન્જિનિયરિંગ અને ઓટોમોબાઈલ ઉદ્યોગોનું કેન્દ્ર છે. આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ શરૂ થવાથી વિદેશી બજારો સુધીની પહોંચ વધુ સરળ બનશે. વિદેશી ખરીદદારો સાથે સીધો સંપર્ક સાધવામાં મદદ મળશે તેમજ એક્સપોર્ટ વ્યવસાયમાં તેજી આવશે.

રાજકોટના ઉદ્યોગપતિઓ માટે હવે અમદાવાદ કે મુંબઈ જવાની જરૂર નહીં રહે પોતાના શહેરમાંથી જ સીધી આંતરરાષ્ટ્રીય ઉડાન લઈ શકશે. આથી સમય અને ખર્ચમાં બચત થવાની સાથે ઉદ્યોગ ક્ષેત્રમાં નવી તકો સર્જાશે.

# જયજયકાર: ભારતીય મહિલા ટીમના ‘શિરે’ વર્લ્ડ ચેમ્પિયનનો તાજ

## ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ સામેની જીતે સેમિફાઈનલમાં ભારતનું સ્થાન નિશ્ચિત કરી દીધું, ત્યારબાદ, ભારતે સેમિફાઈનલ અને ફાઈનલ બંનેમાં જીત મેળવી




**અબતક, મુંબઈ**

આઈસીસી મહિલા વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૫ની ફાઈનલ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૨ નવેમ્બર, રવિવારના રોજ નવી મુંબઈમાં રમાઈ હતી. ટીમ ઈન્ડિયાએ પ્રથમ બેટિંગ કરતા ૨૯૮ રન બનાવ્યા હતા.

લક્ષ્યનો પીછો કરતા દક્ષિણ આફ્રિકા ૪૫.૩ ઓવરમાં ફક્ત ૨૪૬ રન જ બનાવી શક્યું હતું અને ૫૨ રનથી મેચ હારી ગયું હતું. ટીમ ઈન્ડિયાએ ૫૨ વર્ષ પછી ટ્રોફી જીતી છે. કેપ્ટન હરમનપ્રીત કૌર ૫૨ વર્ષમાં ટીમ ઈન્ડિયાને ક્રિકેટ વર્લ્ડ કપ ટ્રોફી અપાવનાર પ્રથમ કેપ્ટન બની છે.

મહિલા વન-ડે વર્લ્ડ કપની શરૂઆત ૫૨ વર્ષ પહેલા ૧૯૭૩માં થઈ હતી. ત્યારથી ટીમ ઈન્ડિયા ટ્રોફીથી વંચિત રહી છે. જોકે તેઓ ૨૦૦૫ અને ૨૦૧૭માં બે વાર ફાઈનલ રમી ચૂક્યા છે, પરંતુ તેઓ ટ્રોફી જીતી શક્યા નથી.

### જીત બાદ વ્હીલચેર પરથી ઉભી થઈ પ્રતિકા રાવલે ઉજવણી કરી

પ્રતિકા રાવલ ભારતીય ટીમની વર્લ્ડ કપ ટીમ માટે પહેલી પસંદગી હતી. તેણીને ઓપનિંગ બેટ્સમેન તરીકે સામેલ કરવામાં આવી હતી. જોકે, તેણીને અંતિમ લીગ મેચમાં ઈજા થઈ હતી, જેના કારણે તેણીને વર્લ્ડ કપમાંથી બહાર કરવામાં આવી હતી. પ્રતિકાએ આ વર્લ્ડ કપમાં શાનદાર રમી હતી પરંતુ ઈજાને કારણે તેણીને બહાર જવાની ફરજ પડી હતી.વ્હીલચેરમાં મેદાન પર પહોંચેલી પ્રતિકા રાવલે કહ્યું હતું કે, “હું તેનું વર્ણન પણ કરી શકતી નથી. મારી પાસે શબ્દો નથી. મારા ખભા પરનો આ ધ્વજ ઘણો મહત્વ ધરાવે છે. મારી ટીમ સાથે અહીં રહેવું - તે અવાસ્તવિક છે. ઈજાઓ રમતનો એક ભાગ છે. હું ખૂબ ખુશ છું કે હું હજી પણ આ ટીમનો ભાગ છું. મને આ ટીમ ગમે છે. હું જે અનુભવી રહી છું તેનું હું વર્ણન કરી શકતી નથી. અમે ખરેખર તે કર્યું! અમે લાંબા સમય પછી વર્લ્ડ કપ જીતનાર પ્રથમ ભારતીય ટીમ છીએ. આખું ભારત આને લાયક છે. સાચું કહું તો, તેને જોવું રમવા કરતાં પણ વધુ મુશ્કેલ હતું. દરેક વિકેટ, દરેક બાઉન્ડ્રી બધું જ અદભૂત હતું.“

### હરમનપ્રીતે કર્યો ડાન્સ, ભાવુક મંધાનાને લગાવી ગળે

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે ૨ નવેમ્બર, ૨૦૨૫ ઈતિહાસના પાનામાં અંકિત થઈ ગયો છે. રવિવારે નવી મુંબઈના ડીવાય સ્ટેડિયમ ખાતે રમાયેલી મહિલા વર્લ્ડ કપ ફાઈનલમાં ભારત દક્ષિણ આફ્રિકાને ૫૨ રનથી હરાવીને પ્રથમ વિશ્વ ચેમ્પિયન બન્યું હતું. હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળની ટીમે એક એવી સિદ્ધિ હાંસલ કરી જેની ભારતીય મહિલા ટીમ વર્ષોથી રાહ જોઈ રહી હતી.



### જેમી“વાહ”: ડ્રોપ થઈ પણ હારી નહિ, સેમિફાઈનલમાં સદી ફટકારી

શરૂઆતની મેચમાં ખરાબ ફોર્મને કારણે જેમિમાહને ડ્રોપ કરી દેવાઈ હતી. એ જ જેમિમાહએ ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલમાં અણનમ ૧૨૭ રનની ઈનિંગ્સ રમીને ટીમને ફાઈનલ સુધી પહોંચાડી. જેમિમાહએ ફાઈનલ મેચમાં ૨૪ રનનું યોગદાન આપ્યું. તેણે ન્યૂઝીલેન્ડ સામેની 'કરો યા મરો'ની મેચમાં ૭૬ રન પણ બનાવ્યા હતા.

જોકે, હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયાએ આખરે ૫૨ વર્ષ પછી ૨૦૨૫ ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો છે.

ફાઈનલ જીત્યા બાદ કેપ્ટન હરમનપ્રીત કૌરે મેચના ટર્નિંગ પોઈન્ટનો ખુલાસો કર્યો અને શેફાલીની પ્રશંસા કરી હતી. શેફાલી વર્મા અને દીપ્તિ શર્માએ અડધી સદી ફટકારી હતી. પછી બોલિંગ કરતી વખતે દીપ્તિ શર્માએ પાંચ વિકેટ લીધી અને શેફાલીએ બે વિકેટ લીધી હતી. દક્ષિણ આફ્રિકા ૨૪૬ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.હરમનપ્રીત કૌરે કહ્યું હતું કે “હું આ અદ્ભુત ચાહકોની ખૂબ આભારી છું. તેઓ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અમારી સાથે રહ્યા છે. બધા ઉતાર-ચઢાવમાં અમારી સાથે ઉભા રહેવા બદલ આભાર. છેલ્લી મેચમાં અમે સતત ત્રણ મેચ હાર્યા પછી પણ અમારા આત્મવિશ્વાસ વિશે વાત કરી.









### ઐતિહાસિક જીત ભવિષ્યના ચેમ્પિયન્સ માટે પ્રેરણા: પીએમ મોદી

મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ ફાઈનલ મેચમાં ટીમ ઈન્ડિયાની જીત પર વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા માધ્યમ એક્સ પર પોસ્ટ કરીને લખ્યું કે, આઈસીસીમહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫ ફાઈનલમાં ભારતીય ટીમનો શાનદાર વિજય. ફાઈનલમાં તેમનું પ્રદર્શન મહાન કૌશલ્ય અને આત્મવિશ્વાસથી ભરેલું હતું. ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અસાધારણ ટીમવર્ક અને મક્કમતા દર્શાવી, ખેલાડીઓને અભિનંદન. આ ઐતિહાસિક જીત ભવિષ્યના ચેમ્પિયનોને રમતગમતમાં જોડાવા માટે પ્રેરિત કરશે.



### મહિલાઓની જીતમાં પુરુષોએ પણ આનંદ માણ્યો

રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ભારતીય પુરુષ ટીમે ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી, તે આઈસીસી મહિલા વર્લ્ડ કપ ફાઈનલમાં મહેમાન હતો. જ્યારે દીપ્તિ શર્માએ સાઉથ આફ્રિકાની અંતિમ વિકેટ લીધી, ત્યારે હિટમેન સ્પષ્ટપણે ભાવુક થઈ ગયો. રોહિત ઉભો થયો અને તાળીઓ પાડવા લાગ્યો હતો, તેની આંખો ભીની હતી અને તેનો ગર્વ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. ભારતને વિશ્વ ક્રિકેટના શિખર પર પાછું દોરી જનાર કેપ્ટન હવે બીજી ભારતીય ટીમને એ જ સ્વપન પૂર્ણ કરતી જોઈ રહ્યો હતો. સોશિયલ મીડિયા પર ચાહકો રોહિતનો ઈમોશનલ વીડિયો પર કોમેન્ટ કરી રહ્યા છે.




### આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ડ પાસેથી હરમને શીખ લેવા જેવી!

હાર પછી, દક્ષિણ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ડે કહ્યું, હું આ ટીમ પર આનાથી વધારે ગર્વ કરી શકતી નથી. અમે શાનદાર ક્રિકેટ રમ્યા. કમનસીબે, અમે જીતવાને બદલે હાર્યા, પરંતુ એક ટીમ તરીકે, અમે આમાંથી વધુ મજબૂત બનીશું. અમે તે ખરાબ મેચોને પાછળ છોડી દેવાનું શાનદાર કામ કર્યું. અમારું પ્રદર્શન કાં તો ઉત્તમ હતું અથવા ખરાબ. વચ્ચેનું કંઈક જ નથી. જો કે વોલવાર્ડના પ્રદશન પરથી હરમને શીખવા જેવું છે કે કઈ રીતે ટિમ મેનેજમેન્ટ કરી લીડરશીપ લેવી. જે રીતે તેણીએ ફાઈનલમાં જવાબદારીથી ઈનિંગ રમી તે ખરેખર વખાણવા લાયક હતી. ફાઈનલ મેચમાં ક્રાતિ ગૌડને ૩ ઓવર જ નંખાવી તે આશ્ચર્યજન્ય નિર્ણય હતો.

### બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાને રૂ.૫૧ કરોડ ઈનામ આપવાની જાહેરાત કરી

આઈસીસીએ વર્લ્ડ કપ વિજેતા ટીમ માટે ૩૯.૫૫ કરોડ રૂપિયા ઈનામી રકમ નક્કી કરી હતી, ત્યાં બીસીસીઆઈએ તેનાથી પણ મોટી રકમની જાહેરાત કરી છે. બીસીસીઆઈ સચિવ દેવજીત સૈકિયાએ આઈસીસી મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમ, કોચ અને સપોર્ટ સ્ટાફ માટે ૫૧ કરોડ રૂપિયા ઈનામની જાહેરાત કરી છે.

# વોશિંગ્ટન અતિ ’સુંદર’: ત્રીજી ટી-૨૦માં ભારતનો પાંચ વિકેટે વિજય

## જીત સાથે ભારતે પાંચ મેચની સિરીઝ ૧-૧ થી બરાબર: ચોથી મેચ ૬ નવેમ્બરે ગોલ્ડ કોસ્ટમાં રમાશે




**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે હોબાર્ટના બેલેરાઈવ ઓવલ ખાતે રમાયેલી ત્રીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતે ૫ વિકેટે શાનદાર વિજય મેળવીને પાંચ મેચોની શ્રેણીમાં ૧-૧થી બરોબરી કરી લીધી છે. ભારતે ૧૮૭ રનના લક્ષ્યાંકને ૯ બોલ બાકી રાખીને હાંસલ કરી લીધો હતો.

ભારતીય કપ્તાન સૂર્યકુમાર યાદવે ટોસ જીતીને પહેલા ફીલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઓસ્ટ્રેલિયાની ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૮૬ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી ટિમ ડેવિડે (૭૪ રન, ૩૮ બોલ) અને માર્કસ સ્ટોઈનિસે (૬૪ રન, ૩૯ બોલ) વિસ્ફોટક બેટિંગ કરીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. ટિમ ડેવિડે ૮ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા હતા, જ્યારે સ્ટોઈનિસે ૮ ચોગ્ગા અને ૨ છગ્ગા માર્યા હતા. ભારત તરફથી અર્શદીપ સિંહે ૩ વિકેટ, વરુણ ચક્રવર્તીને ૨ વિકેટ અને શિવમ દુબેએ એક વિકેટ ખેરવી હતી.

૧૮૭ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે સારી શરૂઆત કરી હતી, જોકે નિયમિત અંતરાલે વિકેટો ગુમાવતા રહ્યા હતા. ઓપનર અભિષેક શર્માએ ૧૬ બોલમાં ૨૫ રન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે ૧૧ બોલમાં ઝડપી ૨૪ રન નોંધાવ્યા હતા. તિલક વર્માએ ૨૯ રન બનાવીને ઈનિંગ્સને સંભાળી હતી.

જોકે, ત્યારબાદ છઠ્ઠા ક્રમાંકે આવેલા વોશિંગ્ટન સુંદરે બાજી પલટી નાખી હતી. સુંદરે માત્ર ૨૩ બોલમાં ત્રણ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૪૯ રનની વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી. આ ઉપરાંત સાતમાં ક્રમાંકે આવેલા જીતેશ કુમારે ૧૩ બોલમાં ૨૨ રન ફટકારી મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. સુંદર અને જીતેશ શર્માએ અણનમ ભાગીદારી કરીને ભારતને ૧૮.૩ ઓવરમાં ૫ વિકેટે ૧૮૮ રન સુધી પહોંચાડી વિજય અપાવ્યો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી નાથન એલિસે ૩ વિકેટ લીધી હતી. ભારત તરફથી શાનદાર બોલિંગ પ્રદર્શન કરનાર અર્શદીપ સિંહને ’પ્લેયર ઓફ ધ મેચ’ જાહેર કરવામાં આવ્યો હતો.

## ગિરનાર પરિક્રમાનું મુહુર્ત સચવાયું

# સાધુ-સંતોએ પરંપરા જાળવવા પ્રતિકાત્મક સ્વરૂપે લીલી પરિક્રમા પૂર્ણ







### સાધુ સંતોની ઉપસ્થિતિમાં કલેકટરએ શ્રીફળ વધેરી પરિક્રમા શરૂ કરવાની પરંપરા જાળવી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ જિલ્લા કલેકટર એ કારતક સુદ અગિયારસ શનિવારે મધ્ય રાત્રી એ ગિરનાર લીલી પરિક્રમાની પરંપરા જાળવવા પ્રતિકાત્મક સ્વરૂપે થનાર પરિક્રમાની શ્રીફળ વધેરી પરંપરા જાળવી રાખી હતી, બાદમાં ગઈકાલે રવિવારે વહેલી સવારે સંતોએ એક દિવસની પરિક્રમા પૂર્ણ કરી અને પરિક્રમાનું પૂણ્ર્ય પરિક્રમા ન કરી શકનાર તમામ ભાવિકો, શ્રદ્ધાળુઓને અર્પણ કર્યુ હતું.

ગત રાત્રિના કારતક સુદ અગિયારસે મધ્ય રાત્રી એ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા, ગિરનાર તીર્થક્ષેત્રના શેરનાથ બાપુ, ઈન્દ્રભારતી બાપુ, મહેન્દ્રાનંદગીરી બાપુ, શૈલજા દેવી માતાજી, મેયર ધર્મેશભાઈ પોશિયા, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવીબેન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તેજસ પરમાર, જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, શહેર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા, ઉતારા મંડળના પ્રમુખ ભાવેશભાઈ વેકરીયા, મનપાના શાસક પક્ષના નેતા મનનભાઈ અભાણી, અગ્રણી પુનિતભાઈ શર્મા, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી કમિશનર ડી.જે. જાડેજા, જયેશ વાજા, સહિતના પદાધિકારી-અધિકારી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રતિકાત્મક સ્વરૂપે થનાર ગિરનારના લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ કરતા પૂર્વે પરંપરા મુજબ ભગવાન ગુરુ દત્તાત્રેયની પૂજન વિધિ કરવામાં આવી હતી.

આ વર્ષે ગિરનારની લીલી પરિક્રમા બંધ રહેતા જુનાગઢને લગભગ બે કરોડ આસપાસની આમદાનીની ખોટ ભોગવવાનો વારો આવ્યો છે. કારણ કે દર વર્ષે પરિક્રમામાં લાખો લોકો જુનાગઢ

(અનુ. આઠમા પાને)

# મધ્ય ગુજરાત “હેડલાઈન ન્યુઝ”ના માલિક ગિરીશ સોલંકી સામે વધુ બે કેસો નોંધાયા

## પોલીસ રિમાન્ડ દરમ્યાન ફ્લેટની ઝડતી દરમ્યાન વિદેશી દારૂની પાંચ બોટલ ઝડપાતા ગિરીશ અને ભાડુઆત મહિલા સામે ગુન્હો નોંધાયો

**ખંડણી માંગવાના કેસમાં પકડાયેલા ગિરીશ સોલંકીના ફ્લેટમાંથી વિદેશી દારૂ અને હથિયારો મળી આવતા તેઓ પત્રકારત્વના નેજા હેઠળ અસામાજિક પ્રવૃતિઓમાં સંડોવાયેલા હોવાનો ખુલાસો**

**નંબર પ્લેટ વગરની કારમાંથી છરી, બેઝબોલનો ધોકો અને લાકડી મળી આવતા ગિરીશ અને ડ્રાઈવર સામે ગુન્હો નોંધાયો**

**અબતક, રાજકોટ**

વડોદરા શહેરમા મધ્ય ગુજરાત હેડલાઈન્સ નામે સવારનું દૈનિક અને યુ-ટયૂબ ચેનલ ચલાવતા ગિરીશ સોલંકીની ખંડણી વસૂલવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.ગિરીશ સોલંકીના બે દિવસના રિમાન્ડ દરમ્યાન તેના ફ્લેટમાંથી વિદેશી દારૂની પાંચ બોટલો અને ફોરચુર્ન કારમાંથી છરી, બેઝબોલના ધોકો અને લાકડી મળી આવતા પોલીસે તેની વિરુધ્ધ વધુ બે કેસો નોંધ્યા છે.

વધુ વિગત મુજબ વડોદરા શહેરના કલાલી વિસ્તારમા મધ્ય ગુજરાત હેડલાઈન્સ નામે સવારનું દૈનિક અને યુ-ટયૂબ ચેનલ ચલાવતા ગિરીશ સોલંકીની ખંડણી માંગવામા પકડાયેલા ગીરીશ સોલંકીના રિમાન્ડ દરમ્યાન તપાસનીશ ક્રાઈમ બ્રાન્ચે કલાલીમાં આવેલા શિવાંશ શરણમ કોમ્પલેક્ષના બીજા માળે આવેલા ફ્લેટમાં તપાસ હાથ ધરી હતી. જેમાં રસોડાના પ્લેટ ફોર્મ અને ફ્રીજની વચ્ચે મુકેલ પ્લાસ્ટીકના ડ્રમમાંથી વિદેશી દારૂની પાંચ બોટલ મળી આવી હતી. પોલીસે ગિરીશ સોલંકી અને ફ્લેટમાં ભાડે રહેતા હોવાનો દાવો કરતાં મિતલબેન મહેન્દ્રભાઈ સોઢા સામે વિદેશી દારૂ ગેરકાયદે રીતે રાખવામા એકબીજાની મદદગારી કરવા બદલ બંને સામે ફરિયાદ નોંધી છે.જયારે અટલાદરા પોલીસ સ્ટાફે ચેકીંગ દરમ્યાન કલાલીના શીવમ શરણમ કોમ્પલેક્ષ પાસે નંબર પ્લેટ વગરની ફોરચુર્ન કારની ઝડતી લેતા તેમાંથી છરી, બેઝબોલના ધોકો અને લાકડી મળી આવ્યા હતાં.જેથી કારમાં રહેલા ચાલક રાજેશ માળીની પુછપરછ કરતા આ કાર અને હથિયાર ગીરીશ સોંલકીના હોવાની કબૂલાત આપી હતી.જેથી અટલાદરા પોલીસની ટીમે ગિરીશ સોલંકી અને તેના ડ્રાઈવર રાજેશ માળી સામે હથિયાર બંધીના જાહેરનામાંના ભંગનો ગુનો દાખલ કર્યો છે. ગિરીશ સોલંકી સામેની મૂળ ફરિયાદમાં રાજકોટના સાધુ વાસવાણી રોડ પર અંજની માર્કેટ ખાતે કેબલ ખેંચવાના મશીન અને સાધનોનો વ્યવસાય કરતા રણજિતભાઈ વિરડાએ ગિરીશ સોલંકી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે મુજબ વડોદરામાં કલાલી વિસ્તારમાં ચાણક્ય આવાસ પાસે ભવાની એનર્જી સોલ્યુશન લિ.નામની ઓફિસ ધરાવતા અને વીજ કંપનીમાં કોન્ટ્રાકટ અને અખબાર તથા યુ-ટયૂબ ચેનલ ચલાવતા ગિરીશ સોલંકીએ તેમની પાસેથી પાસે કેબલ ખેંચવા માટેના મશીન,જેક,ગરેડી જેવા રૂ. ૯ લાખના સાધનો લીધા હતા.આ સાધનો તે તેમની જાણ બહાર ગિરીશ સોલંકી દ્વારા રોજના રૂ.પાંચ હજારના ભાડેથી આપવામાં આવતા હતાં. જેથી રણજિતભાઈ ચારેક મહિના પહેલાં વડોદરા જઈને તેમની ઓફિસે જઈને આ મશીન અને સાધનો પાછા માગ્યા હતા.ત્યારે ગિરીશે તારે સામાન અને પૈસા જોઈએ છે તેમ કહી કમર પર લટકાવેલી રિવોલ્વર તેમની તરફ તાકીને છાતીએ મૂકી દીધી હતી. હવે પૈસા માગીશ તો જીવતો નહિ છોડું તેવી ધમકી આપી હતી. રણજિતભાઈએ ફરિયાદમાં વધુમાં લખાવ્યું છે કે,ગિરીશે મારો કોલર ખેંચીને બે-ત્રણ લાફા મારીને કહ્યું હતું કે, મારી ઉપર સુધી પહોંચ છે.હવે મારે તને નહિ પણ તારે મને રૂ. ૨ લાખ આપવાના છે.આ સામાન પણ મારો છે જે બાદ તેણે ખિસ્સામાંથી રૂ.૧૪ હજાર લૂંટી લીધા હતા ઉપરોક્ત ફરિયાદને આધારે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી આરોપી ગિરીશ નાનજી ભાઈ સોલંકી(રહે. વિસેન્જા હાઈડક, ગાર્ડિયન ટાવર, કલાલીરોડ, વડોદરા, મૂળ. રાજકોટ)ની ધરપકડ કરી લાયસન્સવાળી રિવોલ્વર, આઠ કારતૂસ અને મોબાઈલ કબજે કર્યા છે. ક્રાઈમ બ્રાન્ચે આરોપીને કોર્ટમાં રજુ કરીને બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતાં.

# લેન્ડ રિવિઝનના કેસ સ્વર્ગસ્થ કુટુંબીના છ વારસદારોને જોડવાની અરજી કલેકટર દ્વારા મંજૂર

**અબતક, રાજકોટ**

અત્રે લેન્ડ રિવિઝનના કેસ સંદર્ભે સ્વર્ગસ્થ કુટુંબી વ્યકિતના છ વારસદારોને જોડવાની અરજી રાજકોટના કલેકટર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ કેસની હકિકત મુજબ, પ્રવીણભાઈ ચનાભાઈ ચૌહાણ વિગેરેએ હેમુભાઈ મુળુભાઈ ચૌહાણ વિગેરે સામે રાજકોટ કલેકટર સમક્ષ લેન્ડ રિવિઝન કેસ દાખલ કરેલ, જેમાં હેમુભાઈ મુળુભાઈ ચૌહાણ તથા વિજયભાઈ મુળુભાઈ ચૌહાણે ગુજરનાર લક્ષ્મીબેન મુળુભાઈ ચૌહાણના દીકરી કુંવરબેન મુળુભાઈ ચૌહાણ તે વા./ઓ. માવજીભાઈ લાખાભાઈ ડોડીયા, (રહે. પડધરી)ના વારસદારો રમેશભાઈ માવજીભાઈ ડોડીયા, રંજનબેન માવજીભાઈ ડોડીયા વા./ઓ. ચંદ્રેશભાઈ વાઢેર, મનસુખભાઈ માવજીભાઈ ડોડીયા, ભગવાનજીભાઈ માવજીભાઈ ડોડીયા, જયેશભાઈ માવજીભાઈ ડોડીયા તથા રમણીકભાઈ માવજીભાઈ ડોડીયાના નામો છુપાવ્યા બાબતે એડવોકેટ ધર્મેશ એચ. સિધ્ધપુરા મારફતે હાજર થઈ તમામ આધાર પુરાવાઓ રજુ કરી રાજકોટ કલેકટરમાં રજુઆત કર્યાને પગલે ઉપરોકત રિવિઝનમાં સામાવાળા લક્ષ્મીબેન મુળુભાઈ ચૌહાણના ઉપરોકત વારસદારો છે તેવું પ્રસ્થાપિત કરવા હુકમ કર્યો હતો.ઉપરોકત રિવિઝન અરજીના કામે અરજદારો વતી એડવોકેટ તરીકે રાજકોટના ધારાશાસ્ત્રી ધર્મેશ એચ. સિધ્ધપુરા તથા સાવન એન. આહીર તથા દિવ્યેશ એસ. લાખાણી તથા ભાવેશ એમ. કવા રોકાયા હતા.

# પેંડા ગેંગને હથિયાર આપનાર અને પિસ્તોલ સાથે ઝડપાયેલ સંજયસિંહ ઉર્ફે ચિન્ટુના રિમાન્ડ નામંજૂર

**મંગળા રોડ પર સામસામે થયેલા ફાયરીંગમાં હથિયાર આપ્યાનું ખૂલતા એસઓજીએ નામચીન શખ્સની ધરપકડ કરી'તી**

**અબતક, રાજકોટ**

શહેરના મંગળા રોડ પર ગત મંગળવારે વહેલી પરોઢીયે થયેલા સામસામે ફાયરીંગની ઘટનામાં ઝડપાયેલા પેંડા ગેંગના શખ્સોને હથિયાર પુરૂં પાડનાર શખ્સને એસઓજીએ પિસ્તોલ સાથે ઝડપાયેલા સંજયસિંહ ઉર્ફે ચિન્ટુની રિમાન્ડ અરજી અદાલતે નામંજૂર કરતા જેલમાં ધકેલવામાં આવ્યો છે.

વધુ વિગત મુજબ શહેરના ધમધમતા એવા મંગળા રોડ પર મુર્ગા અને પેંડા ગેંગ વચ્ચે સામસામે થયેલા ગોળીબારની ઘટનામાં ઝડપાયેલા પેંડા ગેંગના સાગરીત જીજ્ઞેશ ઉર્ફે ભયલો દિનેશ રાબાની પૂછપરછમાં તેને હથિયાર લક્ષ્મીવાડી વિસ્તારમાં રહેતા સંજયરાજસિંહ ઉર્ફે ચિન્ટુ પાસેથી લાવ્યાની કબૂલાત આપતા એસઓજીના એએસઆઈ રાજેશભાઈ બાળા અને હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજાએ સંજયરાજસિંહ ઉર્ફે ચિન્ટુની અટકાયત કરી તેના કબ્જામાંથી પિસ્તોલ મળી હતી. પોલીસે આ બંને હથિયાર કોની



વકીલ રૂપરાજસિંહ પરમાર

પાસેથી લાવ્યા અને શું કામ હથિયાર રાખતો હતો તેનું કારણ જાણવા રિમાન્ડની માંગ સાથે અદાલતમાં રજૂ કર્યો હતો. જેની સુનાવણીમાં બચાવ પક્ષના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર દ્વારા કરવામાં આવેલી દલીલમાં આરોપી પાસેથી કોઈ રિકવરી કે ડિસકવરી કરવાની બાકી ન હોય અને આરોપીને ખોટી રીતે ગુનામાં હથિયાર સપ્લાયર તરીકે બતાવેલ છે. અદાલતે આરોપીને બંધારણ દ્વારા અપાયેલ વ્યક્તિ સ્વતંત્રતાના અધિકાર, ગુજરાત હાઈકોર્ટ દ્વારા જયરાજસિંહ જાડેજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત અને આરોપીને પોલીસ કસ્ટડીની વધુ જરૂરિયાત ન હોવાનું ધ્યાને લઈ સંજયસિંહ ઉર્ફે ચિન્ટુની રિમાન્ડ અરજી નામંજૂર કરી છે. આ કામે બચાવ પક્ષે સંજયસિંહ મહેન્દ્રસિંહ ઝાલા વતી એડવોકેટ તરીકે રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુશેન હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફૈઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટીયા, અંકિતભાઈ ભટ્ટ, રહીમભાઈ હેરંજા અને પ્રેમરાજસિંહ પરમાર રોકાયા હતા.

# ભક્તિનગર વિસ્તારમાં કારખાનામાં અને મકાનમાં જુગારના દરોડા

**રૂ.૫૧ હજારની રોકડ સાથે ૧૭ શખ્સ ઝડપાયા**

**અબતક, રાજકોટ**

શહેરના બોલબાલા માર્ગ પર આવેલા કારખાનામાં અને મહાત્મા ગાંધી સોસાયટીમાં ચાલતા જુગાર ધામ પર ભક્તિનગર પોલીસની ટીમે દરોડા પાડી, જુગાર રમતા ૧૭ શખ્સોને ઝડપી લઈ જુગારના પટ માંથી રૂ.૫૧ હજારની રોકડકબ્જે કરી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ભકિતનગર પોલીસની ટીમ પેટ્રોલિંગ માંથી તે દરમિયાન બાતમી મળી હતી કે, દોશી હોસ્પિટલ રોડ, ગિરનાર સોસાયટી શેરી નંબર ૦૩માં રહેતો અને બોલ બોલા માર્ગ નજીક નહેરુનગર શેરી નંબર ૦૪માં આવેલા ''પારસ મશીન ટુલ્સ' નામનો કારખાનું ધરાવતો ભાનુભાઈ સુખાભાઈ ચાવડા નામનો શખ્સ તેના કારખાનામાં જુગારધામ ચલાવી રહ્યો છે.

ભકિતનગર પોલીસે કારખાનામાં દરોડો પાડી જુગાર રમતા, ભાનુભાઈ સુખાભાઈ ચાવડા, જીતેન્દ્રભાઈ લીંબાભાઈ આટકોટિયા ,હિતેશ ભરતભાઈ ગૌસ્વામી ,બટુક ભીખુભાઈ રાઠોડ ,કિશોર ઉકાભાઈ ઠુંમર, નિલેશ જગદીશભાઈ દાણીધારીયા ,મહેશ વાલજીભાઈ મીયાત્રા અને યશવંત રતિભાઈ ધોરડા નામના પતા પ્રેમીઓને રૂ.૨૧.૫૦૦ની રોકડ સાથે ઝડપી લીધા છે.જ્યારે બીજો જુગારનો દરોડો મહાત્મા ગાંધી સોસાયટી મેઈન રોડ- ૪૦ ફૂટ રોડ પર આવેલી સ્કૂલ નજીક રહેતો અનિલ મુકેશભાઈ મકવાણાના મકાનમાં પાડી , જુગટુ રમતા અનિલ મુકેશભાઈ મકવાણા, તુષાલ જયેશભાઈ વજાણી ,ધર્મેશ કનુભાઈ વાઘેલા, અશોક નાનજીભાઈ સારસા ,રાહીલ રફિકભાઈ ગોંધાવિયા ,ઈમરાન નૂર મામદભાઈ ગોંધવિયા ,ફિરોજ ઈસ્માઈલભાઈ સપ્પા અને હનીફ અનવરભાઈ ખીરા નામના શખ્સોને રૂ.૩૦ હજારની રોકડ સાથે ધરપકડ કરી છે. આ દરોડાની કામગીરી ભકિતનગર પીઆઈ એમ એમ સરવૈયા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે જે ગોહિલ, કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજા અને મયુર ધ્વજ સિંહ જાડેજા સહિતના સ્ટાફે બજાવી છે.

# શાપર વેરાવળમાં ચોંકાવનારી ઘટના : તરૂણી ગર્ભવતી બની

**આરોપી તરુણ વિરુધ્ધ પોકસો અને દુષ્કર્મ હેઠળની કાર્યવાહી કરી: એમ.પી.ના જાબવા જિલ્લામાંથી દબોચ્યો**

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં દિવસે અને દિવસે દુષ્કર્મના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે સાપરમાં રહેતી ૧૫ વર્ષની તરુણી ને લાલચારી ફેલાવી ને ૧૬ વર્ષનો તરુણ અપહરણ કરી લઈ ગયેલની સાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના ટીમને મધ્યપ્રદેશ થી આરોપી ની ધરપકડ કરી અને તરુણીને શોધી કાઢી હતી અને ભગાડી તરુણી નું મેડિકલ ચેકઅપ કરાવતા તરુણી ગર્ભવતી હોવાનું ચોંકાવનારો ખુલાસો થયો હતો આ અંગે મળતી માહિતી મુજબ સાપર વેરાવળ વિસ્તારમાંથી ૧૫ વર્ષે તરુણીને ૧૬ વર્ષ નો તરુણ અપહરણ થયેલ ની ફરિયાદ નોંધાતા રાજકોટ રેન્જ આઈ.જી.અશોકકુમાર યાદવ અને પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા શાપર વેરાવળ વિસ્તારમાંથી અપહરણ થયેલ તરુણીને શોધવા સૂચના આપી હતી આ અંગે ગોંડલ ડીવાયએસપી ઝાલા ના માર્ગદર્શન હેઠળ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પીઆઈ રાણા દ્વારા અપહરણ થયેલી તરુણી મધ્યપ્રદેશ ના જામવા જિલ્લામાં હોવાની માહિતી મળતા એક ટીમને મધ્યપ્રદેશ ખાતે મોકલી હતી અને મધ્યપ્રદેશના જામવા જિલ્લા ખાતેથી અપરણ થયેલ તરુણીને શોધી કાઢી અને અપરણ કરનાર આરોપી ને ધરપકડ કરી સાપર પોલીસ સ્ટેશન ખાતે લઈ આવેલ જેમાં તરુણીનું મેડિકલ ચેકઅપ કરાવતા તરુણી ગર્ભવતી હોવાનું ચોંકાવનારો ખુલાસો થયો હતો આ અંગે શાપર વેરાવળ પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ પોકસો અને દુષ્કર્મ હેઠળની ઉમેરો કરી તપાસની તજવીજ હાથ ધરી છે આ અંગે સાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પી.આઈ રાણા, એએસઆઈ કૃપાલસિંહ રાણા, પોલીસ હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ધાધલ ,જગદીશભાઈ ઝાલા દિનેશભાઈ ખાટરીયા લગધીરસિંહ જાડેજા અલ્પેશભાઈ ડામસીયા વિક્રમભાઈ વેકરીયા રાજદીપસિંહ જાડેજા રોકાયેલ હતા

**માતા પિતાએ ચેતવા જેવો કિસ્સો**

# મોરબીની બહેનપણીના પરીચીતે રાજકોટની સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યુ

**ઈન્સ્ટાગ્રામ મારફતે પરીચયમા આવેલી મોરબીની યુવતીએ તેના સંબંધી સાથે વાત કરાવી પ્રેમજાળમાં ફસાવી હવસનો શિકાર બનાવી**

**મળવાના બહાને બોલાવી મોરબી ઉઠાવી ગયા બહેનપણીના ભાઈએ રૂમમાં લઈ જઈ છેડછાડ કરી, મહિલા સહિત ચારની ધરપકડ**

**અબતક, રાજકોટ**

માતા પિતાએ ચેતવા જેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે તેમજ મોબાઈલ નો બિન જરૂરી ઉપયોગથી સમાજ વ્યવસ્થા ભાંગી રહી છે. શહેરમાં સગીરાને ઈન્સ્ટાગ્રામ મારફતે પરીચયમાં આવેલી બહેનપણીના પરીચીતે તેને પ્રેમજાળમાં ફસાવી મળવા બાલાવી અટલસરોવર પાસે એક ફલેટમાં લઈ જઈ મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ. બાદમાં તેના ઘર પાસેથી બહેનપણી એ મોરબી લઈ જતા તેના ભાઈએ મારી સાથે ફ્રેન્ડશીત રાખવી છે કહી બિભત્સ છેડછાડ કરી હોવાની સગીરાની માતાએ ફરીયાદ કરતા ભકિતનગર પોલીસે યુવતી સહીત ચાર સામે પોકસો સહીતનો ગુનો નોધી ચાર આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શહેરના કોઠારીયા રોડ પર રહેતા પરીવારની સગીર વયની પુત્રી તેના ઘેરથી બાજુની દુકાને વસ્તુ લેવા જવાનુ કહી નિકળ્યા બાદ પરત ઘેર નહી આવતા તેના પરીવારે તેની શોધખોળ કરી તપાસ કરતા સગીરાના ફોન પર ઈન્સ્ટાગ્રામ પર મોરબીથી સમીના બોલતી હોવાનુ અને તેની પુત્રી તેના ઘેર હોવાનુ જણાવતા પરીવારે મોરબી જઈ તેની પુત્રીને તેડીને ઘેર આવ્યા હતા.



બાદમાં સગીરાને તેની માતાએ સમજાવી પુછતા તેને એક વર્ષ પુર્વે ઈન્સ્ટાગ્રામ મારફતે મોરબી રહેતી સમીના નામની યુવતી સાથે પરીચય થયો હતો બાદમાં બન્ને ફોનમાં વાતચીત કરતા હતા અને બહેનપણી થતા સમીનાએ તેના પરીચીત સતીષ ગોહેલ સાથે અવારનવાર વાત કરાવતી હતી અને સતીષ પણ તેને ફોન કરી વાત કરતો હતો.બાદમાં બેસતા વર્ષમાં સમીનાએ ફોન કરી અમે રાજકોટ આવતા હોવાનુ જણાવ્યુ હતુ અને ઘર પાસે સતીષ અને સમીનાનો બોયફ્રેન્ડ ફૈઝાન તેને બાઈક પર તેડી ગયા હતા અને અટલ સરોવર પાસે લઈ ગયા હતા ત્યા સમીના અને તેનો બોયફ્રેન્ડ જતા રહેતા અમે એકલા બેઠા હતા તે સમયે સતીષ તે વિસ્તારમાં એક ફ્લેટએ લઈ ગયો હતો અને મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ. બાદમાં ત્રણેય મને રાત્રીના ઘેર મુકી ગયા હતા. દરમ્યાન મને સમીનાએ ફોન કરી સમીનાએ રાજકોટ આવતા હોવાની વાત કરી હતી જેથી સગીરા ઘર પાસે હતી તે સમયે બહેનપણી અને તેનો બોયફ્રેન્ડ બાઈકમાં આવી તેને મોરબી લઈ ગયા હતા. જયા તે સમીનાના ઘેર રોકાઈ હતી સમીનાએ તેના ભાઈ આફતાબનુ ઈન્સ્ટાગ્રામ નંબર આપી તેની સાથે વાત કરાવી તેની સાથે ફ્રેન્ડસીપ રાખવાનુ કહ્યુ હતુ. અને આફતાબને ઘેર બોલાવ્યો હતો જેથી તેને રૂમમાં લઈ જઈ બિભત્સ છેડછાડ કરી હોવાનુ સગીરાએ માતા પાસે રટણ કરતા સગીરાની માતાએ ફરીયાદ કરતા પીઆઈ સરવૈયા સહીતે ગુનો નોધી સમીના મહેબુબશા શાહમદાર, ફૈજાન અકબર ચાનીયા, સતીષ વિજય ગોહેલ અને આફતાબ રફીક જુણેજાની ધરપકડ કરી હતી.

# માત્ર ૮૦ દિવસમાં કેસ ચલાવીને પત્નીનું સારવાર ખર્ચ - ભરણપોષણ ચુકવવા આદેશ

**ગંભીર બિમારીના સંજોગોમાં દુઃખ ત્રાસ આપીને સગીર પુત્રી સહિત તરછોડી દેવાના મ્યુનિસિપલ કોર્ટમાં દાદ માંગી તી**

**અબતક, રાજકોટ**

અમદાવાદ ખાતે સાડા સાત વર્ષના લગ્નજીવન બાદ પત્નીને ગંભીર બિમારીના સંજોગોમાં દુઃખ ત્રાસ આપીને સગીર પુત્રી સહિત તરછોડી દેવાના ઘરેલું હિંસાનો કેસ રાજકોટ મ્યુનિસિપલ કોર્ટે માત્ર ૮૦ દિવસમાં ચલાવીને પતિને પત્નીનું સારવાર ખર્ચ તેમજ ભરણપોષણ ચુકવવા આદેશ કર્યો છે. આ કેસની હકીકત એવી છે કે, રાજકોટના અરજદાર મનીષાબેન વારૈયાના લગ્ન ૨૦૧૭ની સાલમાં અમદાવાદ સ્થિત દરજીકામના ધંધાર્થી અશોકભાઈ સુરેલા સાથે થયા હતા. આ લગ્ન થકી પુત્રી પ્રાર્થનાનો જન્મ થયેલ. ત્યારબાદ સમયાંતરે સસરાપક્ષના લોકો દ્વારા અરજદારને શારીરીક, માનસીક, આર્થિક અને સામાજીક ત્રાસતાપનો ભોગ બનવું પડેલ હોવા છતાં અરજદાર દ્વારા તમામ ત્રાસતાપ મુંગા મોઢે સહન કરી લીધેલ. દરમિયાન હૃદય પાસે ગાંઠ હોવાનું તબીબી નિદાન થયા બાદ અરજદારની સારવારનો ખર્ચ ન ઉઠાવવો પડે તેથી તેમને મારકુટ કરીને પહેરેલ કપડે ઘરમાંથી સાસરીયાઓ દ્વારા કાઢી મુકવામાં આવ્યા હતા.જેથી અરજદાર દ્વારા પિયરે આવીને પોતાના હૃદયની ખામી ઉપરાંત આંખોની તકલીફોનો સામનો કરતા કરતા રાજકોટ મ્યુનિસિપલ કોર્ટમાં ઘરેલું હિંસા અન્વયેની કલમો લાગુ કરીને અરજી દાખલ કરી હતી. જેમાં અરજદારો વતી એડવોકેટ વિપુલ સોંદરવાએ કોર્ટમાં અરજદારોની વાસ્તવિક પરિસ્થિતિથી માહિતગાર કરીને ખરી હકીકતો કોર્ટ સામે લાવીને અરજદારો વતી મુદ્દાસર રજૂઆત કરતા મ્યુનિસિપલ કોર્ટે ફકત ૮૦ દિવસના ટુંકા ગાળામાં કેસ ચલાવીને અરજદારોને માસીક ભરણપોષણ ઉપરાંત તેમની તબીબી સારવારની તમામ રકમ સામાવાળા પતિ દ્વારા ચુકવવાનો હુકમ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવ્યો છે.આ કામમાં અરજદારો વતી એડવોકેટ વિપુલ આર. સોંદરવા, સોનલ એમ. સોંદરવા, અજીત પરમાર તથા રીતુ કે. ઠુંમર રોકાયા છે.

# સણોસરામાં આઠ વર્ષની બાળકી રમતા રમતા છત પરથી પડી જતા મોત

## જીવરાજ પાર્ક રીયલ ક્લાસિકમાં ત્રીજા માળેથી પટકાતા યુવાનનું મોત

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં અને અકસ્માતે મોતના બનાવો દિવસે અને દિવસે વધી રહ્યા છે પ્રથમ બનાવમાં સણોસરા ગામની ૮ વર્ષીય પુત્રી ઘરે રમતા રમતા પડી જતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા બાળા એ દમ તોડ્યો હતો બીજા બનાવ માં જીવરાજ પાર્ક રીયલ ક્લાસિક સાઈટ પર કામ કરતો યુવાન કામ ત્રીજા માળે થી પડી જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા યુવાને દમ તોડ્યો હતો અને બંને મૃત્યુદેહ પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા આ અંગે પ્રથમ બનાવમાં રાજકોટ તાલુકાના સણોસરા ગામે રહેતી ફલકબેન મુસ્તફાભાઈ સરોસાયા ઉંમર વર્ષ ૮ વર્ષીય બાળકી પોતાના ઘરે છત પર રમતા રમતા પડી જતા પ્રથમ કુવાડવા ગિરિરાજ હોસ્પિટલમાં અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા ફલકે દમ તોડતા પરિવાર માં માતમ છવાયો હતો આ અંગે બીજા બનાવમાં જીવરાજ પાર્ક રીયલ ક્લાસિક ની સાઈટ ઉપર કામ કરતો બિગરાજ મહેન્દ્ર છગિયા ઉંમર વર્ષ ૩૪ વર્ષે યુવાન રમેશભાઈની બાંધકામ સાહેબ ઉપર ગઈકાલે સાંજે ૭:૦૦ વાગે આસપાસ હતો ત્યારે ત્રીજા માળેથી પડી જતા હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા બિગરાજને તબીબે મૃત જાહેર કર્યો હતો મૃતક યુવાન મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી.

# સાધુવાસવાણી રોડ ઉપર ગુરુજીનગર આવાસ યોજનામા દારૂની કુટેવે પિતાનો ભોગ લેવાયો

## લીવર ફેઈલ થતા પુત્રએ સારવાર કરાવી પિતાએ દારૂની આદત ન છોડી : સાપરાધ મનુષ્યવધ હેઠળ કાર્યવાહી

**અબતક રાજકોટ**


રાજકોટ શહેરમાં એક પૂત્રએ પોતાના પિતાને દારૂ પિતાની ટેવને કારણે ગંભીર રીતે માર માર્યો હતો, જેના કારણે પિતાનું કરૂણ મોત નીપજ્યું છે,આ હત્યા નહીં પોલીસે આરોપી સામે સાપરાધ મનુષ્યવધ દાખલ કરીને ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.વધુ વિગત મુજબ શહેરના સાધુવાસવાણી રોડ ઉપર ગુરુજીનગર આવાસ યોજના ક્વાર્ટરમાં દારૂ પીવાની ટેવ ધરાવતા ૫૩ વર્ષીય કલ્પેશભાઈને પુત્ર ઋષભ સાથે ઝઘડો થયો અને બાદમાં ઉશ્કેરાયેલા પુત્રે પિતાને મુક્કા અને લાફા મારતા તેનું મૃત્યુ નીપજ્યું હતુ.દારૂ પીવાની ટેવને કારણે માતા અને પુત્ર પિતાથી અલગ રહેતા હતા. જોકે પિતાનું લીવર ફેઈલ થઈ જતા પુત્રએ તેમની સારવાર કરાવી હતી અને દરરોજ જમવાનું ટિફિન પણ આપી જતો હતો. જે બાદ પણ પિતાએ પોતાની દારૂની આદત ન છોડતા પુત્ર સાથે ગાળાગાળી કરતા પુત્રના હાથે પિતાનું મૃત્યુ નીપજ્યુ હતું.

આ ઘટનામાં એક પણ હથિયારનો ઉપયોગ થયો ન હતો હત્યા કરવાનો ઈરાદો પણ ન હોવાથી યુનિવર્સિટી પોલીસે પુત્ર ઋષભ સામે સાપરાધ મનુષ્યવધનો ગૂનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.શહેરના એરપોર્ટ રોડ ઉપર મારુતિ નગર શેરી નંબર - ૩ માં રહેતા અને PGVCL માં લાઈન મેન તરીકે નોકરી કરતા હિતેષભાઈ વ્યાસે યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, અમે ત્રણ ભાઈઓ અને એક બહેન છીએ. જેમા સૌથી મોટો હુ અને મારાથી નાના કલ્પેશભાઈ હતાં. જે ગુરૂજીનગર આવાસ યોજનાના કવાર્ટરમા રહેતા હતાં. તેમના લગ્ન કૈલાસબેન સાથે આર્યસમાજમા થયા હતા અને તેઓને સંતાનમા એક દીકરો ૨૫ વર્ષનો રૂષભ છે. મારા ભાઈ કલ્પેશભાઈ પ્રાઈવેટ નોકરી કરતા હતા તેને કૈલાસબેન સાથે નહી બનતા આશરે ૧૪ વર્ષથી છુટાછેડા લઈ લીધા હતા. કૈલાશબેન અને રૂષભ બંન્ને લક્ષ્મીનગરમા સાથે રહે છે અને રૂષભ પણ ખાનગી નોકરી કરે છે.તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા નાનાભાઈ કલ્પેશભાઈને ઘણા વર્ષોથી દારૂ પીવાની આદત હતી અને તેના કારણે તેનુ લીવર ફેઈલ થઈ ગયુ હતું. મારા ભત્રીજા રૂષભને તેઓની આ આદતના કારણે તેઓની સાથે અવારનવાર ઝઘડાઓ પણ થતા હતાં. દોઢ મહિના પહેલા કલ્પેશભાઈને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે તેની સેવા ચાકરી રૂષભે કરી હતી.

# ખેડૂતોને સહાયરૂપ થવા સરકાર પૂરી સંવેદનાથી કાર્યરત :મુખ્યમંત્રી

## કમોસમી વરસાદથી પાકને થયેલા નુકસાન સામે ટૂંક સમયમાં રાજ્ય સરકાર રાહત સહાય પેકેજ જાહેર કરશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જાહેરાત

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ દ્વારા આપી ખાતરી



**અબતક, રાજકોટ**

રાજ્યના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા કમોસમી વરસાદે ખેડૂતોને મોટું આર્થિક ઝાટકો આપ્યો છે. ખેતરોમાં ઉભેલા ડાંગર, કપાસ, મગફળી અને તલ જેવા મુખ્ય પાકને ભારે નુકસાન થવાથી ગ્રામ્ય વિસ્તારમાં ચિંતા વ્યાપી ગઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી અને રાજ્ય સરકાર ખેડૂતોની બાજુએ સંવેદનાથી ઉભી છે તેવો સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. મુખ્યમંત્રીએ તાકીદે તમામ જિલ્લા તંત્રને સર્વે હાથ ધરવા અને ઝડપથી સહાયની પ્રક્રિયા શરૂ કરવા માટે દિશાનિર્દેશ આપ્યા છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, આ વખતે કુદરતના અણધાર્યા પલટાથી ખેડૂતોને ભારે નુકસાન થયું છે, પરંતુ ધરતીપુત્રોને એકલા ન છોડીએ રાજ્ય સરકાર તેમની સાથે ખભે ખભા મિલાવીને ઉભી છે. પાકનું મૂલ્યાંકન પૂરુ થતાં જ રાહત સહાય પેકેજ જાહેર કરવામાં આવશે.

### મુખ્યમંત્રી સૌરાષ્ટ્રના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તાજેતરના કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાની સ્થિતિના નિરીક્ષણ માટે આજે બપોર બાદ આ જિલ્લાઓના ગામોની મુલાકાત લેશે. મુખ્યમંત્રી ખેડૂતો પર આવી પડેલી આ કુદરતી વિપદામાં તેમની પડખે ઊભા રહેવાની સંપૂર્ણ સંવેદનશીલતા સાથે ગીર સોમનાથના કોડીનાર તાલુકાના કડવાસણ અને જુનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના પાણીદ્રા ગામોના અસરગ્રસ્ત ખેડૂતો સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને સ્થળ પરની સ્થિતિની સમીક્ષા કરશે. મુખ્યમંત્રી સાથે ગીર સોમનાથના કડવાસણ ગામની મુલાકાતમાં મંત્રી સર્વ અર્જુનભાઈ મોઢવાડિયા અને ડો. પ્રદ્યુમનભાઈ વાજા તથા જુનાગઢના પાણીદ્રા ગામની મુલાકાતમાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયા પણ જોડાશે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુરત અને નવસારી જિલ્લામાં પહોંચ્યા હતા, જ્યાં તેઓ પોતે ખેતરોમાં જઈ પાકની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. ખેડૂતો સાથે સીધી વાતચીત કરીને તેમણે નુકસાનની વાસ્તવિક સ્થિતિ જાણી હતી.તંત્રના સર્વે મુજબ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં કમોસમી વરસાદના કારણે હજારો હેક્ટર વિસ્તારના પાકને અસર થઈ છે. અનેક ખેડૂતોના ઘાસચારા પણ બગડ્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને જણાવ્યું કે,હું સતત મંત્રીઓ તથા અધિકારીઓ સાથે સંપર્કમાં છું. રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી કાર્યરત છે અને ટૂંક સમયમાં પાક નુકસાન સામે રાહત સહાય પેકેજ જાહેર કરશે.

સરકારની આ સંવેદનશીલ દૃષ્ટિ અને તાત્કાલિક પગલાંથી ખેડૂતોમાં આશાનો કિરણ જોવા મળી રહ્યો છે. તંત્રે દરેક તાલુકા સ્તરે ટીમો મોકલી દીધી છે જેથી એકપણ ખેડૂત સહાયથી વંચિત ન રહે.

આ બેઠક બાદ રાજ્યના કૃષિ વિભાગે પણ તમામ જિલ્લા કૃષિ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે ખેડૂતોની અરજી વિના

(અનુ. આઠમા પાને)

સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની ધડકન
અબતક સાંધ્ય દૈનિકને અનેકાનેક શુભેચ્છાઓ
દેકિવાડિયા હોસ્પીટલ સંચાલીત
ગુજરાત વાસ્ક્યુલર સેન્ટર
ડો.ડી.બી.દેકિવાડિયા
MB, MS, M.Ch- CVTS, FIACS
ડો .તેજસ કરંગીયા
MBBS, DNB (Surgery),
DNB (Peripheral Vascular Surgery)
ડો .હર્ષાબેન દેકિવાડિયા
MBBS, DA, C.An.
DEKIWADIA HOSPITAL
GVC
વધુ માહિતી માટે
ડો. તુષાર શિંગાળા ૯૨૨૮૨ ૬૧૦૪૨
ડો. દિલીપ વઘાસીયા ૯૬૩૮૩ ૮૩૭૨૧
અપોઈન્ટમેન્ટ લેવાનો સમય
સવારે ૮:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી
૦૨૮૧ - ૨૨૨૬૨૮૮ | ૭૦૪૧૮ ૮૬૧૧૧
બિઝનસ સેન્ટર, કેનાલ રોડ, રાજકોટ gujaratvascularcenter.com

# લાભાર્થીઓના હિતમાં વાજબી ભાવના દુકાનદારોનો હકારાત્મક અભિગમ વધારાના ચલણ જનરેટ કરવાની પ્રક્રિયા શરૂ

## સુરત, આણંદ, વડોદરા અને રાજકોટ સહિતના જિલ્લાઓમાં દુકાનદારો દ્વારા નવેમ્બર માસના વિતરણની કામગીરી તેજ ગતિએ : સરકારે ૨૦ માંથી ૧૧ માંગણીઓ સ્વીકારીને હકારાત્મક નિર્ણય લીધો

**અબતક, રાજકોટ**

રાજ્યના સુરત, આણંદ, વડોદરા, રાજકોટ સહિતના જિલ્લાઓમાં વાજબી ભાવની દુકાનદારો દ્વારા લાભાર્થીઓના હિતમાં વધારાના ચલણ જનરેટ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તાજેતરમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ ખાતે વાજબી ભાવની દુકાનના એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠક બાદ આ હકારાત્મક પગલાં શરૂ થયા છે.આ બેઠકમાં એસોસિએશનની કુલ ૨૦ માંગણીઓમાંથી ૧૧ મુદ્દાઓ અંગે વિભાગ દ્વારા હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો હતો અને સંબંધિત કચેરીઓ તેમજ જિલ્લા પુરવઠા તંત્રને સૂચના આપવામાં આવી હતી.

નવેમ્બર માસ માટેના વિતરણની તૈયારીઓ અંતર્ગત મોટાભાગના સસ્તા અનાજના દુકાનદારોએ ચલણ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. આથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ NFSA યોજનાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુ સઘન બનાવી, લાભાર્થીઓ તેમજ દુકાનદારો બંનેના હિતમાં પગલાં લીધા છે.

તાજેતરના કમોસમી વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના ૩.૫ કરોડ જેટલા NFSA લાભાર્થીઓના હિતને સુરક્ષિત રાખવા તાત્કાલિક વિતરણ કામગીરી હાથ ધરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.તેના અનુસંધાને અનેક જિલ્લાઓમાં વાજબી ભાવની દુકાનદારો દ્વારા વધારાના ચલણ જનરેટ કરાઈ રહ્યા છે. રાજકોટ જિલ્લાના જામકંડોરણા સહિતના વિસ્તારોમાં તો લાભાર્થીઓને ઘઉં અને ચોખાનું વિતરણ પણ સુપેરે શરૂ થઈ ગયું છે, અને આવતીકાલથી રાજ્યભરમાં વિતરણ રાબેતા મુજબ ચાલુ થશે, એમ રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા નિગમ જણાવાયું છે.ઉપરાંત, પુરવઠા વિભાગે વિતરણ વ્યવસ્થાની પારદર્શિતા જળવાઈ રહે તે માટે જિલ્લાવાર મોનિટરિંગ સેલ બનાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે. આ સેલ દ્વારા દૈનિક ધોરણે વિતરણની સ્થિતિનું મૂલ્યાંકન કરી મુખ્યાલયને અહેવાલ મોકલવામાં આવશે.રાજ્ય સરકારના આ સમયસર અને હકારાત્મક પગલાંથી લાભાર્થીઓ તેમજ વાજબી ભાવના દુકાનદારો બંનેમાં સંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે. કુદરતી આપત્તિ વચ્ચે પણ રાજ્ય સરકાર લોકોના હિતમાં સતત કાર્યરત છે, જે સરકારના સંવેદનશીલ વલણનું પ્રતિબિંબ છે.જેના અનુસંધાને રાજયના સુરત, આણંદ, વડોદરા, રાજકોટ વગેરે જેવા જિલ્લાઓમાં વાજબી ભાવના દુકાનદારો દ્વારા હકારાત્મક અભિગમ દાખવી લાભાર્થીના હિતાર્થે વધારાના ચલણ જનરેટ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવેલ છે. વધુમાં રાજકોટના જામકંડોરણા જેવા ઘણા વાજબી ભાવના દુકાનદારો દ્વારા લાભાર્થીઓને વિતરણની કામગીરી પણ સુપેરે શરૂ કરી દેવામાં આવેલ છે. વધુમાં આવતીકાલથી ઘઉં અને ચોખાનુ વિતરણ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)

૭.૮૫% થી
કાર લોન
• પ્રિ-ક્લોઝર/પાર્ટ પેમેન્ટ ચાર્જ નહીં
• લોનની સમયગાળો મહત્તમ ૭ વર્ષ
ફિક્સ વ્યાજદર
• ૧૦૦% સુધી ધિરાણ સુવિધા • EV કાર માટે વિશેષ ઓફર
• ડૉક્ટર, CA, CS, સરકારી કર્મચારીને વિશેષ લાભ
સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક સહકારથી સમૃદ્ધિ

અબતક સાંધ્ય દૈનિકને જન્મદિવસની શુભકામના

શ્રી રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિમીટેડ
'સહકાર', ગોંડલ રોડ, બોમ્બે પેટ્રોલ પંપ પાસે, રાજકોટ-૩૬૦૦૦૨
ફોન : ૨૨૨૮૪૧૪-૨૨૨૮૧૭૫-૨૨૨૩૪૨૮
આંકડાકીય વિગત : સને ૨૦૨૪-૨૦૨૫


| | |
|---|---|
| રજી. નં.૧૫૬૨ તા : ૪/૨/૧૯૫૭ | અનામત ભંડોળ : રૂા.૬૭,૭૭,૨૪,૦૦૦/- |
| શેર ભંડોળ : રૂા.૧૯,૬૩,૧૩૦/- | રોકાણ :- રૂા.૨,૯૮,૩૫,૫૩,૨૩૪/- |
| અન્ય ફંડો : રૂા.૨,૨૯,૧૩,૨૮,૮૮૮/- | ડીવીડન્ડ : ૧૫ % |
| સભાસદ સંખ્યા : મંડળી-૬૧ વ્યક્તિ -૭ | ઓડીટ વર્ગ : "અ" (૨૦૨૩-૨૦૨૪) |
| ચોખ્ખો નફો : રૂા.૨૨,૩૧,૯૧,૫૫૧/- | કાર્યક્ષેત્ર - રાજકોટ અને લોધીકા તાલુકો |

રાસાયણીક ખાતરો, સહકાર બ્રાંડ શુધ્ધ સીંગતેલ અને આની ભુકીનું જથ્થા બંધ અને છુટક વેચાણ ફકત સંઘનાં પોતાના ડેપો પરથી કરે છે. ખેડુતોની ખેત પેદાશના સંગ્રહ,વેચાણ, પ્રોસેસીંગ અને ખાદ્યતેલ રીફાઈનીંગ કામગીરી કસ્તુરબાધામ(ત્રંબા) ગામ ખાતે કરે છે. કુલ ૨૧ એકર જમીન પર ઓઈલ મીલ, ખાદ્યતેલ રીફાઈનરી, ગોડાઉનો, તેલ સ્ટોરેજ ટેન્કસ, ખાદ્યતેલ-તેલીબીયાના પ્રથક્કરણ માટે અદ્યતન લેબોરેટરી, ખાદ્યતેલોની પેકીંગ મશીનરી, ઈલે. કોમ્પ. વેબ્રીજ વિગેરે ધરાવે છે. સંઘની સભાસદ મંડળીઓના ખેડુત ખાતેદારોને રૂા.૮,૦૦,૦૦૦-૦૦ નો અકસ્માત વિમો ઉતરાવી આપેલ છે. ગંભીર બિમારીમાં રૂા.૨૫,૦૦૦-૦૦ ની મર્યાદા અને ડ્રીપ ઈરીગેશન સીસ્ટમમાં રૂા.૨૦,૦૦૦-૦૦ ની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવે છે.
નરેન્દ્રસિંહ એ. જાડેજા
પ્રમુખ

With best Compliment To ABTAK
RKM
BELIEVE BECOME
MANAGED BY RAJKOT KELAVANI MANDAL
Shri Sadgurudev Shri Ranchhoddasji Bapu Mahila Home Science College
Lt. Meenaben Jayantilal Kundaliya English Medium Mahila Commerce College - B.B.A
Chaudhary High School Campus, Kasturba Road, Opp. Jain Derasar, Rajkot. Pin Code: 360001, Gujarat State, India.
Ph.: 0281-2448315, Fax No. 0281-2440639. Website: sdr-mjk.org E-mail: sadgurumjk@yahoo.in

WITH BEST COMPLIMENT TO
અબતક
JP STRUCTURES PVT. LTD.
An ISO 9001: 2008 Company

301. Race Course Plaza, Race Course Ring Road, Rajkot-360 001. (INDIA).
Web: www.jpstructures.in | E-mail: jp@jpstructures.in

એક છત્ર નીચે આરોગ્ય સંબંધિત સર્વ સુવિધા
વેદાંત મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ "Excellence in Emergencies"

દિવસ હોય કે રાત વેદાંતમાં મળશે સમયસર સચોટ સારવાર
24x7 આરોગ્ય હેલ્પલાઇન નંબર 72020 74646
CONSULTATION - HEALTH CHECK UP - EMERGENCY - DIAGNOSTICS
ક્રિટિકલ કેરમાં સર્વોચ્ચ I.C.U. એટલે વેદાંત

લેવલ ૩ - આઈ.સી. યુ. | સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. | એક્સ-રે | સોનોગ્રાફી 2D ઇકો કલર ડોપ્લર | ૨૪x૭ રેડિયોલોજી
કેશલેશની સુવિધા પેથોલોજીકલ લેબોરેટરી | ડાયાલીસીસ વિભાગ મોડ્યુલર ઓપરેશન થિયેટર
લેપ્રોસ્કોપી | એન્ડોસ્કોપી દર્દીઓ માટે આરોગ્ય વર્ધક નિઃશુલ્ક ભોજન | જરૂરિયાતમંદ દર્દીઓને રાહત દરે સારવાર

સરકારી યોજનાઓ અંતર્ગત ઓર્થોપેડિક તથા જનરલ સર્જરી વિભાગમાં મફત સારવાર ઉપલબ્ધ છે
ICU ON WHEELS
૨૪/૭ સારવાર ઉપલબ્ધ
25થી વધુ કંપનીઓના કેશલેસ વીમા ઉપલબ્ધ
મોટી ટાંકી ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ vedanthospitalrajkot@gmail.com www.vedanthospitalrajkot.in